૭

# આરાધના અને આરાધકભાવ

પં. ચન્દ્રશેખરવિજયજી

કમલ પ્રકાશન ટ્રસ્ટ ૨૫૩

નવસારી તપોવન સંસ્કારધામમાં જ્વલંત સફળતા મળતાં જૂન '૯૪થી શરૂ થતું ક્રાન્તિકારી પરિવર્તન સાથેનું સાબરમતી પાસે (૫ કિ.મી.)

જીવન જાગૃતિ ટ્રસ્ટ સંચાલિત

## તપોવન – સંસ્કારપીઠ

ગામ અમીયાપુર, પોસ્ટ-સુઘડ, વાયા ચાંદખેડા,
તા. જી. ગાંધીનગર, પિન. ૩૮૨ ૪૨૫

સાબરમતીથી પાંચ કિલોમીટરે ગાંધીનગર જવાના હાઈવે રોડ ઉપર આ તપોવન થઈ રહ્યું છે. આ તપોવનમાં બાળકોની બધાં ક્ષેત્રમાં ગુણવત્તા વધારવાનો અમારો સંકલ્પ છે. નવસારી તપોવનની ઉપર્યુક્ત સઘળી બાબતો ગાંધીનગર તપોવનમાં આમે જ થશે તદુપરાંત કોમ્પ્યુટર કોર્સ, ટેક્નોલોજી, એકાઉન્ટન્સી વગેરે વિષયો પણ ઉમેરાશે, જેથી બાળકોને કોલેજમાં દાખલ થવાની જરૂર રહેશે નહિ. તપોવનની ખાસ ડિગ્રી તેનો વિકાસ કરશે.

એવો એક મોટો કાર્યકરગણ તૈયાર કરાશે કે જે રાષ્ટ્ર, ધર્મ અને સંસ્કૃતિના વિવિધ સ્તરોના ચાવી રૂપ સ્થાને બેસીને તેમના પાયા સુદૃઢ કરશે.

વહાલા બંધુઓ અને બહેનો! આ ધરતી ઉપર મંડાનારા આ તપોવન-યજ્ઞને તમારા હૃદયમાં સ્થાન આપો. તમે માત્ર આર્થિક ઔદાર્ય દાખવો. બાકીનું બધું અમે સંભાળી લઈશું. અમો લોહી-પાણી એક કરીશું. પૂજ્યપાદ ગુરુદેવોના અમને ખૂબ ખૂબ આશિષ છે. એટલે સફળતા મળવા સંબંધમાં અમને કોઈ શંકા નથી.

માત્ર આરાધનાથી મોક્ષ ન મળે; મોક્ષ તો
આરાધકભાવયુક્ત આરાધનાથી જ મળે.....
[illegible] એ આરાધકભાવો છે ?
તેને જણાવતી પુસ્તિકા

# આરાધના
# અને
# આરાધકભાવ

પં. શ્રીચન્દ્રશેખરવિજયજી

[ ૨૫૩ ]

કમલ પ્રકાશન ટ્રસ્ટ

સ્વસ્તિક ગ્રન્થમાળા : પુષ્પ બીજું

પ્રકાશક :
કમલ પ્રકાશન ટ્રસ્ટ
જીવતલાલ પ્રતાપશી સંસ્કૃતિ ભવન,
૨૭૭૭, નિશાપોળ, રિલીફરોડ, અમદાવાદ-૧
ફોન : ૩૫૫૮૨૩/૩૫૬૦૩૩

લેખક-પરિચય
સિદ્ધાન્તમહોદધિ સચ્ચારિત્રચૂડામણિ
સ્વ. પૂજ્યપાદ આ. ભગવંત શ્રીમદ્વિજય
પ્રેમસૂરીશ્વરજી મહારાજા સાહેબના વિનેય
પં.ચન્દ્રશેખરવિજયજી

પ્રથમ સંસ્કરણ : નકલ ૩૦૦૦
દ્વિતીય સંસ્કરણ : નકલ ૩૦૦૦
તા. ૫/૫/૧૯૯૪
વિ.સં. ૨૦૫૦

મૂલ્ય : રૂ. સાત

લેસર ટાઈપસેટ :
શાઈન આર્ટ કોમ્પ્યુગ્રાફીક્સ
ડી-૨, ઋષભદેવ એપાર્ટમેન્ટ,
રાજનગર, પાલડી,
અમદાવાદ-૭, ફોન.નં.૪૩૯૨૩૨

# પ્રકાશકીય

સ્વસ્તિક ગ્રંથમાળાના અન્વયે પૂજ્યપાદ પં. ચન્દ્રશેખરવિજયજીની નાનકડી પુસ્તિકાઓની આ શ્રેણિને અમે પ્રગટ કરી રહ્યા છીએ. આજ સુધીમાં અમે પૂજ્યપાદશ્રીજીનાં એકસો એંસી પુસ્તકો પ્રગટ કર્યાં. ટૂંક સમયમાં જ અમે તેઓશ્રીનાં પુસ્તકોના બસોનો આંક આંબી જઈશું. જેઓ એક હજાર રૂ.નું દાન કરશે તેમને અમે કાયમ માટે ઘેર બેઠાં પ્રાપ્ય પુસ્તકો ભેટ મોકલશું. તેમનું નામ ગ્રંથમાળાના [શ્રેણીબદ્ધ પુસ્તકો સિવાયનાં] તમામ પુસ્તકોમાં પ્રગટ કરશું. આ યોજનાનો આપ સહુ લાભ લેશો એવી અમે આકાંક્ષા રાખીએ છીએ.

લિ.

**કમલ પ્રકાશન ટ્રસ્ટ**

જી. પ્ર. સંસ્કૃતિભવન
૨૭૭૭, નિશાપોળ,
રિલીફરોડ, અમદાવાદ-૧
ગુજરાત.

## અનુક્રમ


| અનુ. | | નંબર |
| --- | --- | --- |
| ૧. | સવાલ : આપણને દુઃખમુક્ત કોણ કરે ? | ૧ |
| ૨. | આરાધનાથી દુઃખમુક્તિ : આરાધકભાવથી દોષમુક્તિ | ૯ |
| ૩. | વિરાધકભાવ અને આરાધકભાવનું સ્વરૂપ | ૩૭ |
| ૪. | **પહેલો આરાધકભાવ :** ભગવાન વહાલા લાગે | ૪૯ |
| ૫. | **બીજો આરાધકભાવ :** ભગવાનના વહાલાઓ વહાલા લાગે | ૬૬ |
| ૬. | **ત્રીજો આરાધકભાવ :** ભગવાનની વહાલી(શુદ્ધિ) વહાલી લાગે | ૮૬ |

# નવી પેઢીને બચાવો : તપોવનોથી કે પાઠશાળાઓથી

મને લાગે છે કે એવી ખોટી શેખી મારવાનું આપણે બંધ કરી દેવું જોઈએ કે, ભાવી ભવ્ય આવી રહ્યું છે, ધર્મનાશ થવાનો જ નથી. અરે ! બેચાર વર્ષમાં જ જૈનધર્મનો અભ્યુદય થઈ જવાનો છે. શ્રીકૃષ્ણનો જન્મ થવાની તૈયારી છે - વગેરે.

જો વર્તમાન તરફ જ નજર કરવાની હોય તો જૈનધર્મના સંચાલક જૈનસંઘના ચારેય વિભાગોની પરિસ્થિતિ, આર્યસંસ્કૃતિની પરિસ્થિતિ બધી ભયજનક સપાટીઓ વટાવી ચૂકી છે. તબેલામાંથી ઘોડો ક્યારનો બહાર દોડી ગયો છે.

જ્યારે શ્રમણસંસ્થા જ નવા જમાનાના ઝેરી પવનની જીવલેણ અસરોનો ઝપાટાબંધ ભોગ બનવા લાગી હોય ત્યારે સંસારી ગૃહસ્થોની હાલત કેવી હોય ? તેમાંય ઊગતી નવી પેઢીની દશા તો કેટલી હદે ચિંતાજનક બની ગઈ હોય ?

આ સમય મૂલ્યોના હ્રાસનો છે; સભ્યતાઓના દેવાળાનો છે; મર્યાદાઓના મહાપાતનો છે.

છતાં માણસ જો ધારે તો બધું સુલટાવી શકાય તેમ છે. જે જૈન સદ્‌ગૃહસ્થો આ પરિસ્થિતિથી બેચેન હોય; જેમની નીંદ હરામ થઈ ગઈ હોય; જેમની આંખે અવારનવાર આંસુ ધસી આવતાં હોય; જેમને ખાતાં ડચૂરો વળતો હોય તેમણે - થોડાકમાં ય થોડાક - એકઠા થવું જોઈએ. એવા પ્રકારના મુનિઓને મળી આ વિષયમાં ગંભીરપણે વિચારણા કરવી જોઈએ.

મને પૂછો તો સ્થિતિને સુલટાવવાના બે જ રસ્તા છે :

(૧) ઠેર ઠેર શાસ્ત્રનીતિનાં અને ચુસ્ત હિમાયતી, શ્રમણોપાસકોના શાસનવાળાં અને ગીતાર્થ શ્રમણોનાં ઉચિત માર્ગદર્શનવાળાં તપોવન સંસ્કારધામો ઊભાં થવાં જોઈએ. કેટલાંક બાળકો માટેનાં; કેટલાંક બાલિકાઓ માટેનાં.

તપોવનમાં અનિવાર્ય અનિષ્ટ તરીકે ભલે વ્યાવહારિક શિક્ષણ દાખલ કરવું પડે, પરંતુ તેના દ્વારા બાળકોને આકર્ષી તેમનું જીવન રાષ્ટ્રની દાઝથી ભરપૂર, માનવતાનાં મૂલ્યોથી ભરપૂર, સંસ્કૃતિરક્ષાની આગથી ભરપૂર અને ધર્મચુસ્તતાની -મગજની રાઈથી ભરપૂર બનાવવું જોઈએ. આ માટે જિનેશ્વરદેવોની સ્વદ્રવ્યથી અષ્ટપ્રકારી પૂજા, સામાયિક, ગાથાપાઠ, જૈન તત્ત્વજ્ઞાનની વાચનાઓ દૈનિક કાર્યક્રમોમાં અવશ્યપણે હોવાં જોઈએ. જો આ બધું કોઈ કારણસર બંધ કરવાની - મરજિયાત કરવાની ફરજ પડે તો તપોવનને સદાને માટે તાળાં મારી દેવાં જોઈએ.

ભારતમાં આવાં પચાસ તપોવનો થાય તો જૈનસંઘની નવી પેઢીની જબરી કાયાપલટ થઈ જાય.

# તમારાં વહાલાં બાળકોને છેવટે ત્રણ વર્ષ માટે તો 'તપોવન'માં મૂકો જ

## દર જૂન માસથી શરૂ થતું સત્ર

ચારે બાજુ વિકૃતિના વાયરા વીંઝાઈ રહ્યા છે. ખૂબ જ નાની-દસથી ચૌદ વર્ષની વયથી જ બાળકોમાં ખરાબ સંસ્કારો પડવા લાગ્યા છે. 'ગંદું' કહેવાય તે બધું તેમના જીવનમાં પેસવા લાગ્યું છે. સમાજ તરફ સૂક્ષ્મ નજર કરતાં આ અતિ કડવું દર્શન કોઈ પણ સંસ્કૃતિપ્રેમીને થશે અને તે તીખી ચીસ પાડી દેશે. સંસારરસી જીવોની વહાલામાં વહાલી ચીજ તેમનાં સંતાનો ગણાય. જો તેમનું જ જીવનગુલાબ ખીલ્યું ન ખીલ્યું ત્યાં જ કરમાવા લાગે; તેમાં દોષોના કીડા પડવા લાગે અને એકાએક કરમાઈ જાય તો એ માબાપોએ ક્યાં જવું ? ક્યાં રોવું ? શું આપઘાત કરી નાખવો?

પોતાના ઘરમાં કે ગમે તેવાં બૉર્ડિંગ વગેરેમાં રાખીને બાળકોને શિક્ષણ આપી શકાશે, પરંતુ સંસ્કારો તો નહિ જ આપી શકાય. ઘરમાં માબાપો જ ટી.વી. વગેરેથી સમયની બરબાદી કરતાં ચક્કરોમાં જો ફસાયાં હોય અને બૉર્ડિંગોના સંચાલકોને જ બાળ-સંસ્કરણ માટેની કોઈ ગંભીરતા ન હોય તો સંસ્કાર ત્યાં શી રીતે મળશે ?

તપોવનમાં ધાર્મિક અને વ્યાવહારિક - બન્ને પ્રકારનું શિક્ષણ છે. એ શિક્ષણ પણ ઊંચી ગુણવત્તાવાળું છે; પરંતુ તેની સાથોસાથ અહીં બાળકોના જીવનબાગમાં સુસંસ્કારોના છોડોનું વાવેતર કરવાનું કાર્ય જ મુખ્યપણે નજરમાં રખાય છે. મોક્ષલક્ષ અને સદાચારપક્ષ એ તપોવનનું મુખ્ય તત્ત્વ છે. પ્રત્યેક બાળકને શારીરિક, શૈક્ષણિક,

સામાજિક વગેરે રીતે સુવ્યવસ્થિત કરવાની સાથે તેને માનસિક અને આધ્યાત્મિક રીતે અત્યન્ત સુંદર બનાવવાનું સૌથી પ્રધાન લક્ષ છે. તે વડીલોનો અને દેવગુરુનો ભક્ત બને; સહુનો મિત્ર બને, જાતનો પવિત્ર બને... અને એ બધું બનીને એ શૂરવીર બને; જેથી રાષ્ટ્રરક્ષા, સંસ્કૃતિરક્ષા અને ધર્મરક્ષાનો એ સબળ યોદ્ધો બને એ જ આ તપોવનનું એકમાત્ર લક્ષ છે. એનામાં ધાર્મિકતા, માનવતા અને રાષ્ટ્રીયતા (રાષ્ટ્રદાઝ) જો લાવી ન શકાય તો તપોવનને નીચું જોવાનું થાય એવું તેના તમામ કાર્યકર-ગણનું મંતવ્ય છે.

જો આ બધી વિચારણામાં અને એના આધારે ગોઠવાયેલા તપોવનના માળખામાં માબાપોને રસ પડતો હોય તો તેમનાં બાળકોને વિકૃતિઓના ઝંઝાવાતમાંથી ઉગારી લેવા માટે તપોવનમાં (ધોરણ પાંચથી બાંર) કમસે કમ ત્રણ વર્ષ માટે તો મૂકવાં જ જોઈએ. બાળક તો નાદાન છે. એના ભાવીના ભવ્ય ઘડતરના આ કામમાં એને ક્યાંક અગવડતા પડે; એની ઘરેલુ સ્વચ્છંદતાને અહીં પોષણ ન મળે તેથી તે તપોવનમાં દાખલ થવામાં અરુચિ બતાવે તો કઠણ કાળજાના બનીને પણ માબાપોએ બાળકોના સમગ્ર જીવનના હિતમાં તેને ત્રણ વર્ષનું સંસ્કરણ તપોવનમાં અપાવવાનો નિર્ણય કરવો જ જોઈએ.

**યાદ રાખો : લાડમાં કે લાગણીમાં માબાપો તણાશે તો બાળકોના જીવનને આરંભમાં જ એવું મોટું નુકસાન થઈ જશે જે જીવનભરમાં ભરપાઈ થશે નહિ; જેનાથી આખું કુટુંબ 'ત્રાહિમામ્' પોકારી જશે.**

**ના....હવે શા માટે ક્રિશ્ચ્યાનિટીનો જ પ્રચાર કરવાની નેમવાળી કૉન્વેન્ટ-સ્કૂલમાં આપણાં બાળકો જાય ?**

**હવે તો માત્ર તપોવન એ જ આપણાં સંતાનોનો તરણોપાય.**

# [૧] સવાલ : આપણને દુઃખમુક્ત-દોષમુક્ત કોણ કરે?

**મારો મોક્ષ કેમ નહિ ?**

અરે ! અરે ! કેવા કેવા આત્માઓ, પોતાનું અનાદિ ભવભ્રમણ મિટાવીને મોક્ષે ગયા ?

અખૂટ વૈભવના સ્વામી - ચક્રવર્તીઓ - મોક્ષે ગયાઃ ભરત, સનત્ વગેરે.

વૈભવમાં આળોટતા શ્રીમંતો મોક્ષે ગયાઃ શાલિભદ્ર, ધન્નો, જંબૂકુમાર, થાવચ્ચાપુત્ર, અનાથીમુનિનો આત્મા, ગુણસાગર, રાજા પૃથ્વીચન્દ્ર વગેરે.

દેખાતા દુષ્ટો - ચોરો, કામીઓ, લૂંટારુઓ વગેરે મોક્ષે ગયા કે જવાની તૈયારીમાં છે. દઢપ્રહારી, કામી સ્થૂલભદ્ર, પ્રભવ ચોર, જુગારી સિદ્ધ, ગુરુદ્રોહી ગોશાલક...

આ જિનશાસનમાં વાત વાતમાં મોક્ષ થઈ જાય. ગજસુકુમાલ અને અગ્નિકાપુત્ર આચાર્ય આના જીવંત દૃષ્ટાન્તો છે.

મોક્ષ માટે તરફડતા ગૌતમ ગણધર, પેલો મુસલમાન રાજા ઈબ્રાહીમ, પેલી મૈત્રેયી, હાય ! મારો જ મોક્ષ નહિ ! શું મારો મોક્ષ કદાપિ નહિ થાય ? કે બહુ છેટો હશે ? અરે...એકે ય વાત મને પરવડે તેમ નથી. મારે તો વધુમાં વધુ ત્રીજા ભવે મોક્ષે જવું છે.

હું ચાર ગતિના સંસારમાં ભમી ભમીને કંટાળી ગયો છું. જન્મી જન્મીને થાકી ગયો છું. મરી મરીને પરેશાન થઈ ગયો છું. દરેક ભવમાં પાપો કરી કરીને ત્રાસી ઊઠ્યો છું.

હવે મને ઝટપટ મોક્ષ જોઈએ. આથી જરાય ઓછું મને પરવડે તેમ નથી.

ક્યાં અટક્યું હશે ? મેં ધર્મ પણ પુષ્કળ કર્યો છે. અરે ! અનંતીવાર તો મેં સાધુવેષ પણ લીધો છે. આમ ખૂબ 'ધરમ' કરવાથી ક્રોધ વગેરેની જેમ મારી ધર્મસંજ્ઞા પણ તૈયાર થઈ છે. નિમિત્ત મળતાં જ મને ધરમ કરવાની ચળ અવશ્ય ઉપડી જાય છે.

પેલી મિલ એકાએક કામ કરતી બંધ પડી હતી. શી ગરબડ થઈ? તેની ભારે શોધ ચલાવવી પડી હતી. દસ હજાર રૂ. નું ઇનામ શેઠે જાહેર કર્યું હતું. ત્રણ દિવસ બાદ કોઈ ગામઠી ઈજનેર તે ઈનામ જીતી ગયો. ક્યાં અટક્યું'તું' ? તે તેણે શોધી કાઢ્યું.

મારું ક્યાં અટક્યું છે ? કો'ક મને શોધી આપો.

લિફ્ટ દ્વારા સો માળ ચડી ગયા બાદ પોતાના ફલેટની ચાવી મોટરમાં રહી ગયાની ખબર પડે, તો કેવી હતાશા આવી જાય ! ફરી લિફ્ટમાં નીચે જવું પડે. કરેલી લિફ્ટ-યાત્રા ધરાર નકામી જાય.

મેં અનંતી વાર ધર્મ કર્યો.

હું સાધુ થયો. મારું બધું ય-મોક્ષ ન મળવાથી-નિષ્ફળ ગયાનો મને એહસાસ થાય છે.

બેશક, હું જાણું છું કે તો ય મારે સાધુવેષ ધારણ કરવો જ પડશે. કેમ કે તે નિષ્ફળ જવા છતાં જ્યારે પણ મારા ઘાતિકર્મોના ચૂરેચૂરા થવાના છે ત્યારે તે વેષ ધારણ કરવાથી જ - કે છેવટે તેના પ્રત્યેના અતીવ બહુમાનભાવથી જ-થવાના છે.

મોટરનું ઠંડું પડી ગયેલું મશીન ગરમ કરીને સ્ટાર્ટ કરવા માટે હેન્ડલ ફેરવવું પડે છે. સાત વાર ફેરવ્યું. મશીન સ્ટાર્ટ ન થયું. પણ તેથી નિરાશ ન થવાય. હજી આઠમી વાર, નવમી વાર, દશમી વાર હેન્ડલ ફેરવ્યા જ કરવું પડે. કેમ કે જ્યારે પણ ગાડી સ્ટાર્ટ

થશે ત્યારે હેન્ડલ ફેરવવાથી જ થશે એ વાત પથ્થર ઉપર લખાયેલ અક્ષરો જેવી છે.

હા, હવે 'સાધુ' થઈશ તો જે ત્રુટિથી તે સાધુજીવન નિષ્ફળ ગયા છે તે ત્રુટિને કાઢીને જ રહીશ. પણ મને કોક તે ત્રુટિ તો બતાડો.

અહો ! અહો ! કેટલાં બધાં દુઃખોથી હું ઘેરાયેલો છું ! કેટલી બધી આધિ, વ્યાધિ અને ઉપાધિઓ ? કેટલા તાપ અને સંતાપ?

કેટલા હૈયા-ઉકાળા ! કેટલા બળાપા !

કેટલા રોગ ! કેવું ઘડપણ ! કેવું મોત ! કેટલી કૌટુંબિક અશાન્તિ! ચિત્તની કેવી કારમી ઉદ્વિગ્નતા; કેવી ગંભીર સામાજિક સમસ્યાઓ ! કેવી આર્થિક વિટંબણાઓ ! કેવી વ્યાવહારિક ચિંતાઓ ! શી રીતે આ બધાં દુઃખોનો પાર પામવો ? ત્રણ સાંધું ત્યાં તેર તૂટે છે ! પુણ્ય વિના આ બધાનો - આમાંના એકાદનો પણ ઉકેલ શક્ય જ નથી.

શરીર કામ કરતું ન હોય; નારી બરોબર સામે પડી હોય, સંતાનો શત્રુ બન્યાં હોય; સગાંઓ દવલાં બન્યાં હોય; ઈર્ષ્યાનો શિકાર બન્યો હોઉં; નિંદાનો ભોગ બન્યો હોઉં; સ્વાર્થનો માર્યો રઘવાયો બન્યો હોઉં ! ક્યાં જવું ? શું કરવું ? કોને કહેવું ?

હા....પુણ્ય વિના બધું નકામું છે.

આ તો મારાં દુઃખોની વાત થઈ ! પણ આ જગત પણ કેટલાં બધાં જાલીમ દુઃખોથી ઊભરાઈ ગયું છે. એ દુઃખનો વિચાર કરું તો મારાં દુઃખો મને કોઈ વિસાતમાં જણાતાં નથી. મારા પડોશીનાં જ પહાડ જેવડાં દુઃખો છે. એની સામે મારું દુઃખ તો નાનકડા પાણા જેટલું માંડ લાગે.

હવે કરું; કુદરતનાં દુઃખોની વાત ! એ ય કાંઈ ઓછાં વિકરાળ નથી. કેવા દુષ્કાળ ઉપરાઉપરી પડે છે ! ક્યારેક વળી

અતિવૃષ્ટિ થતાં નદીઓમાં કેવાં ભયાનક પૂર આવે છે ! ઉનાળે કેવી બેહદ ગરમી પડે છે ! શિયાળે ક્યારેક નદીનાં નીર બરફ થઈ જાય તેવી કેવી કડકડતી ઠંડી પડે છે ! કહે છે કે સૂર્યની વધુ પડતી ગરમીને રોકતા ઓઝોનના આવરણમાં નાનકડું ગાબડું પડી ગયું છે ! યંત્રોદ્યોગોએ ઓકેલા એસિડના યાપેસ્તો ! આથી આગઝરતી ગરમી પડવા લાગી છે. હવે તો એને કારણે હિમાલય ઝડપથી ઓગળશે; એનાં પાણી ગંગામાં ધસમસશે. એનાં પૂર 'બંગલા' વગેરે કેટલાંય રાષ્ટ્રો ઉપર સર્વત્ર ફરી વળશે. એમને વિશ્વના નકશામાંથી નામશેષ કરી દેશે.

વિશ્વની બુદ્ધિજીવી માનવજાત રાતોરાત દેશને કે જાતને શ્રીમંત બનાવી દેવા માટે ધરતીની ખનીજ સંપત્તિ બહાર કાઢી રહી છે. પાણી, તેલ વગેરે બધું ય એકદમ ઉતાવળે બહાર કાઢવા દ્વારા તેણે ધરતી પર સામૂહિક બળાત્કાર આચર્યો છે. આના પરિણામે કુદરત કોપશે અને ધરતીકંપો વગેરે થઈને જ રહેશે. વળી ખેતી વગેરે તમામ ક્ષેત્રમાં પ્રગતિના નામે અણઘડ નીતિઓ દાખલ કરી છે, જેનાથી ધરતી બળી જાય; સુકાઈ જાય....ખેતી વગેરે તમામ ખતમ થઈ જતાં પ્રજા ભૂખમરાના વિકરાળ ભરડામાં આવી પડે અથવા મહાસત્તાઓની કાયમ માટે ગુલામ બને.

રાજકારણમાં પણ પ્રાચીન પરંપરાગત સર્વનું હિત સાધતી નીતિઓનો ત્યાગ કરાયો હોવાથી પ્રજામાં ગરીબી, બેકારી વગેરેનાં જીવલેણ દુઃખો તીવ્ર વેગથી ફેલાઈ ગયાં છે.

આમ - કર્મસર્જિત, કુદરત સર્જિત અને માનવસર્જિત જે દુઃખો જગતમાં વ્યાપ્યાં છે એને શી રીતે દૂર કરવાં ? એ મારે મન મોટો સવાલ છે.

આ વિરાટ ક્ષેત્રને આવરી લેતાં દુઃખોને કાંઈ નાના નાના રચનાત્મક - સુખી કરવાના - ઉપાયોથી દૂર કરી શકાય તેમ નથી.

વર્ષમાં ચાલીસ લાખ વૃક્ષો કપાઈ જવાથી જો વરસાદ અટકીને દુકાળ પડતો હોય તો ચાલીસ હજાર કે ચાર લાખ વૃક્ષોનું વાવેતર કરવાના રચનાત્મક કાર્યક્રમથી શું વળશે ?

યંત્રવાદે સર્જેલા પ્રદૂષણોથી દર વર્ષે ચાર લાખ માણસો જીવલેણ માંદગીના સપાટામાં આવી જતાં હોય તેની સામે સો બેડની જનતા હોસ્પિટલનું રચનાત્મક કામ શી રીતે સર્વના શિવં, સુંદરંની ભાવનાવાળા આત્માને સંતોષ આપી શકશે ?

દર વર્ષે પચાસ લાખ પશુઓ કપાતાં હોય તેની સામે પાંચસો ગાયોની ગૌશાળા ચલાવવાનો રચનાત્મક કાર્યક્રમ કેટલું ગજું કાઢી શકશે ? એનાથી શી રીતે સંતોષ વાળી દેવાય ? પોતાની અશક્તિને છાવરવાનો એ દંભ ન કહેવાય શું ?

વળી આજે ઓરિસાના કલહંડી વિસ્તારનાં દસ હજાર કુટુંબો- ભૂખમરો અને અપોષણજનિત જીવલેણ તાવમાં પટકાયેલાં-ને એક વાર ઉગારી પણ લેવાય પણ બાકીના બિહાર વગેરેમાં રિબાતા લાખો ગરીબ લોકોનું હિત ક્યાં થયું ? વળી આવું તો વારંવાર બને, કેમ કે આ બધું વિશેષતઃ માનવસર્જિત તોફાન છે તો દરેક વાર બધે પહોંચી પણ શી રીતે વળવું ?

જગતમાં કેટલા બધા માણસો, રોગીઓ ! ગરીબો ! બેકારો! કેટલાં બધાં પશુઓ, નબળાંઓ ! રોગીઓ ! કતલખાને કપાતાંઓ! મોતની કારમી ચિચિઆરી પાડતાઓ !

મારે થોડાકને નહિ, ઘણાકને નહિ; તમામને તમામ પ્રકારના દુઃખોથી મુક્ત કરવાં છે. મારે જાતે પણ તમામ પ્રકારના દુઃખોથી મુક્ત થવું છે.

હજી આગળ વધુ. મારી બીજી ભાવના દર્શાવું.

મારા આત્મામાં મને કામ, ક્રોધ, નિંદા, અહંકાર, હિંસકતા, જૂઠ, દંભ, પરિગ્રહ, લાલસા, લમ્પટતા વગેરે અગણિત દોષો

ખદબદી ઊઠેલા દેખાય છે. મને મારી જાત આ દોષોને કારણે અત્યન્ત અધમ, નીચ, હલકટ અને પામર દેખાયા કરે છે.

આ બધું મને જગતના જીવોમાં પણ ઠેર ઠેર દેખાય છે. ઘરઘરમાં ક્રોધની આગ ભભૂકી ઊઠી હોય; કામની વાસના ફેલાઈ ગઈ હોય; અહંકારથી સહુ પીડાતા હોય; ઈર્ષ્યા, નિંદાથી અંગે-અંગ જલતાં હોય એવું લગભગ બધે મને જોવા મળે છે. બહુ જ વિરલ લોકોમાં મને ગુણો દેખાય છે.

દુઃખ કરતાં તો મને દોષ વધુ ભયંકર, અહિતકર અને કાતીલ જણાય છે. કેન્સર કરતાં ક્રોધ જ વધુ ખતરનાક છે. કેન્સર થતાં દુશ્મનો ય દોસ્ત બને છે; ક્રોધમાં તો દોસ્તો પણ દુશ્મન બની જતા હોય છે.

તો શી રીતે મારા અને સહુના સઘળા ય દોષો સદા માટે ખતમ થાય ?

મારે તેની રીત જાણવી છે ! તેનો અમલ હું કરી શકીશ કે કેમ ? એ વાત પછી કરીશ. મારે એટલું જ જાણવું છે કે અમારા સહુનાં (આખા વિશ્વના સકળ જીવોનાં) દુઃખો દૂર કરવાની શક્તિ કોઈ તત્ત્વમાં છે ખરી ? વળી મારે એટલું જાણવું છે કે અમારા સહુના દોષોનો સર્વથા નાશ કરવાની શક્તિ આ ધરતી ઉપર હાલ વિદ્યમાન છે ખરી ?

જો અમે દુઃખમુક્ત નહિ થઈએ તો આ ભવમાં અમે સુખ પામી નહિ શકીએ.

જો અમે દોષમુક્ત નહિ થઈએ તો પરભવમાં પણ અમે નિશ્ચિતપણે દુર્ગતિમાં જઈશું.

મારે તો દુઃખ, **દોષ** અને દુર્ગતિ ટાળવાં છે.

સુખી થવું છે, **દોષમુક્ત** થવું છે અને સદ્‌ગતિમાં જવું છે.

આથી આગળ વધીને મારે સ્વર્ગાદિની સદ્ગતિ પણ ટાળવી છે. ગુણી બનીને મોક્ષમાં જ જવું છે.

વળી મારે મારી ચારેય પ્રકૃતિને યથાયોગ્ય રીતે ઠીક કરવી છે. કુદરતરૂપ પ્રકૃતિને વ્યવસ્થિત કરવી છે. મારા સ્વભાવરૂપ પ્રકૃતિને સુધારવી છે. મારી કર્મપ્રકૃતિમાં સાનુકૂળ ફેરફાર કરવા છે. મારી જ્ઞાનાદિરૂપ પ્રકૃતિને બહાર લાવવી છે.

આ છે; મારી સમસ્યા.

ટૂંકમાં કહું તો હું નહિ (એવા એકલપેટા મારે બનવું નથી) પણ અમે બધા દુઃખમુક્ત થઈએ, દુર્ગતિમુક્ત થઈએ, સુખી બનીએ. વળી અમે બધા દોષમુક્ત થઈએ; (સદ્ગતિમાંથી પણ છૂટકારો મેળવીને) મોક્ષ પામીએ; ગુણી બનીએ. અશુભબંધ તોડીએ, શુભ અનુબંધ મજબૂત કરીએ.

મારે સુખી બનવું છે; ગુણી પણ બનવું છે. બેમાંથી એક જ - આ કલિયુગમાં બની શકાતું હોય તો મારે ગુણોનો ભોગ આપીને સુખી બનવું નથી, પરંતુ સુખનો (ભૌતિક આનંદનો) ભોગ આપીને ગુણી જ બનવું છે.

દુઃખી એવો ગુણી બનવા હું તૈયાર છું.

સુખી એવો દોષી (અવગુણી) બનવા હું એકદમ લાચાર છું.

મને-અમને-સહુને-દુઃખી મટાડીને સુખી કોણ બનાવી શકે? દુર્ગતિએ જતા કોણ અટકાવી શકે ?

વળી મને-અમને-સહુને દોષી મટાડીને ગુણી કોણ બનાવશે? સદ્ગતિએ પણ જતાં અટકાવીને મુક્તિ કોણ પમાડશે ?

અમારા અશુભ અને શુભ અનુબંધોની તોડ-જોડ કોણ કરી આપશે ?

સામાન્યકક્ષાના જીવોને તો દુઃખમુક્તિ મળે, સુખપ્રાપ્તિ

થાય, સદ્ગતિ મળી જાય, પુણ્યબંધ થઈ જાય અને બાહ્ય કુદરત બધી રીતે અનુકૂળ થઈ જાય એટલે ભયો ભયો.આટલું તો માત્ર આરાધનાઓના બળથી થઈ શકે. પરન્તુ જે વિશિષ્ટ કક્ષાના જીવો છે; તેમને તો વધુ રસ દુઃખમુક્તિ કરતાં દોષમુક્તિમાં છે; સુખપ્રાપ્તિ કરતાં ગુણપ્રાપ્તિમાં છે; દુર્ગતિનાશ કરતાં સદ્ગતિનાશ (મુક્તિ પ્રાપ્તિ)માં છે, પુણ્ય-પાપના બંધ કરતાં તેમના અનુબંધ (તોડ-જોડ)માં છે અને બાહ્ય પ્રકૃતિ કરતાં ભીતરની ત્રણ પ્રકૃતિ ઠીકઠાક કરવામાં છે. આ બધું માત્ર આરાધનાથી શક્ય નથી.

બેશક; આ ધરતી ઉપર, આજની તારીખમાં તારક પરમાત્માઓ નથી; વિશિષ્ટ કોટિના લબ્ધિધર મહાત્માઓ પણ નથી. પરન્તુ શું આ ધરતી ઉપર એવો કોઈ ઉપાય પણ હવે જીવતો રહ્યો નથી કે જેનાથી અમે ધરતીનાં સહું સંતાનો (જીવો) સુખી અને ગુણી બની શકીએ ! દુર્ગતિએ જતાં અટકી પડીએ ! મુક્તિના પરમધામમાં જલદી જલદી પહોંચી જઈએ ! કાંઈક કર્યે જ છૂટકો છે. કેમકે મારા શરીરાદિનું નાનકડું દુઃખ મારાથી ખમાતું નથી; અને બીજા કોઈનું પણ નાનકડું ય દુઃખ મારાથી જોવાતું નથી.

આવું દોષોના સંબંધમાં છે. મારો દોષ મને રાત ને દિ' ખટક્યા કરે છે. સતત કરડ્યા કરે છે. બીજાઓના દોષને જોતાં હું રડી ઊઠું છું. વળી મારી કે બીજાની દુર્ગતિની કલ્પના કરતાંય હું ધ્રૂજી ઊઠું છું; કેમકે દુઃખોનું જાલીમ વર્ણન મેં જ્ઞાની પુરુષોના મુખેથી સાંભળ્યું છે.

ટૂંકમાં, મારે દુઃખમુક્ત જ નહિ પણ દોષમુક્ત થવું છે. મારે સુખયુક્ત જ નહિ પણ ગુણયુક્ત બનવું છે. મારે દુર્ગતિ જ નહિ, સદ્ગતિ પણ ટાળવી છે. મારે પુણ્યના બંધ જ નહિ, પુણ્યના અનુબંધ પણ મજબૂત કરવા છે. મારે કુદરત-પ્રકૃતિ જ નહિ પણ મારા ભીતરમાં રહેલી ત્રણેય પ્રકૃતિને ઠીક કરવી છે.

## [૨] આરાધનાથી દુઃખમુક્તિ : આરાધકભાવથી દોષમુક્તિ

અપ્રતિમ ગુરુકૃપાના બળથી મારા સવાલનો જવાબ મને મારા અંતરમાંથી જ મળી રહ્યો છે. તેનું સ્વરૂપ આ પ્રમાણે છેઃ

શાસ્ત્રોમાં કહેલી ધર્મક્રિયાઓ-આરાધનાઓ જીવને દુઃખમુક્ત કરી આપે છે; દુર્ગતિમુક્ત કરી આપે છે.

હા....તે આરાધના ભલે ભાવ વિનાની; સમજણ વિનાની હોય; ભટકતા મન સાથેની હોય....

હા. તે દુર્ભાવવાળી ન હોવી જોઈએ. તેની ઉપર સદ્ભાવ (આદર : પ્રેમ) તો હોવો જ જોઈએ. કેમકે દુર્ભાવ (તિરસ્કાર; ધિક્કાર)વાળી આરાધના તો દુઃખી કરે; દુર્ગતિ જ આપે.

પણ જો સામાયિક પૂજા, પ્રતિક્રમણ, સ્વરૂપ આરાધનાઓ (ધર્મક્રિયાઓ) સદ્ભાવયુક્ત હોય તો તે જીવને દુઃખમુક્ત કરીને સુખી બનાવે. દુર્ગતિમુક્ત કરીને સ્વર્ગાદિની સદ્ગતિમાં મોકલી આપે.

બેશક; આ આરાધનામાં વિધિ અને જયણા ભળે તો તો તેની તાકાત ખૂબ વધી જાય; પછી તો તે આવી પડેલા જબરદસ્ત દુઃખમાંથી મુક્તિ કરી આપે; વિપુલ સુખ આપે; સ્વર્ગાદિની સદ્ગતિ પણ ઊંચી કક્ષાની જ આપે.

ભાવ વિનાની, ભટકતા મન સહિતની, વિધિ,-જયણા વિનાની પણ આરાધનાઓમાં પોતાની જ સ્વયંભૂ, સ્વયંસ્ફૂરિત શક્તિ છે કે કમસે કમ તે જીવનાં દુઃખ અને દુર્ગતિને ભગાડી જ મૂકે. એટલું જ નહિ પણ તે જીવ જો બીજા કોઈની દુઃખમુકિત ઇચ્છે તો તેની પણ દુઃખમુક્તિ થઈ જાય.

અનંતાનંત કાળના પરિભ્રમણમાં આપણા જીવે ઘણી બધી આરાધના કરી છે. આમ થવાથી તેણે ધર્મસંજ્ઞા તૈયાર કરી છે. આ એવી સંજ્ઞા તૈયાર થઈ છે કે ધર્મ કરવાનાં નિમિત્તો મળતાં જ જીવને ધર્મ કરવાની ઇચ્છા ઉત્પન્ન થઈ જાય.

પણ આટલી બધી આરાધના કરવા છતાં જીવનો મોક્ષ થયો નથી. તેનું કારણ પછી દર્શાવીશ. અહીં તો એટલું જ કહેવું છે કે એ બધી આરાધનાઓ કરવાથી જીવનો મોક્ષ નથી થયો એટલે એને બધી રીતે નિષ્ફળ ગયાનું કહી શકાય નહિ. એ આરાધનાઓએ જીવને સદ્ગતિમાં અને સુખી જીવનમાં તો જરૂર મૂક્યો છે. આ પણ કાંઈ નાનીસૂની વાત ન કહેવાય.

ધારો કે કોઈ સર્વજ્ઞ પુરુષની દૃષ્ટિએ આપણે દસ ક્રોડ વર્ષ પછી મોક્ષ પામવાના છીએ. આ દસ ક્રોડ વર્ષ જો નારકાદિની દુઃખમય દુનિયામાં રહીને પસાર કરીએ તો આપણે અત્યન્ત દુઃખી સમય કાઢવો પડે.

આના બદલે જો આપણે આરાધના કરીએ-કરતા રહીએ તો તેના દ્વારા એવું પુણ્ય બંધાય કે જેના વડે આપણને વારંવાર સદ્ગતિ અને સુખી જીવન પ્રાપ્ત થયા કરે. આમ આપણા દસ ક્રોડ વર્ષના નિશ્ચિત બનેલા સંસારકાળમાંથી બે-ત્રણ ક્રોડ વર્ષ કે તેથી પણ વધુ સમયનો કાળ સુખમય પસાર થાય; જેથી જીવને શાતાનો અનુભવ થાય.

એ તો નક્કી છે કે નારક, પશુની દુઃખમય દુનિયામાં જઈ જઈને સમયગાળો પૂરો કરવો એ કરતાં સ્વર્ગ અને મનુષ્યની સુખી દુનિયામાં જઈને સમયગાળો પૂરો કરવો એ તો ધરાર ઇચ્છનીય છે.

આરાધનાઓ કહે છે કે અમારી સાથે જો ભાવ જોડાય (ત્રણ

પ્રકારના ભાવ છે; જે આગળ (ઉપર જણાવાશે) તો તે અમારી તાકાત દુઃખી મટાડીને સુખી બનાવવામાં અટકી ન જતાં, દુર્ગતિ અટકાવીને સદ્ગતિ દેવામાં અટકી ન પડતાં, જીવને દોષી મટાડીને અમે ગુણી બનાવી દઈએ અને સ્વર્ગાદિની સદ્ગતિ પણ મટાડી દઈને જીવને મોક્ષ ભેગો કરી દઈએ. પણ જો અમારી સાથે ભાવ ન જોડાય તો ય-જેવી તેવી પણ-અમે એ જીવનાં દુઃખ અને દુર્ગતિ તો મટાડી જ દઈએ, એને સુખી કરીએ, સ્વર્ગાદિમાં પહોંચતો કરીએ. અનંતકાળના જીવના પરિભ્રમણમાં જ્યારે જે જીવે અમને એકલીને પણ સ્વીકારી છે ત્યારે તે જીવને અમે સુખી જ કર્યો છે અને સ્વર્ગાદિમાં જ પહોંચાડ્યો છે. એમાં ય જે જીવોએ અમારી સાથે વિધિ અને જયણા જોડ્યા છે તેમને તો - અભવી જીવોને ય-અમે નવમા ગ્રૈવેયકના સ્વર્ગીય સુખોના સ્વામી બનાવ્યા છે.

પેલા ચક્રવર્તીનો શુકનવંતો ઘોડો ! શીલની આરાધના કરી તો તેને આઠમો દેવલોક મળ્યો !

આબરૂ અને લજ્જા ખાતર પણ નાની ઉંમરે વિધવા થયેલી કન્યાએ શીલ પાળ્યું તો તેને ચોર્યાસી હજાર વર્ષનું દેવજીવન અમે ભેટ કર્યું.

બાળતપની (અજૈન સંન્યાસીઓની) ધર્મારાધનામાં ય પાંચમો દેવલોક આપવાની તાકાત ધરબાયેલી છે !

ભાવવિહોણું પણ બે ઘડીનું એક જ સામાયિક ! લગભગ ત્રાણું ક્રોડ પલ્યોપમનું દેવ-જીવન આપી દેવાને સમર્થ છે !

નવકારમંત્રનો 'ન' બોલો કે કરેમિભંતે સૂત્રનો 'ક' બોલો કે સાંભળો-સંભળાવો....એટલે એકદમ નક્કી થઈ ગયું કે તે જીવમાં એક કોટાકોટિ સાગરોપમથી વધુ સ્થિતિનું મોહનીય કર્મ જેવું અતિ ભયંકર કર્મ જમા ખાતે હોય જ નહિ. (આ કર્મની સ્થિતિ વધીને સિત્તેર કોટાકોટિ સાગરોપમ સુધીની થઈ શકે છે.) એટલું જ નહિ

પણ શ્રવણ અને ઉચ્ચારણની તે પળોમાં તે જીવ એવા તીવ્ર રાગદ્વેષના અધ્યવસાયમાં આવી શકે જ નહિ કે જેથી તે વખતે તે જીવ સિત્તેર કોટાકોટિ સાગરોપમની મોહનીય કર્મની સ્થિતિનો બંધ કરે.

ધર્મની કોઈ પણ ક્રિયામાં આવી પ્રચંડ શક્તિ છે.

જો તમે ભાવ વિના ય - ભટકતા મને ય - 'નમો' પદ બોલો તો તે જ વખતે તમારા સાત સાગરોપમ જેટલા કાળ (એક સાગરોપમ = અસંખ્ય વર્ષ)ની નારકની અશાતા ખતમ.

જો તમે નવકારમંત્રનું કોઈ પણ એક જ આખું પદ, એક જ વાર બોલો તો તમારા પચાસ સાગરોપમનાં કર્મો ખતમ.

જો તમે એક જ વાર આખો નવકારમંત્ર બોલો કે સાંભળો તો તમારા પાંચસો સાગરોપમના કર્મદલિક ખતમ.

સદ્‌ભાવથી નવકાર ગણનાર જૈનના શરીરમાં શક્તિ-માતાનો પ્રવેશ કરાવવા માટે તેના ભુવાએ ધરખમ પ્રયત્ન કર્યો, પણ તે નિષ્ફળ ગયો. દ્રવ્ય નવકાર પણ બહારના ભૂત કાઢે. ભાવ-નવકાર તો ભીતરના રાગાદિ ભાવોના ભૂતોને ભગાડે. જયસેના નામની પત્નીમાં તેની શોક્યે મેલા દેવને પ્રવેશાડવા સખત મહેનત કરી પણ સતત નવકાર રટતી જયસેનામાં મેલા તત્ત્વથી પ્રવેશ ન જ થઈ શક્યો.

જો તમે એક જ દિવસ માટે નવકારશીનું પચ્ચક્ખાણ કરવાની આરાધના કરો તો તમારું સો વર્ષનું નારકનું અશાતા વેદનીય ખતમ...પછી ઉપર ઉપરના દરેક પચ્ચક્ખાણે સોના આંક ઉપર મીંડુ ચડતું જ જાય.

આટલી બધી તાકાત ભાવ વિનાની-આરાધનાઓમાં જો છે; તો ભાવપૂર્વકની આરાધનાઓની અપ્રતિમ તાકાતની તો શી રીતે કલ્પના કરવી ?

શાન્તસુધારસ ગ્રન્થમાં કહ્યું છે કે આરાધનાઓના પ્રભાવે સમુદ્ર માઝા મૂકતો નથી, સૂરજ અને ચંદાનાં બિંબો ધરતી ઉપર તૂટી પડતાં નથી; એટલું જ નહિ પણ એકદમ ચોક્કસ સમયે હંમેશ ઉદય અને અસ્ત પામ્યા કરે છે; તે તે ઋતુએ છ ઋતુનાં પુષ્પો અને ફળો પેદા થતાં રહે છે; આધાર વિનાની ધરતી વ્યવસ્થિત રીતે ટકી રહે છે; એમાં કંપન પેદા થતું નથી. લવણસમુદ્રમાં આવેલા પાતાળકળશોમાં રોજ બે વખત વાયુનો ક્ષોભ થતાં સમુદ્રનાં પાણી અતિ ભયંકર રીતે ઉછળે છે અને ભરતીરૂપે ધસે છે. એ પાણીને પુષ્કળ દેવો બેય વખત પાછું હઠાવે છે. તેમાં આરાધકોનું આરાધનાજનિત પુણ્ય જ કામ કરે છે. જો રોજ બે વાર ક્રોડ દેવો ઊછળતા પાણીને હડસેલીને પાછું ન કાઢતા હોત તો આખો જંબૂદ્વીપ ક્યારનો ડૂબી ગયો હોત.

ભલે બધાં વૃક્ષો ધરતી પરથી કદાચ કપાઈ જાય પણ જો આરાધનાઓ જોરમાં ચાલતી રહે તો વૃક્ષોથી વાદળ બંધાઈને વરસાદ ન આવે તો ય આરાધનાઓથી એવું પુણ્ય બંધાય; જેના પ્રભાવે વગર વૃક્ષે પણ વરસાદને આવવું જ પડે.

ખેતી આદિ ક્ષેત્રોમાં પાશ્ચાત્ય દેશોએ જે ભયાનક નુકસાન કર્યું છે; તેને માનવીય પુરુષાર્થે જો ભરપાઈ કરવું હોય તો ઓછામાં ઓછાં બસો-ત્રણસો વર્ષની જરૂર પડે. પણ જો સામૂહિક રીતે આરાધનાનું જોર એકદમ વધારી મુકાય તો આ નુકસાનને ભરપાઈ કરતાં છ માસનો પણ સમય ન લાગે.

એવી ઘણી બધી પ્રજાને ઉપકારક બાબતો છે જેને મૂળમાંથી ઊખેડી નંખાઈ છે અથવા જેનાં મૂળ એકદમ હચમચી ઊઠ્યાં છે. આ બધું ફરી જલદીથી ઠેકાણે પાડી દેવાનું કામ માત્ર આરાધનાના બળમાં છે. બધાં જ પ્રાચીન મૂલ્યોની પુનઃ પ્રતિષ્ઠા કરવાનું કાર્ય

અને ભેદી રીતરસમોનો ખાત્મો બોલાવી દેવાનું કાર્ય આરાધનાઓથી ઉત્પન્ન થતા પુણ્યને માટે જરા ય મુશ્કેલ વાત નથી.

જે આત્મા દેવાધિદેવની વિશ્વવ્યાપી કરુણાભાવનાને સ્પર્શેલો હોય અને તેથી જે આત્મા આ જગતના જીવોના કોઈપણ દુઃખને જોતાં અંતરથી રડી પડતો હોય તેણે તો બીજું કંઈ પણ વિશ્વહિતકર નાનકડું કામ કરવાને બદલે આરાધનાની પલાંઠી જ લગાવી દેવી જોઈએ: જો એનું પુણ્ય જોર મારતું હોય તો વધુમાં વધુ લોકોને આરાધનામાં જોડવા જોઈએ.

જો વ્યાપકરૂપે અનેક જીવોનાં દુઃખ દૂર થવાનાં જ હશે તો તે આરાધનાના બળથી જ થશે; બીજાં બળો દ્વારા બહુ ઓછા જીવોનાં બહુ ઓછાં દુઃખો જ દૂર થશે.

જો કે સામાયિક, પૂજા, પ્રતિક્રમણાદિ આરાધનાઓ ભાવ કે વિધિ વિનાની હોય તો ય તેની તાકાત આશ્ચર્યજનક છે. છતાં જો તેમાં સદ્ભાવ(પ્રેમ)ની સાથે ભાવ (સમજણ) ઉમેરાય; વિધિ અને જયણા ઉમેરાય તો તેની તાકાત પુષ્કળ વધી જાય છે. પછી એ ભાવ, વિધિ, જયણાવૃત્તિ વગેરે જેમ જેમ તીવ્ર બનતાં જાય તેમ તેમ તેની તાકાતમાં ઉત્તરોત્તર વધુ ને વધુ ઉમેરો થતો જાય.

સામાન્ય રીતે કોઈપણ આરાધના કે વિરાધના પોતાનું ફળ સો વર્ષ પૂર્વે આપતી નથી. પણ જો તેની તીવ્રતા વધે તો દસ વર્ષમાં; દસ કલાકમાં, દસ મિનિટમાં, અરે ! દસ સેકંડમાં જ તે ફળ આપી શકે છે. આમ તીવ્રતાથી કાળમાં ઘટાડો થતો જાય છે. વળી ક્ષેત્રમાં વધારો થતો જાય છે. આરાધક આત્માની નજીકના કુટુંબીઓ ઉપર જ જે આરાધનાનું બળ અસર પહોંચાડતું હતું તે બળ, તીવ્રતા જેમ વધતી જાય તેમ - આખા ગામ, તાલુકો, જિલ્લો, રાજ્ય કે દેશના લોકો ઉપર પોતાનો પ્રભાવ ફેલાવી શકે.

પ્રવરદેવ નામનો ભિખારી ત્યાગ-ધર્મનો તીવ્ર આરાધક બન્યો. એ ભવમાં પુણ્યયોગે ભિખારી મટીને શ્રીમંત બન્યો તો ય તેણે સ્વીકારેલો ત્યાગ (ભોજન-સંબંધિત) કાયમ રાખ્યો. આથી એવું પ્રચંડ પુણ્યબળ પેદા થયું કે જેથી તે જે નગરમાં જન્મ્યો તે નગરમાં ગ્રહદશાથી નિશ્ચિતપણે પડનારા બારવર્ષી દુકાળને તે પુણ્યબળે મારી હઠાવ્યો. તેના જન્મની રાતે જ મેઘ બારે ખાંગે તૂટી પડ્યા.

પાંચમા આરાને છેડે જ્યારે એકાદ પણ સાધુ વગેરે ધર્મ આરાધનાનું બળ ઉત્પન્ન કરી શકશે નહિ ત્યારે કુદરતમાં હાહાકાર મચશે. 'પ્રલય' સર્જાશે. એનું જ નામ છઠ્ઠો આરો છે.

ટૂંકમાં કહેવાનું એટલું જ છે કે જેમ જેમ આરાધના તીવ્ર બનતી જાય તેમ તેમ તેનું પુણ્ય વહેલું ઉદયમાં આવી જાય અને તેની અસર વધુ ને વધુ વ્યાપક બનીને અન્ય જીવોનાં દુઃખોને દૂર કરતી જાય. હવે જો આ આરાધનાની સાથે આરાધકભાવ-આગળ ઉપર જેનું વર્ણન આવશે તે-જોડાઈ જાય અને તે આરાધકભાવ તીવ્ર બનતો જાય તો તેના પ્રભાવે આરાધક જીવના દોષો વધુ ને વધુ જલદી ક્ષીણ થાય અને તેની આસપાસના વધુ ને વધુ જીવો પણ દોષમુક્ત બનતા જાય. એકલી આરાધના કે આરાધકભાવ સહિતની આરાધના તીવ્ર થતી જાય તેમ અનુક્રમે દુઃખની અને દોષની મુક્તિ ટૂંકા કાળમાં અને વ્યાપક ક્ષેત્રમાં થવા લાગે.

આરાધના જ ન હોય તો દુઃખમુક્તિ નથી.

આરાધકભાવ ન હોય-આરાધકભાવ વિનાની એકલી આરાધના હોય - તો એકલી તે આરાધનાથી દોષમુક્તિ શક્ય નથી.

આરાધના સ્વ-પરની દુઃખમુક્તિ કરે. તેમાં તીવ્રતા વધતી જાય તો સ્વ-પરની એ દુઃખમુક્તિનો કાળ ટૂંકાય અને ક્ષેત્ર વિસ્તારાય.

હવે જો તે આરાધનામાં આરાધકભાવ જોડાય તો તે દોષમુક્તિ કરે. તેમાં જેમ જેમ તીવ્રતા વધે તેમ તેમ સ્વ-પરની દોષમુક્તિનો કાળ ટૂંકાય અને ક્ષેત્ર વધુ ને વધુ વ્યાપક બનતું જાય.

માનવતા (મંદમિથ્યાત્વની પહેલા ગુણ સ્થાનની માર્ગાનુસારિતા) ના ધર્મથી માંડીને છેક ચૌદમા (છેલ્લા) ગુણસ્થાનના સર્વોત્કૃષ્ટ ધર્મોને આરાધના કહેવાય. ધર્મની તમામ આરાધનામાં પાયારૂપ આરાધનામાં માનવતાનો ધર્મ આવે. આથી જ ધાર્મિક માણસોએ આ ધર્મની ઉપેક્ષા કરવી ન જોઈએ. તેમ કરે તો તેઓ સાચા અર્થમાં ધર્મી ન કહેવાય.

પેલો ચોર ! રાતે ચોરી કરવા નીકળ્યો પણ ત્યાં તેણે ભૂખથી પીડાતાં સાસુ-વહુનો સંવાદ સાંભળ્યો. ચોરીનું કામ પડતું મૂકીને કંદોઈની દુકાન તોડીને મીઠાઈનો થાળ લાવીને તે ઘરમાં મૂકીને ચાલી ગયો. આનાથી તેણે એવું તીવ્ર પુણ્ય બાંધ્યું કે બીજે દિ' સવારે તડકામાં ચાલતાં તેની ઉપર કુદરતે વાદળ ખડું કરી દીધું. જેવો તે ફરે કે તરત જ વાદળ પણ તેના માથે જ ફરે.

મહાભારતીય કથામાં આવતી પેલી પતિસેવાપરાયણ બાઈ! તેને કૌશિકે બાળી નાંખવા માટે-વિદ્યાબળનો ઉપયોગ કર્યો પણ તે નિષ્ફળ ગયો. પેલી બાઈની પતિ-સેવાની પાયાની સાધનાએ તેને પાછો પાડ્યો.

પેલો સગી બેન સાથે ભૂલ કરી બેઠેલો છોકરો ?

એ પાપ ઉપર તીવ્ર પશ્ચાત્તાપનો ધર્મ કરીને એટલો બધો પવિત્ર બની ગયો કે તેના ચરણનો જે રોગી સ્પર્શ કરે તેનો રોગ તત્કાળ નાબૂદ થઈ જાય.

આપઘાત કરવાની પૂરી તૈયારી કરીને જીવનની છેલ્લી પ્રભુભક્તિ કરવા માટે તે ભાઈ દહેરાસરે પૂજા કરવા માટે ગયા.

પૂજામાં એવા ભાવ જાગ્યા કે દસ મિનિટમાં પાછા ફરવાની ભાવના બાજુ પર રહી. પાંચ કલાક લાગ્યા. સમય કેવી રીતે પસાર થઈ ગયો ? તેની ખબર જ ન પડી ! આ આરાધનામાં ભક્તિભાવની એવી તીવ્રતા હતી કે એનું ફળ એને તે જ રાતે મળી ગયું. લાખો રૂપિયાની ખોટ ભરપાઈ થઈ ને ધંધો નફાનો બની જાય તેવો તેજીનો પવન ફૂંકાઈ ગયો !

વેપારમાં નીતિથી ચુસ્તપણે આરાધના કરનાર ભીમ શ્રાવકે નીતિને આગળ કરીને વરુણદેવને વરસી જવાનું સફળ આહ્‌વાન કર્યું. ધોધમાર વરસાદ તૂટી પડ્યો !

જેટલાં વર્ષો સુધી દ્વારકાની પ્રજાએ તપ, ત્યાગ અને જપની આરાધના કરી તેટલાં વર્ષો સુધી દ્વારકાનું દહન કરવાના સંકલ્પને દેવાત્મા અમલી ન બનાવી શક્યો. જેવી તે પ્રજાએ આરાધના બંધ કરી કે તરત આખી દ્વારકાને આગ લગાવી દીધી !

સાત જ પૈસાના-સર્વસ્વના-દાનની તીવ્રતાપૂર્વક (ભારે ઉલ્લાસપૂર્વક)ની આરાધનાના પ્રભાવે ભીમા કુંડલીઆનું દારિદ્ર તો ગયું પણ પત્નીનો ક્રોધી સ્વભાવ પણ સાવ પલટાઈ ગયો !

શેઠ સુદર્શનની શીલપ્રધાન જીવનની સુંદર આરાધનાઓના પ્રભાવે અર્જુનમાળીના શરીરમાં પ્રવેશીને કાળો કેર મચાવતો યક્ષ (દેવ) બૂમો પાડતો શરીરમાંથી ભાગી ગયો ! રોજ છ પુરુષ અને એક સ્ત્રીના ખૂનના હત્યાકાંડનો સિલસિલો ત્યારથી બંધ થયો !

બળદેવમુનિની ઉત્કૃષ્ટ કક્ષાની અવૈર-ભાવની આરાધનાના પ્રભાવે તેમની આસપાસના સાપ વગેરે પશુઓ પણ અહિંસક બની ગયા !

ગંધાયેલા અને ક્ષીણ થઈ ગયેલા જટાયુથી અજાણપણે લબ્ધિધારી બે મહામુનિઓના અંગનો સ્પર્શ થઈ ગયો. તે જ ક્ષણે તેનું શરીર દિવ્ય અને નિરોગી બની ગયું !

વર્ષમાં માત્ર ૩૪ દિવસના પારણા કરતાં સદાના ઉપવાસી કૃષ્ણર્ષિના દેહમાં અઢળક લબ્ધિઓ ઉત્પન્ન થઈ હતી. તેમના ચરણોના પ્રક્ષાલ-જલથી ઘણા લોકો રોગમુક્ત થઈ જતા.

માનદેવસૂરિજીના આવા જલ-પ્રભાવે તક્ષશિલામાં ફાટી નીકળેલો મરકીનો ઉપદ્રવ શાન્ત થઈ ગયો હતો.

આનંદઘનજીના પેશાબમાં પથ્થરને સોનું બનાવવાની તાકાત હતી.

સનત્ મુનિનું સમગ્ર તન ઔષધિઓથી ઊભરાયું હતું.

સર્વવિરતિધર્મ તો બેશક મહાન છે, પણ તે પામવાનો 'ભાવ' પણ મહાન છે. ભિખારીએ દ્રવ્યથી વેષ લીધો. પછી તેને સર્વવિરતિ-ધર્મનું મહત્ત્વ સમજાયું. તેણે ભાવ ભાવ્યો કે, 'આગામી ભવે સાચો સાધુ થાઉં તો કેવું સરસ !' આ ભાવમાં જ તે મૃત્યુ પામ્યો. તેના બદલામાં જિનશાસનને પરમ શાસન ભક્ત સમ્રાટ સંપ્રતિ પ્રાપ્ત થયા.

જેમ જેમ આરાધનાઓની ગુણવત્તા-વિધિ અને જયણાના કારણે-સુધરતી જાય, તીવ્રતા (ઉલ્લાસ) વધતી જાય; વિધિ અને જયણા વધુ ને વધુ જોડાતી જાય તેમ તેમ સ્વ-પરની દુઃખમુક્તિ વધતી જાય. દુઃખમુક્તિનો કાળ ટૂંકાતો જાય; દુઃખમુક્તિના ક્ષેત્રનો વ્યાપ વધતો જાય. પણ સબૂર ! તો ય વિધિ, જયણાવાળી આરાધનાઓ પણ-એકલી-મુક્તિ તો ન જ આપી શકે.

આ બધું જો આરાધકભાવ સાથે જોડાય તો તેના પ્રભાવે સ્વ-પરની દોષમુક્તિ વધતી જાય. આરાધક ભાવના ત્રણ પ્રકાર છે. તેઓ ઉત્તરોત્તર ચડિયાતી ગુણવત્તા ધરાવે છે. એટલે ઉત્તરોત્તરના આરાધક ભાવથી દોષમુક્તિનું કાર્ય વધુ ઝડપી અને વધુ વ્યાપક ક્ષેત્રમાં થાય છે. દોષમુક્તિ અને સકળ સંસારમુક્તિ માત્ર આરાધનાથી જ શક્ય નથી. તેમાં આરાધક ભાવ જોડવો જ પડે.

ત્રીજા નંબરના સર્વોત્કૃષ્ટ આરાધક ભાવને આત્મસાત્ કરી ચૂકેલા તારક તીર્થંકરદેવના પ્રભાવની તો શી વાત કરવી ?

સ્વ-પરની કેવી જબરી દુઃખમુક્તિને અને દોષમુક્તિને તેઓ સહજ રીતે સાધે છે !

તેમને તો સદા શાતા-વેદનીય જ ઉદયમાં હોય છે; પરંતુ તેમના પાંચે ય કલ્યાણક પ્રસંગે ચૌદ રાજલોકના સર્વજીવોને એક ક્ષણ માટે શાતાની પ્રાપ્તિ થાય છે. તેઓની ચારે બાજુના સવાસો યોજનમાં પ્રાયઃ સર્વ જીવો અશાતામાંથી છુટકારો પામી જાય છે. ત્યાં સાતે ય પ્રકારના ઉપદ્રવો (અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ આદિ)ની સંભાવના જ ખતમ થઈ જાય છે.

દમના ભયાનક દર્દીઓ સમવસરણના વીસ હજાર પગથિયાં નાના બાળકની જેમ ચડી જાય છે. તારકોનો કેવો લોકોત્તર અતિશય!

એક જ વ્યક્તિના ઉત્કૃષ્ટ ચારિત્રનું કેટલું બળ !

**One man's purification can save the world.** આ કેટલી સાચી વાત છે કે, એક જ માણસના ચારિત્રબળની ઊંચાઈ આખા વિશ્વનું ભલું કરવાનું સામર્થ્ય ધરાવતી હોય છે. માટે જ જાતને અને જગતને દુઃખમુક્ત અને દોષમુક્ત કરવાની જેને ભાવના થતી હોય તેણે તેનું ચારિત્રબળ ખૂબ વધારવું જોઈએ.

**Raise the hight of purity.**

આ તો દુઃખમુક્તિનો મહિમા થયો ! તારકોના આત્માની ખરી પ્રભાવકતા તો દોષમુક્તિમાં છે. તેઓ તો સર્વથા દોષમુક્ત થયા; પરંતુ તે કૃપાળુના પ્રભાવક્ષેત્રમાં જે ઝડપાય તેઓ પણ પ્રાયઃ (અભવી, દૂરભવી; ભારેકર્મી ભવી સિવાય) ઓછાવત્તા અંશે દોષમુક્ત થઈ જાય. સમવસરણમાં આવતા, જન્મથી જ વૈરી

જીવોનો વૈરભાવ ખતમ થઈ જાય છે. ઉંદર-બિલાડી, વાઘ-બકરી કે સાપ-નોળિયાને તમે ત્યાં ગેલ કરતાં જોઈ શકો.

હિંસક જીવોનો હિંસકભાવ, દુરાચારી જીવોનો મૈથુન ભાવ, ક્રોધીનો ક્રોધ અને અભિમાનીનું અભિમાન ત્યાં એકદમ ઓગળી જાય છે.

તારકોના અતિશયની એકદમ આછીપાતળી પણ છાંટ ધર્મદત્ત મુનિના આત્મામાં કે સંત ફ્રાન્સીસ, રમણ મહર્ષિમાં યા તો પૂર્વે જણાવ્યું તેમ બળદેવમુનિમાં જોવા મળે છે. આ આત્માઓના અહિંસકભાવથી અન્ય જીવોની હિંસકતા ખતમ થઈ જતી હતી.

હવે જ સમજાય છે કે તારક તીર્થંકરદેવોની પ્રભાવકતાને લીધે રસ્તાના કાંટા ઊંધા વળતા હતા; વૃક્ષો ઝૂકતાં હતાં; પંખીઓ પ્રદક્ષિણા દેતાં હતાં. ના, આ અતિશયોક્તિ નથી; આ તો એમના પ્રભાવની અલ્પોક્તિ છે. એમનું લોહી દૂધ જેવું સફેદ થાય તેમાં તેમના વિશ્વ વાત્સલ્યનો પ્રભાવ જ કારણરૂપ બન્યો છે.

જેમ જેમ આત્મામાંથી 'શુદ્ધિ' બહાર આવતી જાય તેમ તેમ તેની આડકતરી પેદાશ (by product) રૂપે પુણ્યવૃદ્ધિ પણ થતી જાય.

શુદ્ધિ સ્વ-કલ્યાણ કાજે રાખી લેવાની.

પુણ્ય પર-કલ્યાણ માટે ફાળવવાનું.

બાજરાનો છોડ કહે છે, 'ઓ માણસો ! તમે મારી બાજરી લઈ જાઓ. ઓ પશુઓ ! તમે મારું ઘાસ લઈ જાઓ.' આપણે કહીએ, "શુદ્ધિ અમે રાખશું. પુણ્યનો લાભ સહુને મળે તેવી પ્રભુને પ્રાર્થના કરીશું"

તારક તીર્થંકર દેવોએ પ્રતિપાદિત કરેલી સ્વ-પર કલ્યાણ

શૈલી આ છે કે તમે તમારી શુદ્ધિને ટોચ ઉપર લઈ જાઓ. જેમ તે વધશે તેમ પુણ્યતત્ત્વ પણ વધતું જશે. શુદ્ધિથી સ્વ-કલ્યાણ થશે; પુણ્યથી પર-કલ્યાણ પણ થશે. શુદ્ધિ-પુણ્યના સ્વામીનું અસ્તિત્વ માત્ર પર-જીવોને સુખ, શાન્તિ, આબાદી આપવા લાગે છે. એક પુણ્યોદયવાન વ્યક્તિનું પુણ્યકર્મ - ડૉ.ની યશરેખાની જેમ- અનેક પાપકર્મોદયી આત્માઓના બૅલેન્સમાં પડેલા પુણ્યોને ઉદીરણાકરણ દ્વારા ઉદયમાં લાવી દઈને સુખી અને સમૃદ્ધ કરી શકે છે. એ જ રીતે આત્માની વિશિષ્ટ કક્ષાની શુદ્ધિ અનેક આત્માઓના મોહનીયકર્મનો હ્રાસ કરીને તેમને દોષોમાંથી મુક્ત કરીને ગુણવાન બનાવે છે. પાતંજલ-યોગમાં કહ્યું છે કે, 'એક આત્મા પોતાનામાં 'અહિંસા'ની પ્રતિષ્ઠા કરે તો તેના જીવંત વર્તુળમાં આવતા ઉંદર-બિલાડી જેવા જાતિ વૈરી જીવોના હિંસક ભાવો ખતમ થઈ જાય છે. એક બ્રહ્મચારીની પાસે ઉપસ્થિત થનાર આત્માની વિષયવાસના નાસભાગ કરવા લાગે છે.

આથી પોતાની દોષમુક્તિ કે ગુણપ્રાપ્તિરૂપ સિદ્ધિ એ પરાર્થ બની જાય છે.

ઉત્તરા સૂત્રમાં કહ્યું છે કે, એક આત્મા પોતાને જો એક દોષમાંથી બહુધા મુક્ત કરી દે તો તેનો તે દોષ-વિજય, દસ લાખ સૈનિકોના સૈન્ય ઉપર મેળવાતા વિજય કરતાં ચડિયાતો છે.

એક જ દોષવિજય, એક જ ગુણપ્રાપ્તિ પણ અનાદિકાળથી સંસારમાં ભ્રમણ કરતાં જીવ માટે શક્ય નથી, આ કામ દુઃખવિજય અને સુખપ્રાપ્તિ કરતાં ઘણું બધું કઠિન કામ છે.

સર્વવિરતિધર્મની ઉપાસના એ કોઈ તેની નીચેના માર્ગાનુસારિતા, સમ્યગ્દર્શન કે દેશવિરતિ કક્ષાના ધર્મોની ઉપાસનાથી અનંતગુણ ચડિયાતી ઉપાસના છે.

એટલે જ એમ કહી શકાય કે જો દસ લાખ માર્ગાનુસારી

જીવો કે સમયગ્દષ્ટિ યા દેશવિરતિધર જીવો કરતાં એક જ સર્વવિરતિધર આત્માની એક ક્ષણની ઉપાસના સકળ વિશ્વનું હિત કરવા સમર્થ છે. તો વિશ્વકલ્યાણ માટે સર્વવિરતિ ધર્મને જ આરાધવો જોઈએ, અને વિકસાવવો જોઈએ. એની મજબૂતાઈમાં વિશ્વનું હિત છે. એની નબળાઈમાં વિશ્વનું અહિત થવું સંભવિત છે.

વિશ્વયુદ્ધને એ જ ટાળી શકે, વિશ્વયુદ્ધ લાવવામાં એ જ નિમિત્ત બની શકે.

દરેક શ્રમણે પોતાનું શ્રામણ્ય નબળું ન પડી જાય તે માટે ઉપદેશમાળામાં તેને પાંચ વસ્તુઓથી ખૂબ આઘા રહેવાની પ્રેરણા કરી છે : (૧) આત્મપ્રશંસા (૨) પરનિન્દા (૩) રસનેન્દ્રિય લંપટતા (૪) જાતીયવાસના (૫) ચાર કષાયો.

અસ્તુ. મૂળ વાતે આવીએ.

આરાધનાઓ કહે છે કે, અમે આરાધકભાવ વિનાની હોઈએ તો ય અમારી શક્તિ પ્રચંડ છે.

ઓઝોનમાં પડેલા ગાબડાને પૂરી દેવું એ અમારે મન રમત વાત છે.

ખેતી આદિમાં થયેલા ભયંકર નુકસાનો ભરપાઈ કરવા માટે અમારે એક રાત જ બસ છે.

કેન્સરની ગાંઠ ઓગાળી દેવી એ અમારા માટે ભૂલકાંની રમત જેવું કામ છે. (સનતચક્રી, રામકૃષ્ણ પરમહંસની શક્તિથી કોણ અજાણ છે ?)

મરવા પડેલા પતિને જીવતો રાખી દઈને પત્નીના લલાટે લખાતું વૈધવ્ય અધવચમાં જ ઉડાવી દેવું એ અમારો ડાબા હાથનો ખેલ છે. સ્વના કે પરના દુઃખોને દૂર કરવાનું કામ અમારા માટે

જરાય મુશ્કેલ નથી. તમે તીવ્રતાથી (ભારે ઉલ્લાસથી) અમારું સેવન કરો; પછી જુઓ કેવાં હેરતભર્યાં પરિણામો અમે લાવી મૂકીએ છીએ !

પણ સબૂર ! જો તમે સ્વ-પરની દોષમુક્તિની ભાવના રાખતા હો તો તે અમારા એકલાનું કામ નથી. એ માટે તો તમારે અમારી સાથે ત્રણમાંથી કોઈ પણ એક આરાધક ભાવ તીવ્રતા સાથે જોડવો જ પડે. જો તે જોડાય તો દોષમુક્તિના ક્ષેત્રમાં પણ અમે અણધાર્યાં, અણકલ્પ્યાં, હેરતભર્યાં પરિણામો હાંસલ કરી દેખાડીએ.

પછી તો અમે ગર્ભપાત, છૂટાછેડા વગેરેના વિચારો કરનારા આત્માઓના મગજમાંથી એ હિંસક વિચારોને જ ડામી દઈએ.

સ્વાર્થીનો સ્વાર્થભાવ, દુરાચારીનો કામભાવ, અતૃપ્તોનો ક્રોધભાવ, ધનાદિનો અહંભાવ તથા ઈર્ષ્યા, દ્રોહ, ધિક્કાર વગેરે તમામ દુષ્ટ ભાવોને અમે ખતમ કરી શકીએ. બેશક, આ તાકાત અમારી આરાધનાઓની તો નથી જ; એ તાકાત છે; અમારી સાથે જોડાયેલા આરાધકભાવની; ત્રણમાંના કોઈ પણ તીવ્ર બનેલા આરાધકભાવની.

અહીં એક વાતનો ખ્યાલ રાખવો કે કોઈ પણ ધર્મની કોઈ પણ ધર્મક્રિયાને આરાધના કહી શકાય. હા, તેમાં શરત એટલી જ છે કે તે આરાધના મોક્ષ પામવાના લક્ષવાળી હોવી જોઈએ. પછી ભલે તે મોક્ષલક્ષ 'મંદ' કક્ષાનું હોય. પૂજ્ય હરિભદ્રસૂરિજી મહારાજે કહ્યું છે કે, " તે તે ધર્મોમાં કહેલી કોઈ પણ વાત કે કોઈ પણ ક્રિયા જો તે નાનામાં નાના વિકાસવાળા અપુનર્બન્ધક ભાવને પામેલી હોય તો અમે તેને 'આરાધના' કહેવા માટે તૈયાર છીએ. કેમકે અંતે તે ભાવ વિકસતો જઈને તે આત્માને મોક્ષ પમાડીને જ રહેવાનો છે. આમ જુદી જુદી અવસ્થાઓના યોગ અધ્યાત્મ વગેરેને પણ અમે આરાધના તરીકે સ્વીકારીએ છીએ.

**तत्तत्तन्त्रोक्तमखिलमपुनर्बन्धादिकम् ।**
**अवस्थाभेदतो न्याय्यं परमानंदकारणम् ॥**

મીરા, નરસિંહ મહેતા, રમણ કે રામકૃષ્ણના પરમાત્મમય જીવનને જોતાં એમ જરૂર કહી શકાય કે આ આત્માઓ ટૂંકા ભવોમાં પરમાત્મભાવને પ્રગટ કરી દેશે.

કોઈ 'મહાવીર' જપે કે 'મહાદેવ' જપે પણ જો તેઓ એકાન્તે મોક્ષ પામવાના લક્ષવાળા હોય તો તે બંનેનો ટૂંક સમયમાં જ મોક્ષ થવાનો છે એ વાત નિઃશંક છે. જ્યારે નામફેર છતાં બન્નેય આરાધકો પોતાના ધારેલા ઈષ્ટદેવનું વીતરાગસ્વરૂપ બરોબર સ્વીકારે છે; જ્યારે મોક્ષનું યથાર્થ સ્વરૂપ બરોબર કબૂલે છે ત્યારે તે નામફેરમાં વસ્તુતઃ કોઈ ભેદ રહેતો નથી.

આટલી સ્પષ્ટતા પછી આપણે મૂળ વિષય ઉપર આવીએ.

આપણા જીવે અનંતકાળમાં જે સામાયિક, પૂજા, પ્રતિક્રમણ વગેરે કર્યાં અથવા ઠેઠ મુનિ જીવન સુધી પહોંચીને કેટલીય વાર કષ્ટમય આરાધનાઓ કરી છતાં આપણો મોક્ષ થયો નથી તેથી હવે 'આરાધના' કરવાનો અર્થ શો ? એવો નિરાશાનો સૂર કાઢવો નહિ.

ફરી એક વાત કરી દઉં કે એકલી આરાધનાઓથી મોક્ષ થતો નથી. આપણે અનંતકાળમાં એકલી આરાધનાઓ જ કરી છે તેનાથી મોક્ષની આશા શી રીતે રખાય ? મોક્ષ તો આરાધકભાવથી યુક્ત આરાધના દ્વારા થાય. આપણી પાસે પૂર્વે ક્યારે ય આરાધક ભાવ ન હતો.

એકલી આરાધના એટલે ધર્મક્ષેત્રમાં ધસારો, પણ દોષોના ઘસારાનું નામ નહિ ! આ ન ચાલે. જેણે મોક્ષ પામવો હોય તેણે ઘસારો પણ પામવો જોઈએ.

આરાધનાઓ એવી કરવી જોઈએ કે તેના દ્વારા આપણા

આત્માના ચીકણાં-જામ થઈ ગયેલાં રાગદ્વેષનાં પરિણામો ઘસાતાં જાય-ઘટતાં જાય. જે આત્માઓ આવા ઘસારાને ઈચ્છે છે તેમની આરાધનાઓથી જ આવો ઘસારો હાંસલ થાય છે. પણ પૂર્વે કરેલી અનંતી આરાધનાઓમાં ક્યારે ય આપણા જીવે આવો ઘસારો ઈચ્છ્યો જ નથી માટે તે આરાધનાઓ તરફ ધસારો જરૂર થયો પણ તેનાથી મોક્ષ ન થયો. એ જ રીતે આરાધનાઓમાં ગતિ ખૂબ કરી પણ પ્રગતિ (મોક્ષ તરફ ગમન) જરા ય ન થઈ. પેલો ઘાંચીનો બળદ ! ગોળ ગોળ ફર્યા કરે. સાંજ સુધીમાં દસ કિલોમીટર ચાલે; પણ બિચારો ઠેરનો ઠેર ! જરા ય પ્રગતિ (આગેકૂચ) ન પામે....! માત્ર ગતિ કર્યા કરે.

હવે આમાં આરાધનાનો શો વાંક ?

જો હવે ફરી આપણે સામાયિક, પૂજા...યાવત્ સર્વવિરતિની આરાધના શરૂ કરીએ અને તેમાં આરાધકભાવ જોડી દઈએ તો બહુ ટૂંકા સમયમાં આપણો મોક્ષ નક્કી થઈ જાય.

આરાધનાઓના પુષ્કળ મીંડાની પૂર્વે આરાધક ભાવનો એકડો જ મૂકવાની જરૂર છે. પછી તે મીંડાઓની કિંમત ક્રોડો કે અબજોના આંકથી નીચે તો નહિ જ હોય !

એક વાત નક્કી છે કે ભલે આરાધનાઓ કરવા છતાં (કાંઈક ખૂટતું હતું માટે) આપણો મોક્ષ થયો નથી; પરંતુ એ વાત પણ એટલી જ નક્કી છે કે જ્યારે પણ મોક્ષ થશે ત્યારે તે આરાધનાઓ (આરાધક ભાવ સહિતની આરાધનાઓ)થી જ થશે.

સાત વાર હેન્ડલ ફેરવ્યું તો ય મોટરનું મશીન ભલે સ્ટાર્ટ ન થયું, છતાં હજી હેન્ડલ ફેરવ્યા જ કરવું પડે; કેમકે જ્યારે પણ મશીન સ્ટાર્ટ થશે ત્યારે હેન્ડલ ફેરવવાથી જ થશે. તે ફેરવવાનું બંધ કરવાથી તો મશીન સ્ટાર્ટ થવાની કોઈ શક્યતા રહેતી જ નથી.

દુકાન ખુલ્લી રાખવા છતાં બાર મહિના સુધી ઘરાક ન આવ્યું એટલે કાંઈ દુકાન બંધ ન કરી દેવાય. કેમકે ઘરાક આવવાનું હશે તો ઉઘાડી દુકાને જ આવશે; બંધ દુકાને તો નહિ જ આવે.

બેશક, આરાધક ભાવ જાગ્યા વિના દોષમુક્તિ, ગુણીજીવન અને મોક્ષ શક્ય જ નથી; પરંતુ એવી સ્થિતિ હાંસલ કરવાની પૂર્વભૂમિકા તો આરાધનાઓ જ કરે છે.

સર્પના દંશથી આખા શરીરમાં વ્યાપી ગયેલું ઝેર ચૂસીને બહાર કાઢવા પૂર્વે માન્ત્રિકને તે ઝેર ડંખ-ભાગે ખેંચીને લાવવું પડે છે. તે વિના તેને ડંખભાગથી ચૂસી શકાતું નથી. આમ ચૂસવાની ક્રિયા પૂર્વે એક ઠેકાણે ઝેરને ખેંચી લાવવાની ક્રિયા અત્યંત આવશ્યક બની જાય છે.

આરાધનાઓ ઝેરને ડંખ-ભાગે ખેંચી લાવે છે. પછી આરાધક ભાવ ઝેરને ચૂસી લઈને બહાર ફેંકી દે છે.

હા. અભવી, દૂરભવી કે ભારેકર્મી ભવી જીવો માટે એવું બને છે કે તેમની આરાધનાના પ્રભાવથી ઝેર ડંખ ભાગે આવી ગયા પછી પાછું આત્મામાં પ્રસરી જાય છે અને તેથી જીવ સર્વથા વિષમુક્ત બનતો નથી. આમ થવાનું કારણ એ છે કે તેવા પ્રકારના આત્માઓ આરાધક ભાવમાં આવી શકતા જ નથી. આરાધક ભાવ એટલે ઝેરને ચૂસીને બહાર ફેંકી દેવાની ક્રિયા.

ઝેરનું ડંખ-ભાગે આવી જવું એટલે મિથ્યાત્વની ગાંઠની સાવ નજીક આવી જવું. ઝેરનું ચૂસી લેવું એટલે મિથ્યાત્વની ગાંઠ ભેદી નાંખીને સમ્યગ્દર્શન રત્નની પ્રાપ્તિ કરવી. અભવી વગેરે જીવો અનંતી વાર ગ્રન્થિ-ભાગની લગભગ નજીક આવી ગયા. પણ બિચારા પાછા ફર્યા. ઝેર ચૂસવાની ગ્રંથિને ભેદવાની ક્રિયા ન કરી શક્યા.

આ ઉપરથી સમજાશે કે એકલી આરાધનાઓની પણ કેટલી જબરી તાકાત છે !

હા. જૈન ધર્મની કોઈ પણ આરાધના કશા પણ ત્યાગ વિના સંભવિત નથી; કાંઈક પણ સહ્યા વિનાની એ હોતી નથી- એટલે ભોગરસી જીવોને એના તરફ નફરત રહે અને તેથી તેને વગોવવા માટે મળી જતી એક પણ તક ઝડપી લીધા વિના ન રહે એ સંભવિત છે..અઠ્ઠાઈના તપની આરાધના કરતી માતાને એ દિવસોમાં ક્રોધ આવી જાય કે પારણામાં જોરદાર લાલસા જાગી જાય તો પેલો નિધર્મી છોકરો માતાને જરૂર કહેશે કે, "તારા જેવી તપસ્વી કરતાં અમે હોટેલમાં ખાનારા વધુ સારા છીએ; કેમકે અમને તારી જેમ ક્રોધ તો નથી આવતો !"

બેશક, માતાનો ક્રોધ ખરાબ જ છે. એનો બચાવ થઈ શકે તેમ નથી; પણ ક્રોધને આગળ કરીને તપની આરાધના જ ઉડાવવી તે તો અતિ ખરાબ ધર્મનાશની રીત છે. આ તો પેલા નોકર જેવું થયું કે જેને રાજાએ પોતાની છાતી ઉપર સતત બેસતી માખીને ઉડાડવાની કામગીરી સોંપી. તે છોકરો માખીને ઉડાડી મૂકવા માટે ખુલ્લી તલવાર સાથે બેઠો. પણ માખી ઉપર તલવાર ઝીંકતા રાજાની છાતી ચીરાઈ ગઈ. માખીને મારવા જતાં રાજાને જ મારી નાંખ્યો !

જગત ઉપર વિરાધના (પાપ)નાં જેટલાં સ્થાનો હોય અને તે પાછાં વધતાં જતાં હોય તો તે હોટેલ, સિનેમા, દુકાન વગેરે વિરાધના-સ્થાનોની સામે આંબિલખાતું, ઉપાશ્રય, દેરાસર વગેરે આરાધનાસ્થાનો ઊભાં કરવાં જ પડે. જેવાં-તેવાં પણ એ આરાધનાનાં ખોખાંને ટકાવી રાખવાં જ પડે. ભલે કદાચ તે નિષ્પ્રાણ પણ હોય; છતાં જો તેને ટકાવી રાખ્યાં હશે તો આવતી

કાલે કોઈ યુગપ્રધાનાદિ મહાપુરુષ ધરતી ઉપર અવતરશે અને એ ખોખાંઓમાં પ્રાણ પૂરશે.

પણ જો ખોખાં જ ખતમ થઈ ગયાં હશે તો પ્રાણ પૂરશે કોણ? કયે ઠેકાણે ?

વિરાધનાની સામે આરાધના.

વિરાધનાની સામગ્રીઓ (ટી.વી. વગેરે) સામે આરાધનાની સામગ્રીઓ (ચરવળો, ઓઘો વગેરે).

વિરાધનાનાં સ્થાનોની સામે આરાધનાનાં સ્થાનો (દેરાસર વગેરે).

પણ સબૂર ! ત્રણે ય-આરાધના, તેનું સ્થાન અને સામગ્રી ભેગાં મળે તો ય તેમાં જો આરાધકભાવ જાગ્રત ન થાય; અને વિરાધકભાવ જાગ્રત થઈ જાય તો તે ત્રણ ભેગાં મળીને સદ્ગતિ આપી શકે પણ સંસાર કાપીને મોક્ષ ન આપી શકે. મોક્ષ માટે તો આરાધકભાવ જોઈએ જ. હા, તેની સાથે ગુણસાગર, શ્રેષ્ઠીપુત્રની જેમ વિરાધનાનું સ્થાન તેની સામગ્રી-વગેરે હોય તો ય કેવળજ્ઞાન અને વીતરાગદશા મળી શકે. જો કે તેથી આરાધના આદિની નિરર્થકતા માનવાની ભૂલ તો ન જ કરવી.

એકલી આરાધનાની પણ કેટલી તાકાત છે ? તે અંગે નાનકડી વાત કરું.

પોતાની ગાયને રોજ ચરાવવા લઈ જતો ભરવાડ સખત તાવમાં પટકાયો. સ્કૂલના ભાગમાં પોતાના દીકરાને ગાય ચરાવવા લઈ જવા કહ્યું પણ તે વાત તેને પસંદ નહિ પડતાં ગાયને એકલી ચરવા માટે ભરવાડે મોકલી આપી. જ્યારે તે ગાય સાંજે ઘરભેગી થઈ ત્યારે દીકરાએ તેને દોહી; પરંતુ જ્યારે પિતા દોહતા હતા ત્યારે આઠ લીટર દૂધ દેતી ગાયે આજે માત્ર પાંચ લીટર દૂધ આપ્યું. દીકરાએ પિતાને કારણ પૂછ્યું. પિતાએ એટલું જ કહ્યું કે, " દિકરા!

આવતી કાલે આખો દિ' ગાયને ખીલે જ બાંધી રાખજે; એટલે એ પૂરું આઠ લીટર દૂધ દેશે. " ખરેખર તેમ જ થયું. આથી દિકરાને વિચાર આવ્યો કે શું ખીલામાં એવી કોઈ તાકાત હશે કે તેનાથી ત્રણ લીટર દૂધ વધી જાય ? નવી પદ્ધતિના શિક્ષણને પામેલા છોકરાએ બાપદાદાની પરંપરાથી ચાલી આવતી વિદ્યા ગુમાવી દીધી હતી; એટલે જ આવો સવાલ થાય ને ?

તેણે પોતાની સમસ્યા પિતા સમક્ષ રજૂ કરી. હસી પડેલા પિતાએ કહ્યું, " બેટા ! ખીલામાં વધુ દૂધ દેવાની કોઈ તાકાત નથી. પણ જે ગાય ગઈ કાલ સુધી આઠ લીટર દૂધ દેતી હતી તેટલું જ દૂધ તે ગાયે આજે આપણને આપ્યું. તેનો અર્થ એ થયો કે એકલી ગાય જ્યારે વનમાં ચરવા ગઈ હતી ત્યારે તે વગડાના અભદ્ર લોકોએ તેને દોહી નાંખી હતી એટલે આપણને ત્રણ લીટર દૂધ ઓછું મળ્યું. ગાયને ખીલે બાંધી રાખવાથી આ નુકસાન અટકી ગયું. એટલે ખીલો વધુ દૂધ દેતો નથી પણ દૂધનું નુકસાન જરૂર અટકાવે છે. હવે જો આપણે ગાયને કપાસીઆ, ખોળ વગેરે સારી રીતે ખવડાવીએ, તેને સ્નાનાદિની માવજતથી ખૂબ પ્રસન્ન રાખીએ તો આઠને બદલે કદાચ નવ, દસ લીટર દૂધ પણ દે. નહિ તો ખીલે બાંધવાથી આઠ લીટર તો પૂરું દે જ."

પિતાની વાત દીકરાના મગજમાં 'ફીટ' બેસી ગઈ.

સામાયિક, પૂજા વગેરે આરાધનાઓ તે ખીલો છે. આપણા મનના શુભ ભાવો તે દૂધ છે. વગડો તે વિરાધનાનું સ્થળ છે. જે આત્માઓ સામાયિક, પૂજા, તપ વગેરે કરતા નથી તેઓ સિનેમા, હોટેલ, ક્લબ, ડિસ્કો, ટી.વી વગેરેનો સંગ તે જ સમયમાં કરશે. તેથી તેમના શુભભાવો ચોરાઈ જશે. જો તેઓ આરાધનામાં બેસે તો તેમના શુભ ભાવોની ચોરી થતી અટકી જાય. એટલો નક્કર લાભ મળી જાય. હવે જો કપાસીઆ, ખોળ જેવો આરાધકભાવ

જોડાય તો તો શુભ ભાવોની ભરતી આવવા લાગે. પછી તો જીવનું જબરું કામ થઈ જાય.

એટલે હવે એ વાત નક્કી થઈ કે સામાયિક, પૂજા, તપ વગેરે આરાધનાઓ - એકલી - હોય તો ય તે કેટલુંક પરિણામ તો લાવી જ આપે છે. ભલે તેમાં મનની સ્થિતિ ચલાચલ હોય તો ય શું થઈ ગયું ? તન અને વચન એ બે યોગ તો આરાધનામાં કબજે આવી જ ગયા છે ને ? જો આપણે દરેક યોગના તેત્રીસ માર્ક્સ મૂકીએ તો ય ભટકતા મનથી આરાધના કરનાર આત્માને છાસઠ માર્ક્સ તો તરત જ 'સિક્યોર' થઈ જાય છે. હા....હવે બાકીના મનના ત્રેત્રીસ માર્ક્સમાં પણ જેટલા વધુ લવાય તેટલા લાવવા માટે તેણે આરાધક ભાવને કેળવવો જોઈએ; એ વાત કબૂલ છે.

પેલો શક્તિમાતાનો પરમભક્ત. એનો એક જૈન-મિત્ર. આ મિત્ર ઝાઝો ધર્મ ન કરે; પણ આદરભાવ સહિત હંમેશ અખંડિતપણે એકસો આઠ નવકાર અચૂક ગણે. આ જ એની ધાર્મિક મૂડી હતી.

એક વાર બે જણ વાતે ચડ્યા. એમાં શક્તિમાતાના ભક્તે દાવો કર્યો કે, " તમારા ભગવાન કરતાં અમારાં માતાજી જબરા પ્રભાવશાળી છે. " આ વાતની પ્રતીતિ કરાવી દેવા માટે તે ભક્ત, જૈન-ભાઈને માતાજીના મંદિરે લઈ ગયો. માતાજીના ભુવાને દસ રૂપિયાની નોટ આપીને ભક્તે કહ્યું કે, ''આજે તમે ગમે તેમ કરીને આ જૈન ભાઈને માતાજીનો પરચો કરાવી દો.''

દસ રૂપિયાની નોટ જોઈને ભુવામાં જબરું બળ ધસી આવ્યું. તે સંકલ્પપૂર્વક ધૂણવા લાગ્યો. થોડી જ વારમાં ખરેખર માતાજીએ તેના શરીરમાં પ્રવેશ કર્યો, માતાજીએ પોતાનો પરચો દેખાડવા જૈનના શરીરના પ્રવેશ કરવા માટે ખૂબ મહેનત કરી પણ તે નિષ્ફળ ગયા. માતાજી વિદાય થઈ ગયા. ભુવો થાકીને ધરતી ઉપર બેસી ગયો. તેણે કહ્યું કે આ જૈન ભાઈ એવો કોઈ જબરો મંત્ર ગણી

રહ્યા છે જેના પ્રભાવથી મારી મા તેમના શરીરમાં પ્રવેશી શકતી નથી. જો તે ભાઈ પોતાનો મંત્રજપ છોડી દે તો કાચી સેકંડમાં હું માતાજીનો પરચો બતાવી દઉં."

આ વાત સાંભળીને માતાજીના ભક્તે પોતાની હાર કબૂલી. જૈન ભાઈ ઘરે ગયા. રાતે બેત્રણ કલાક સુધી ખૂબ રડ્યા. એને એ વાતથી રડવું આવ્યું કે મારી પાસે આટલો બધો પ્રભાવક મંત્ર હોવા છતાં હું એને ક્યારેય પણ ભાવપૂર્વક જપ્યો જ નહિ ! મારા મંત્રની મેં જ કદર કરી નહિ ! માત્ર આદરથી તેનો જપ કરવાને બદલે આરાધક ભાવ સાથે જો મેં જપ કર્યો હોત તો મને કેટલો બધો લાભ થઈ જાત !"

જોઈ ને ! સદ્ભાંવપૂર્વકના મંત્રજપની પણ તાકાત ! આરાધના કહે છે; અમે એકલી હોઈએ તો ય બહારના બધા ભૂત-પ્રેતને ભગાડી મૂકીએ. પણ સબૂર ! બહારના ભૂત કરતાં તો ખૂબ ખરાબ અંદરના ભૂત છે. જેમનાં નામ છે; રાગ અને દ્વેષ. તેમને ભગાડવાની તાકાત અમારી નથી. એ તાકાત તો આરાધકભાવની જ છે. જેટલો એ તીવ્ર એટલી જલદી નાસભાસ રાગ-દ્વેષના ભૂત-પ્રેતની !"

પેલા હાર્ટ એટેકના દર્દી એન્જોગ્રાફી કરાવતા હતા. તે વખતે મશીન તેમની સામે હતું. તેમાં તેમની પલ્સનો આંક ૧૧૯ સતત જણાવતો હતો. એકાએક તે ભાઈએ સદ્ભાવપૂર્વક નવકાર મંત્ર ગણવાનો શરૂ કર્યો. બે-ચાર નવકાર ગણ્યા હશે તેટલામાં પલ્સ-રેટ ૭૫ થઈ ગયો. તે ભાઈને જરા કુતૂહલ થયું. તેમણે મંત્રજપ બંધ કર્યો. તરત જ પલ્સ-રેટ ફરીથી ૧૧૯ થઈ ગયો. ફરી જપ શરૂ કર્યો. થોડી જ વારમાં પલ્સ-રેટ ૭૫ થઈ ગયો !

તેમના કાર્ડીઓલૉજિસ્ટ ડૉક્ટરની નજર બહાર આ વાત ન ગઈ. તેમણે દર્દીને પૂછ્યું કે, " તમે મનમાં કોઈક જપ કરો છો?''

દર્દીએ જ્યારે નમસ્કાર-મંત્ર જપની વાત કરી ત્યારે ડૉક્ટર બોલી ઉઠ્યા, " અહો ! મંત્રના ધ્વનિઓની કેટલી જબરી તાકાત છે કે તે પલ્સ-રેટને સાવ 'નોર્મલ' કરી દે છે ! "

વનસ્પતિના વિવિધ છોડ ઉપર જુદા જુદા મંત્રોના જપ કરીને ધ્વનિ-તરંગો એક વાર છોડવામાં આવ્યા હતા અને તેમની વનસ્પતિ ઉપરની અસરોનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. કોઈ પણ મંત્રજપથી વનસ્પતિ પૂરબહારમાં ખીલી ઊઠતી હતી. પરંતુ તેમાં નવકાર મંત્રના જપનો નંબર પહેલો આવ્યો હતો. ગાયત્રીનો નંબર બીજો આવ્યો હતો.

ઠીક છે; નંબરનો અહીં બહુ સવાલ નથી. વાત એટલી જ છે કે જપાદિકની કોઈ પણ આરાધનામાં પોતાની સ્વયંભૂ તાકાત પણ જબરી છે, એ વાતની પણ નોંધ લેવી જ રહી.

પૂર્વે કહ્યું તેમ આરાધનાઓમાં બેસવાથી તન અને વચન ઉપર જે કબજો આવે છે તે મનના કબજાની એકદમ સુંદર પૂર્વભૂમિકા બને છે. જેણે મનને કાબૂમાં લેવું હોય તેણે તેની લગામરૂપ તન, વચનને કબજામાં લેવાં જ પડે. આથી જ જૈની પ્રતિજ્ઞાઓ માત્ર મનની હોતી નથી, પણ વાણી અને કાયાની પણ હોય છે. (**मणेणं, वायाओ, काएणं**) જેનાં વાણી અને વર્તન કાબૂમાં હશે એનું મન બેકાબૂ બનેલું હશે તોય છેવટે ખીલે બંધાયેલા તોફાન કરતાં માંકડાની જેમ શાન્ત પડીને જ રહેશે. આથી જ એક કવિએ કહ્યું છે કે, " મન જાય તો જાને દો, મત જાને દો શરીર. "

શરીર જો પાપમાં રગદોળાયું નહિ હોય તો પાપે રગદોળાઈ ગયેલાં મનને ઠેકાણે આવતાં બહુ વાર નહિ લાગે.

વાણી અને વર્તનને તેમનાં અશુભ નિમિત્તોથી જો દૂર કરી દેવાય; જો તેમને શુભ નિમિત્તોમાં મૂકી દેવાય તો પછી મનની

અશુભમાં કૂદાકૂદ ઝાઝો સમય ચાલી શકતી નથી. આ વાતને નજરમાં રાખીને જ ખાનદાન લોહીવાળા આત્માઓને પાયાના ગુણોનું અસ્તિત્વ જોઈને દીક્ષા આપવામાં ધર્મગુરૂઓ તૈયાર હોય છે. તેઓ જાણે છે કે તે આત્મા જો પાપી બની ગયો હોય તો તેનું કારણ તેની આસપાસ ભરડો લઈને બેઠેલાં અશુભ નિમિત્તો છે. વાણી અને વર્તન જેમ જેમ અશુભ થતાં જાય તેમ તેમ મનની અશુભતા વધુ ગાઢ ચીકણી અને ઊંડી બનતી જાય. જો તે આત્માને વાણી અને વર્તનનાં અશુભોથી ખસેડી લેવામાં આવે અને શુભોમાં ગોઠવી દેવામાં આવે તો તે આત્મા-થોડોક સમય મન તોફાન કરે તો ય-છેવટે સ્વરૂપ-રમણતામાં જરૂર આવી જાય.

આ કારણે જ તેવા યોગ્ય આત્માઓને દ્રવ્યથી પણ-વેશપલટારૂપ-દીક્ષા આપવામાં આવે છે. વેશપરિવર્તનરૂપ દીક્ષિત જીવનથી પણ બે ફાયદા તો તરત જ મળી જતા હોય છે. અશુભ વાણી અને અશુભ વર્તનોનો એકદમ ત્યાગ; અને ગુરુસેવા, જીવદયાપાલન તથા બ્રહ્મચર્યપાલનની, શુભ નિમિત્તો મળવાથી એકદમ સરળતા. હવે ભલે કદાચ મનમાં 'સંસાર' કૂદાકૂદ કરતો પણ રહે. કિન્તુ વર્ષ, બે વર્ષમાં તે કૂદાકૂદ પણ શાન્ત થઈને જ રહેશે; કેમકે વેશપરિવર્તનના જીવનમાં શુભ-એકલા શુભ-નિમિત્તોથી જ જીવ વીંટળાએલો હોય છે. એટલે મનની અશુભમાં કૂદાકૂદ-અશુભ નિમિત્તોના અભાવમાં-ઝાઝો સમય ચાલી શકે તેમ નથી.

આ જ કારણે મહોપાધ્યાયજીએ કહ્યું છે કે જે આત્મામાં ભવ વિરાગ અને વ્રતપાલનમાં ધૈર્ય જો જોવા મળે તો બીજો લાંબો વિચાર કર્યા વિના તેને તમે જરૂર દીક્ષા આપજો. તે આત્મા દીક્ષા લેતી વખતે કદાચ મંદ મિથ્યાત્વની સ્થિતિમાં હશે; તેને બહારથી સમ્યક્ત્વનું દાન કરીને સર્વવિરતિ આપવામાં કશો વાંધો નથી. સર્વવિરતિ ગુણ પામ્યા પછી સર્વવિરતિનો વેશ સ્વીકાર્યા પછી

સર્વવિરતિ ગુણ પામનારાઓની સંખ્યા કાયમ ઘણી મોટી રહેવાની. ટૂંકમાં વેશથી દીક્ષિત થયા પછી જ સમ્યક્ત્વની અને સર્વવિરતિ-ગુણની પ્રાપ્તિ થવાની શક્યતાઓ વધુ રહે છે.

આ ઉપરથી સમજાશે કે માત્ર બાહ્ય આરાધનાઓનું જીવન પણ અભ્યન્તર-આરાધક ભાવને પ્રાપ્ત કરી આપવામાં કેટલું બધું પ્રેરક બને છે ?

મહોપાધ્યાયજીએ આ વાત નીચેના શ્લોકમાં કરી છે :

**अतो मार्गप्रवेशाय व्रतं मिथ्यादृशामपि**
**द्रव्यसम्यक्त्वमारोप्य ददते धीरबुद्धयः ॥**

વેશથી દીક્ષિત થયા પછી અપૂર્વ સ્વાધ્યાયના નિમિત્તને પામીને ગોવિંદ નામના મુનિને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઈ હતી.

દીક્ષિત થયા બાદ હરિભદ્રસૂરિજીને જૈન શાસ્ત્રોનું અવગાહન કરવા મળતાં જિનશાસનના વિરાટ સ્વરૂપનો ખ્યાલ આવ્યો હતો. એમના મુખમાંથી શબ્દો નીકળી પડ્યા હતા કે જો આ જિનશાસન મને ન મળ્યું હોત તો મારું શું થાત ? કેવો ટીચાતોકુટાતો રહેત; આ સંસારમાં !

રકઝકમાં ભલે ને મુંડાઈ ગયા ! પણ તેથી જ ગુરુસેવા કરતાં કરતાં-પહેલી જ રાતે ચંડરુદ્રાચાર્યના શિષ્યને કેવળજ્ઞાન થયું.

કેટલી ઊંડી સમજણ હશે; દીક્ષા લેતી વખતે અતિમુક્તકની! માત્ર છ વર્ષની વયના બાળકની ! પણ દીક્ષા લીધી તો જીવદયાનો પરિણામ જોરદાર બન્યો અને માત્ર નવ વર્ષની ઉંમરે તે મહાત્માને કેવળજ્ઞાન મળી ગયું !

મુનિવેષ હતો તો પ્રસન્નચંદ્ર રાજર્ષિને પોતાની અવળી ગતિનું ભાન થયું ! સાતમી નરક તરફ ધસમસતા તેમના આત્માએ વીતરાગદશાને પ્રાપ્ત કરી લીધી !

માત્ર મુનિવેષ હતો; તો ય પેલો ભિખારીનો જીવ જૈનધર્મનો જ્યોતિર્ધર સમ્રાટ સંપ્રતિ બની ગયો !

પરાણે પણ મુનિ થએલા નાગિલાના વર ભવદેવ-મુનિ એક દિ' સાચા અર્થમાં મુનિ બન્યા ! ભાવિના જંબૂકુમાર બન્યા ! જો તેમણે મુનિવેષ જ ન સ્વીકાર્યો હોત તો એ બધી નેત્રદીપક ઊથલપાથલો ન જ થઈ હોત !

મુનિઓનો ઈર્યાસમિતિનો ઉપયોગ જોઈને તામલી તાપસ 'સમ્યગ્દર્શન' પામી ગયો. જે સાઈઠ હજાર વર્ષના ઘોર તપથી પણ પ્રાપ્ત થઈ શક્યું ન હતું.

એક મુનિની ગોચરી વહોરવાની શાસ્ત્રોક્ત આરાધના (ક્રિયા) જોઈને નટડીના મોહમાં ફસાએલા ઈલાચીકુમારને વાંસ ઉપર વીતરાગદશા પ્રાપ્ત થઈ ગઈ.

મુનિના મુખ ઉપરની અફાટ પ્રસન્નતા જોઈને રામચન્દ્રજીના પૂર્વજોમાં થયેલ વજ્જબાહુકુમાર અને મનોરમા સંયમજીવનના પંથે સંચર્યા ! એ વખતે તાજા પરણેલા હતા. હજી તો છેડાછેડીની અવસ્થામાં હતા તો ય.

બાહ્ય આરાધનાની પણ કેટલી બધી તાકાત હોય છે, તે આ પ્રસંગો ઉપરથી જાણવા મળે છે.

આરાધનાઓ કર્મપ્રકૃતિને, માણસના ક્રોધ વગેરે સ્વભાવસ્વરૂપ પ્રકૃતિને કે કુદરતસ્વરૂપ પ્રકૃતિને બદલી શકે પરન્તુ આત્માની અનંતજ્ઞાનાદિમય જે પ્રકૃતિ (સ્વભાવ) છે તેને બહાર કાઢવાનું કામ એકલી આરાધનાઓ ન કરી શકે, એ માટે તો તેમાં આરાધકભાવ જોડવો જ પડે.

જો આરાધનામાં ત્રણમાંથી કોઈ પણ એક આરાધકભાવ જોડાય તો તો ભારે જબરું આત્મહિત સધાઈ જાય. એમાં ય ઉપર

ઉપરના આરાધકભાવો સર થતા જાય; તેમાં વધુ ને વધુ તીવ્રતા આવતી જાય તો તો શું ન થઈ જાય ? તે સવાલ થઈ પડે.

ચાલો; હવે આપણે તે ત્રણ આરાધકભાવોને જોઈએ; જેઓ ઉત્તરોત્તર વધુ ને વધુ ઊંચી ગુણવત્તા ધરાવે છે. જો આરાધનાની સંખ્યા કરતાં નાના પણ આરાધકભાવની ગુણવત્તાનું બળ વિશેષ હોય તો આપણે તે આરાધકભાવોને જાણવા જ રહ્યા. તેમના સેવન દ્વારા શીઘ્ર મોક્ષ પામવાની આપણી તાલાવેલી પૂર્ણ કરવી જ રહી.

ત્રણમાંથી કોઈ પણ પ્રકારનો આરાધકભાવ, તેના સાચા અર્થમાં તો તે જ આત્મા લાવી શકશે, જેના અંતરમાં આ વિચાર જડબેસલાક બેસી ગયો હશે કે, દુઃખ કરતાં તો સુખ (ભૌતિક) અતિ વધુ ખરાબં છે; જે પાપ (આસક્તિ)ને અને તેના દ્વારા તન-મનનાં દુઃખોને પેદા કરે છે. એ જ રીતે નરકાદિની દુર્ગતિ કરતાં તો સ્વર્ગાદિની સદ્‌ગતિઓ પાપો પેદા કરી આપવાનો ભરપૂર મસાલો પૂરો પાડી આપવાથી વધુ ભયાનક છે. માટે દુઃખ, દુર્ગતિ તો ભલે દૂર થતાં પણ સુખ, સદ્‌ગતિ પણ દૂર થવાં જ જોઈએ. મુક્તિ-માત્ર મોક્ષ-મળવી જોઈએ; આવી મુક્તિ પામવાની તલબ જેના અંતરે જાગશે તે જ આત્મા તે મુક્તિને પામવા માટેના પ્રબળતમ સાધન સ્વરૂપ આરાધકભાવોને જાણવા, સમજવા અને જીવનમાં જલદીમાં જલદી ઝીલવા માટે યત્નશીલ બનશે.

## (૩) વિરાધકભાવ અને આરાધકભાવનું સ્વરૂપ

અનંતકાળમાં અનંતી વાર આરાધના કરી; પણ આરાધકભાવ તેની સાથે ક્યારેય નહિ જોડાતાં તમામ આરાધનાઓ, તમામ આરાધનાની સામગ્રીઓ અને તમામ આરાધનાનાં સ્થાનો આપણને 'મોક્ષ' આપવા ધરાર અસમર્થ બન્યા.

આ વિરાધકભાવ એટલે આત્માની નિષ્ઠુર પરિણતિ.

આની સામે એમ કહી શકાય કે આરાધક એટલે આત્માની કોમળ-પરિણતિ.

નિષ્ઠુર પરિણતિવાળા જીવોના દૃષ્ટાન્ત આપવા હોય તો અંગારમર્દક આચાર્ય, વિનયરત્ન, મગધેશ્વર કોણિક (જેને સાતમી જ નારકે જવું હતું. હાય ! તેના પિતાને ૧ લી નારક પણ અસહ્ય હતી; જ્યારે આ દીકરાને ૬ઠી નારકનું ગમન 'ઓછું' લાગતું હતું. કેટલો નિષ્ઠુર આત્મા !)

### સાત પદાર્થોની વિરાધના

આત્માની નિષ્ઠુર પરિણતિને કારણે કેટલીક વાર આત્મા ઘણાં ખોટાં કામો કરી બેસતો હોય છે. એમાં જો તે તત્ત્વત્રયી કે રત્નત્રયીરૂપ છ પદાર્થોમાંના કોઈ એકાદ પણ પદાર્થની કે જીવરાશિમાંના કોઈ એકાદ પણ જીવની ક્રૂર નિંદા, આશાતના, હિંસા વગેરે રૂપે વિરાધના કરી બેસે અને મરતાં સુધી તે ભવમાં તેનું પ્રાયશ્ચિત્ત પણ - નિષ્ઠુરતાને કારણેસ્તો- ન કરે તો તે વિરાધના, વિરાધકભાવ બનીને આત્મપ્રદેશોમાં ચક્કાજામ બની જાય છે. આ વિરાધકભાવ ભવોભવ સુધી તે આત્માનો કેડો છોડતો હોતો નથી.

વિરાધકભાવ એટલે જાણે ભૂત ! આત્માને તે વળગી પડ્યું!

વિરાધકભાવ એટલે જાણે લાગેલો શાપ !

આત્મા શાપિત બન્યો. હવે તેને સુખ કેવું?

પૂર્વના ભવોના વિરાધકભાવવાળા આત્માઓની ચિત્તસ્થિતિ ખૂબ વિષમ, વિલક્ષણ અને ભયાનક બની રહે છે. અને એનું જીવદળ ન કરવા જેવા કામ કરી બેસે; એનું ચિત્ત અધમાધમ કક્ષાના વિચારો કરી નાંખે, એની વાણી હીનમાં હીન પ્રલાપ કરી નાંખે; એની કાયા નીચમાં નીચ અકાર્ય કરી બેસે.

આ હલાહલ કલિકાળમાં-જેને શાસ્ત્રકારોએ હૂંડા (ભૂંડા) અવસર્પિણી કાળ કહ્યો છે તેમાં-અભાગી એટલે વિરાધકભાવ યુક્ત જીવોનો જ આ ભરતક્ષેત્રમાં મોટા ભાગે જન્મ થાય. એ જીવોની દશા અત્યન્ત માઠી હોવાનું જ વિશેષ સંભવિત હોય.

આવા જીવોની દશાનું વર્ણન આબેહૂબ રીતે વીતરાગ-સ્તોત્રના **त्वन्मणतामृतपानोत्था**....સ્તોત્રમાં કર્યું છે.

આનંદઘનજીએ ચોવીશીના કુંથુનાથજીના સ્તવનમાં કર્યું છે.

ઉદયરત્ન મહારાજે 'મુજ સરીખા મેવાસીને' સ્તવનમાં કર્યું છે.

સાત પદાર્થોના વિરાધકોનો નામ નિર્દેશ કરું.

દેવ-તત્ત્વનો વિરાધક ગોશાલકનો પૂર્વભવીય જીવ ઇશ્વર. ગુરુ તત્ત્વનો વિરાધક કૂલવાલક, દત્તમુનિ, ગોશાલક (છેલ્લે પશ્ચાત્તાપથી તે ઉગરી ગયો.)

ચારિત્રધર્મના વિરાધકો-દ્રૌપદીનો પૂર્વ ભવીય જીવ નાગશ્રી, (હાય ! ભવોભવ એ જીવ કેવો પટકાતો જ રહ્યો !) પેલી લક્ષ્મણા સાધ્વી !

સમ્યગ્દર્શનનો વિરાધક જમાલિમુનિ !

સમ્યગ્જ્ઞાનની વિરાધક-ઓલી, અજ્જા સાધ્વી ! ઉત્સૂત્ર ભાષિણી !

સમ્યક્ચારિત્રના વિરાધકો-સુમંગલ આચાર્ય, સામયિક મુનિ, સિંહગુફાવાસી મુનિ, સંભૂતિ મુનિ, સુકુમાલિકા સાધ્વી, નાગિલાના વર ભવદત્તમુનિ !

આમાંથી જેમણે પોતાના પાપાનુબંધો તોડ્યા; પરન્તુ જેમના પાપબંધો નિકાચિત હોવાથી તૂટ્યા નહિ તે આત્માઓ તે કર્મના ભોગકાળમાં કેવા તરફડ્યા ?

જુઓ કામલતાને ત્યાં નંદિષેણ તરફડે છે.

પેલો સત્યકી વિદ્યાધર તરફડે છે.

સાર્થવાહપત્ની બનેલી સુકુમાલિકા તરફડે છે!

નટડી-પતિ અષાઢાભૂતિ તરફડે છે.

પરમાત્મા મુનિસુવ્રતની મૂર્તિ પાસે રાવણ ઝૂરે છે, 'બચાવો બચાવો'ની બૂમ સાથે....

નાગિલા-પતિનો જીવ શિવકુમાર ભવે તરફડે છે. આદિનાથ-પુત્ર ભરત જેને પોતાની પટ્ટરાણી બનાવવાની જિદ્દમાં આવી ગયો હતો તે સુંદરી તરફડે છે. ૬૦ હજાર વર્ષ સુધી અખંડ આંબિલનું તપ કરીને બાધક કર્મોનો ક્ષય કરી રહી છે.

આ રીતે આપણે સમજ્યા; વિરાધક-ભાવના સ્વરૂપને ! તેની ભયાનકતાને!

આ રીતે હવે આરાધકભાવને અને તેની કલ્યાણકારિતાને સમજી લઈએ.

## આરાધકભાવનો અપૂર્વ મહિમા

આપણે હવે તે આરાધકભાવનું સ્વરૂપ સમજીએ કે જે વિરાધક ભાવના ભૂકા બોલાવે છે.

આરાધકભાવ એટલે આત્માનો કોમળ-માખણથી ય મૃદુ-પરિણામ. જિનશાસનની સામાન્યતઃ એ શૈલી છે કે દોષને દૂર

કરવા માટે પ્રયત્ન કરવા કરતાં વિશેષ પ્રયત્ન ગુણને પ્રગટ કરવામાં લગાડવો.

અંધારાને કાઢવું હોય તો ધોકા મારી મારીને તેને કઢાય નહિ, પણ ત્યાં દીવો લાવીને મૂકી દેવો. તેના આવતાં જ અંધારું પલાયન!

મોરલો આવી બેસતાંની સાથે જ બાવનાચંદનના વનની ઠંડકને લીધે ત્યાંથી જરાય ન ચસકતા નાના મોટા તમામ સાપ દૂમ દબાવીને ભાગી છૂટ્યા જ સમજો. પ્રત્યેક સાપને સાણસાથી પકડી પકડીને કાઢવાનો ઉપાય તો ઘાતક નીવડે. એકાદ સાપ ડંખ મારી દે તો ?

ટેપ ઉપર ચડી ગએલા સિનેમાના અશ્લીલ ગીતને દૂર કરવા માટે તેને બ્લેડથી ખોતરાય નહિ. ટેપ જ ખલાસ થઈ જાય. એ માટે તો નવું સુંદર ભક્તિગીત ટેપ ઉપર ચડાવી દેવું એ જ શ્રેષ્ઠ રસ્તો.

જો આરાધકભાવ આવે તો વિરાધકભાવ દૂમ દબાવીને ભાગે. આત્મામાં આરાધકભાવસ્વરૂપ કોમળ પરિણતિ આવી હોય તો તેના કેટલાંક બાહ્ય લક્ષણો જોવા મળે :

(૧) એ આત્માને જિનવચન ઉપર અસીમ બહુમાન જાગીને રહે.

જિનવચન એટલે જિનાજ્ઞા. આ આત્માને જિનની આજ્ઞા ઉપર અત્યન્ત સદ્‌ભાવ થાય. એનાથી બધી જિનાજ્ઞાઓનું પાલન ન થાય તો પણ તે તમામ આજ્ઞાઓ પ્રત્યે અતિ બહુમાન એટલે કે ભારેથી ભારે પક્ષપાત તો હોય જ.

વચનની આરાધના માત્ર પાલનરૂપ નથી; પક્ષપાત એ પણ આરાધના જ છે.

કહ્યું છે કે વચનની આરાધના એ ધર્મ છે. એની વિરાધના કરવી તે અધર્મ છે.

**વચનારાધનયા ખલુ ધર્મઃ**
**તદ્બાધયા ત્વધર્મ ઈતિ,**

વચન-પક્ષપાતના સ્વરૂપને આ સ્તવનમાં સરસ રજૂ કર્યું છે.

ના રે પ્રભુ ! નહિ માનું અવરની આણ,
મારે તારું વચન પ્રમાણ....ના રે પ્રભુ.

**एस अट्ठे, एस परमट्ठे, सेसे अनट्ठे,**

**અર્થ :**

સાચા છે વીતરાગ; સાચી છે વાણી; આધાર છે આજ્ઞા બાકી ધૂળધાણી.

**तमेव सच्चं निःसङ्कं ।**
**जं जिणेहिं पवेइअं ॥**

મારા પ્રભુ કદી જૂઠું બોલે નહિ. રાગ, દ્વેષ અને અજ્ઞાન (મોહ) જૂઠું બોલવાના ત્રણે ય કારણોનો જેમણે જડમૂળથી ખાત્મો બોલાવી દીધો એવા મારા નાથ; શા માટે જૂઠું બોલે ?

આંખ મીંચીને એમની પ્રત્યેક વાત ઉપર મારો દૃઢ વિશ્વાસ, જેવો વિશ્વાસ સંસારી લોકોને પોતાના ફેમિલિ ડૉક્ટર ઉપર હોય છે તેથી ય ઘણો વધુ વિશ્વાસ.

મારા પ્રભુની બટાટામાં અનંતા જીવની વાત કે બીજી રાત પસાર કરી ગયેલા દહીંમાં ઉત્પન્ન થતાં જીવોની વાતની વૈજ્ઞાનિક તપાસ કરાવવાનો હું સ્વપ્નમાં વિચાર સુદ્ધાં ન કરું. એ તો મારા પ્રભુના વચનમાં શંકા જ કહેવાય.

એ શંકા એટલે એમની ઘોર આશાતના જ.

માણસ ત્રણ રીતે પાપ છોડે :

(૧) પ્રાથમિક કક્ષાના જીવો પાપના કટુ વિપાકો-દુર્ગતિમાં દુઃખો વગેરે- જાણીને પાપથી ધ્રૂજી ઊઠે.

(૨) મધ્યમકક્ષાના જીવો પ્રભુવચનમાં તે પાપ સેવવાનો નિષેધ જાણીને કહે કે, " વિપાકકટુતા તો ઠીક છે. પરન્તુ હું તે પાપ એટલા માટે નહિ સેવું કેમકે મારા પ્રભુએ મને ના પાડી છે."

(૩) ઉત્તમ કક્ષાના જીવોની વિચારણા તો એકદમ અદ્ભુત છે. તે કહે છે, ''હું તે કામ એટલા માટે ન કરું કેમકે મારો તેવો સ્વભાવ છે. જેમ ઢેફું ખવાય જ નહિ, અગ્નિને અડાય નહિ તેવી મારી આ વાત છે કે પાપ થાય જ નહિ.

મને અહીં યુધિષ્ઠિર ના દ્રૌપદીને કહેવાયેલા સુપ્રસિદ્ધ શબ્દો યાદ આવે છે :

''દ્રૌપદી ! ધર્મ મારો સ્વભાવ છે.'' સ્વાતિનક્ષત્ર સિવાયનું કોઈ પણ પાણી ગમે તેટલી તૃષા લાગે તો ય ચાતક પક્ષી પીવે જ નહીં. કેમ ? કેમકે તેવો તેનો સ્વભાવ છે.

અગન્ધન કુળના નાગ વમેલું ઝેર પાછું ચાટે જ નહિ. કેમ? કેમકે તેવો તેનો સ્વભાવ છે.

મયણા, સુલસા, શ્રેણિક, કૃષ્ણ અને કુમારપાળ, કવિ ધનપાળ, વીરાચાર્ય, પંન્યાસ સિદ્ધિચન્દ્રજી, ધર્મસિંહસૂરિ, રામસૂરિજી વગેરે વચન બહુમાનના જબરદસ્ત સ્વામીઓ હતા. વચન બહુમાનની ખુમારીથી તેઓ રોમરોમમાં ધમધમતા હતા.

વચન બહુમાન જેનામાં આવે તે જીવને બહુ મોટી ત્રણ વસ્તુ પ્રાપ્ત થાય :

(૧) પાપ ભીરૂતા

(૨) પ્રજ્ઞાપનીયતા (વડીલો જેને બે શબ્દ બિન્ધાસ્ત કહી શકે તેમ હોય.)

(૩) પાપનો તીવ્ર પશ્ચાત્તાપ.

આ એકેકો ગુણ અત્યન્ત મૂલ્યવાન છે.

વળી આ જીવની આત્મ પરિણતિ ખૂબ કોમળ હોવાના કારણે તેને ત્રણ બાબતોમાં આંસુ પડ્યા વિના રહે નહિ.

(૧) દુઃખીઓને જોઈને...

(૨) પોતાની 'પાપી' અવસ્થા ઉપર...

(૩) ગુણીજનોને જોઈને...(હર્ષના આંસુ)

'જૈનં જયતિ શાસનં' પદમાં શાસન શબ્દનો અર્થ જિનાજ્ઞા-બહુમાન કરવો. સર્વ ધર્મો (સામાયિક, પૂજાદિ)માં સૌથી પ્રધાન જિન-વચન બહુમાન છે. તેના વિનાના ધર્મો મોક્ષ કદી આપી શકે નહિ.

જિનવચન ઉપર સો ટકા બહુમાન એ સમ્યગ્દર્શન છે; તેની અપૂર્વ ઝલક છે.

જે વિરાધનાઓથી નિકાચિત પાપ કર્મ બાંધ્યું હોય અને પાપનો જ અનુબંધ તૈયાર કર્યો હોય તે પાપબંધ તો ન તૂટે પરન્તુ વચન બહુમાન તે પાપના અનુબંધો તો તોડી જ નાંખે. જો તે અનુબંધો તોડાય નહિ તો પાપ ઉદયમાં આવતાં જીવ ફરી પાપ કરત. અનુબંધ તૂટ્યો એટલે જીવની બહુ મોટી જીત થઈ ગઈ.

ઉપદેશ-પદ ગ્રન્થમાં પૂજ્ય હરિભદ્રસૂરિજીએ કહ્યું છે કે માનવજન્મને સફળ બનાવવો હોય તો પુણ્યના નબળા અનુબંધોને તગડા કરો અને પાપના તગડા અનુબંધોને સાવ નબળાઘેંસ કરી નાંખો. આટલું કામ થઈ જાય એટલે સંસારની આગળ વધનારી પરંપરા બંધ થઈ જાય. પછી 'બંધ' તરફ લક્ષ અપાય.

પ્રાથમિક કક્ષાના ધર્મી જીવો માટે પુણ્યનો બંધ કરવો અને પાપનો બંધ ન કરવો એ વાતનું જરૂર મહત્ત્વ છે. પણ ઊંચી કક્ષાએ

પહોંચેલા ધર્મી જીવોનું તો 'અનુબંધ' તરફ વિશેષ લક્ષ દોરવવું જોઈએ.

જંબૂકુમારના જીવે નાગિલાના પતિના ભવમાં નિકાચિત એવું પાપાનુબંધી પાપકર્મ (ચારિત્ર મોહનીય કર્મ) બાંધ્યું હતું. એ જ ભવના છેલ્લા બાર વર્ષમાં ઘોર પશ્ચાત્તાપ, (દુષ્કૃતગર્હાત્રિક) ના બળથી તેણે પાપનો અનુબંધ તોડી નાંખ્યો, તે પછી શિવકુમારના ભવમાં તે પાપકર્મ ઉદયમાં આવ્યું. ૧૨ વર્ષ સુધી છઠને પારણે આંબિલ કરવા સાથે અવિરતિમાં રહેવાની ફરજ પડવા રૂપે તે પાપ કર્મ ભોગવીને ખતમ કર્યું.

આમ પાપનો બંધ, અનુબંધ બેય ખતમ થયા. એટલે જ તે પછીના જંબૂકુમારના ભવમાં તે જીવ દોમદોમ સાહેબી વચ્ચે અપ્સરા જેવી આઠ પત્નીઓની સાથે એકાંતમાં એક રાત રહેવા છતાં જલકમલવત્ નિર્લેપ રહી શક્યો. પાપના બંધ અનુબંધ -બેય- તોડી નાખ્યાં હોવાથી હવે વીતરાગતા તરફ આગળ વધવાની તેની 'લાઈન' એકદમ ક્લીઅર થઈ ગઈ હતી.

કેટલું પરિવર્તન ! સાધુવેષમાં માત્ર 'નાગિલા' નો જપ કરનાર જીવ ગૃહસ્થ વેશમાં આઠ રૂપરમણીની સામે પણ જોવા તૈયાર નથી.

જે જીવોનું વર્તમાન માનવજીવન કે મુનિજીવન કુસંગ કે કુનિમિત્તો કે કર્મોના કાતીલ હુમલાઓ થવાના કારણે બરબાદ થઈ ગયું હોય તેઓ આ ભવના તન, મનથી હવે કશું ધર્મસામર્થ્ય ફોરવી શકે તેમ નથી. તેમણે 'પરમાત્મા પાસે, મને આવતા ભવે ઉત્તમ જૈનકુળે જન્મની પ્રાપ્તિ થાઓ,' 'તેવી સતત પ્રાર્થના કરવા પૂર્વક આ ભવમાં જિનવચનના કટ્ટર પક્ષપાતી : બહુમાની અવશ્ય બની જવું. આથી પાપના અનુબંધોના ભૂકા બોલાવી દેવાની બહુ મોટી ગણાતી સાધના થઈ જશે. પછી આવતા ભવે પાપના બંધો

જ તોડવાના બાકી રહેશે. દરેક જીવે રાતદિવસ વાંરવાર આ પ્રાર્થના કરવી જોઇએ.

'ઓ દેવાધિદેવ ! (૧) આપના રૂડા પ્રભાવે (અમારા ભાવે નહીં.) અમારા સહુના (મારા એકલાના નહીં) પાપાનુબંધો તૂટી પડો.

(૨) જિનવચનના સામ્રાજ્ય નીચે અમારું જીવન બની રહો.

(૩) અમને સાચું સાધુપણું પ્રાપ્ત થાઓ. બીજી રીતે કહું તો અનુબંધની તોડ-જોડ કરવા માટે આ ત્રણ પદોનું અત્યન્ત ભાવપૂર્વક વારંવાર મનન કરવું.

(૧) ખામેમિ-જીવરાશિને પુનઃ પુનઃ ખમાવું છું.

(૨) મિચ્છામિ-મેં સેવેલી રાગદ્વેષની કાળી પરિણતિઓ બદલ હું મારા આત્માની પાસે વારંવાર માફી માગું છું.

(૩) વંદામિ-માર્ગાનુસારિતાથી માંડીને સિદ્ધત્વ સુધીના જે જે ગુણોનો જે આત્માઓએ વિકાસ કર્યો હોય તે તમામને ભાવભરી પુનઃ પુનઃ વંદના કરું છું.

આ પદના ભાવવાહી સ્મરણની પ્રત્યેક સેકંડે અનંત અનંત કર્મોના ભૂકા બોલાય છે. આ વાતમાં પૂર્ણ વિશ્વાસ મૂકીને આ પદોનું પુનઃ પુનઃ સેવન સહુએ કરવું જોઈએ.

પરમાત્મા મહાવીરદેવની સાડા બાર વર્ષની ઘોર સાધનાની ૧૨ાા સેકંડ માટે પણ આપણે સાધના કરવાને સમર્થ નથી. પણ તે ઘોર સાધનાથી તેમણે જે પરિણામ હાંસલ કર્યું એ જ પરિણામ આપણે ૧૨ાા સેકંડના આ ત્રિપદીના મનનથી પ્રાપ્ત કરી શકીશું.

વૈદરાજે રાજાને માથું દુઃખ્યું તો મોતીના ખાખનો લેપ કરાવ્યો. પણ તે માટે સાવ અશક્ત એવા રબારીને તે સ્થિતિમાં સૂંઠનો જ લેપ કરાવીને એ જ સિદ્ધિ પ્રાપ્ત કરાવી.

**દેવો કેમ ધરતી ઉપર આવતા નથી ?**

કેટલી બધી ભયાનક સ્થિતિમાંથી ભારત રાષ્ટ્ર, ભારતીય પ્રજા, જૈનસંઘ, જૈન કુટુંબો, વ્યક્તિગત જીવન પસાર થઈ રહ્યા છે? દુઃખો તો ઊભરાયા છે પણ દોષો સવિશેષ ઊભરાયા છે. આ બધું ઊંડાણથી જોતાં એમ લાગે છે કે ભારતદેશનો દસેક વર્ષમાં નાશ થશે. જૈન ધર્મ પણ આ સમયમાં નષ્ટ થઈ જશે.

કહેવાય છે કે હજી તો ઘણા બધા યુગપ્રધાનો થવાના છે. જૈન ધર્મનો સુવર્ણકાળ ભારતમાં આવવાનો છે વગેરે.

મને તો આ વાતોમાં શંકા પડી જાય છે. "મારું શાસન ૨૧ હજાર વર્ષ સુધી અવિચ્છિન્નપણે આ ધરતી ઉપર ચાલશે." આ વીરવાણી મિથ્યા તો હોઈ શકે જ નહિ.

તો એનો શી રીતે સમન્વય કરવો ?

મને લાગે છે કે વિક્રમની બીજી સદીમાં ભારતવર્ષમાં જે મહાભયાનક ધરતીકંપો થયાનું ઇતિહાસવિદો જણાવે છે તે વખતે ભારતવર્ષની ધરતીના બે ટુકડા થઈને તે છૂટા પડી ગયા હશે. હાલમાં જે ટુકડો આપણાથી અદૃશ્ય છે ત્યાં જૈનધર્મનો સુવર્ણકાળ ચાલતો હશે. ત્યાં યુગપ્રધાનો આજની તારીખમાં વિદ્યમાન હશે.

અહીંનો વિનાશનો જે તીવ્રતમ વેગ છે તે જોતાં દસ વર્ષથી વધુ જૈનધર્મનું કે અન્ય ધર્મોનું અસ્તિત્વ મને જણાતું નથી.

છતાં જો એ જ વાત સાચી હોય કે ધરતીકંપથી એવા કોઈ બે ટુકડા થયા નથી. જે છે તે આપણું આ એક જ ભારત છે. અહીં જ જૈનધર્મનો સુવર્ણકાળ દસ-પંદર વર્ષમાં આવી રહેવાનો છે. આમાં કોઈ મીનમેખ થનાર નથી.

તો મારે કહેવું પડશે કે પાંચેક વર્ષમાં જ જૈનધર્મના અનુયાયી વર્ગમાં જિનવચન પ્રત્યે અગાધ બહુમાન ઉત્પન્ન થયા

વિના રહેશે નહિ. તેમ થતાં કોમળ પરિણતિવાળા જીવો પશ્ચાત્તાપાદિથી આંખે આંસુ વહાવતા થશે.

આમ થતાં દેવ તત્ત્વનું અવતરણ થશે.

આંખના આંસુ વિના દેવ ન આવે, દેવાધિદેવ પણ ન આવે. (યાદ કરો, ચંદનબાળાના પ્રસંગને) દેવો કહે છે, " અમારે ભારતના જૈનસંઘને મદદ કરવા એકદમ ધસી આવવું છે પણ આંસુ વિના અમે શે આવીએ ?

હા..અમે મહાશુદ્ધિમાન કે મહાપુણ્યવાન આત્માની પાસે દોડી જોઈએ છીએ-અમને તેમનું બળ-ખેંચી લાવે છે. હલાહલ કલિયુગમાં બે-પાંચ તેવા આત્માઓનું બળ ઓછું પડે. એકાદ બે હજાર આત્માઓનું જો સામૂહિક શુદ્ધિબળ કે પુણ્યબળ ભેગું થાય તો અમારે આ ધરતી ઉપર દોડી આવવું જ પડે. પણ કાશ ! તેવું બળ જૈનસંઘમાં જણાતું નથી. આમ છતાં ય અમારી દોડી આવવાની તૈયારી છે; જો સામૂહિક અશ્રુપાતનું અમને દર્શન થાય તો. હાય ! આજે તો આજની ભયાનક પરિસ્થિતિનું દર્શન કરીને ય બધા આંસુ વહાવતા નથી. હવે શું કરવું ?

દેવોની આ વાત અક્ષરશઃ સાચી છે.

આંસુ કોમળ પરિણતિ બન્યા વિના આવતા નથી. જો નજીકના સમયમાં - કાળાદિના પ્રભાવથી - જીવોની આત્મ પરિણતિ કોમળ બને; જો તેમનામાં વચનબહુમાન આવે તો પરદુ:ખજનિત, સ્વપાપજનિત, પરગુણજનિત આંસુનો સુકાળ થઈ ગયા વિના રહેશે નહિ.

જો બાળમલ્લ મુનિ પાસે, આચાર્યશ્રી યશોદેવસૂરિજી પાસે, કલિકાલસર્વજ્ઞ પાસે, માનદેવસૂરિજી પાસે કે રડતાં દેવચન્દ્રસૂરિજી વગેરે પાસે દેવો આવ્યા છે તો આજે પણ કેમ ન આવે ?

હા...દેવ તત્ત્વના અવતરણ વિના, તેની સહાય મેળવ્યા વિના - એકલા શ્રમણો-માત્ર પોતાની સાધનાના બળથી મોટું સાનુકૂળ-પરિવર્તન-લાવી શકે નહિ. વજ્રસ્વામીજીને જાવડની અને હેમચન્દ્રસૂરિજીને કુમારપાળની મદદ લેવી પડી હતી.

જિનશાસનની સુરક્ષા શ્રમણોની સાધનાથી છે; તો શ્રમણો-પાસકોની પાસેના સાધનો (સંપત્તિ વગેરે)થી પણ છે.

સાધના અને સાધનનો સુમેળ જ જિનશાસનનો સર્વતોમુખી અભ્યુદય કરી શકશે.

ચાલો, આવા 'અભ્યુદય'ના આપણે પ્રહરી બનીએ. તે માટે આપણા આરાધકભાવોને જોડીએ. આપણા વિરાધકભાવોની આત્મામાંથી હકાલપટી કરીએ. હવે તે ત્રણ મહાન આરાધક ભાવો તરફ નજર કરીએ; જેની ઉપર જાતની, જૈનસંઘની, જગતમાત્રની સાચી પ્રગતિ- આબાદીનો આધાર છે.

# (૪) પહેલો આરાધકભાવ : ભગવાન વહાલા લાગે

**नयनं गलदश्रुधारया वचनं गद्गद्सुधया गिरा ।**
**पुलकैर्निचितं वपुः कदा, तव नामग्रहणे भविष्यति ॥**

હે પરમેશ્વર ! તારું નામ લેતાંની સાથે જ ક્યારે મારી આંખો ટપકતાં અશ્રુઓની ધારાથી યુક્ત બનશે ? ક્યારે મારા શબ્દો કોમળ અમૃતવાળી વાણીથી યુક્ત બનશે ? ક્યારે મારું શરીર વિકસ્વર રોમરાજીથી ભરપૂર બનશે ?

આરાધનાઓ પુણ્યનો બંધ તૈયાર કરે. તેના ઉદયકાળમાં જીવ સુખી થાય; પણ ના...જીવને ગુણી બનાવવાની તાકાત આરાધનામાં નથી.

આરાધકભાવ જ પુણ્યનો અનુબંધ તૈયાર કરે. તે અનુબંધના ઉદયકાળમાં જીવ ગુણી બને.

ગુણ વિનાનું સુખ તો તાર વિનાની વીજળી જેટલું ભયંકર! એવા એકલા સુખની શી કિંમત કે જે માનવને બુદ્ધિભ્રષ્ટ બનાવે, જીવનભ્રષ્ટ બનાવે ?

પહેલાં તો માણસે ગુણી બનવું જોઈએ. માત્ર સુખી તો કદાપિ નહિ. સૉક્રેટિસે આ જ વાત કરી હતી કે, " જે માણસ ગુણવાન છે તે જ મહાન છે; માત્ર ધનવાન માણસને કદી મહાન કહી શકાય નહિ." આ વિધાન ઉપર ધનવાનો તેની ઉપર વીફર્યા અને તેને ઝેર પીવાની ફરજ પડાઈ.

ગમે તેમ સોક્રેટીસ એકદમ સાચો હતો. સુખી અને ગુણી; જો બેમાંથી એક જ બની શકાતું હોય તો ગુણી જ બનવાની પસંદગી

કરવી જોઈએ. સુખ તો માત્ર આલોક પૂરતું કદાચ સારું ગણી શકાય; ગુણો તો આલોક-પરલોક-ઉભય-માટે સારા છે. ગુણીજનોને આ લોકમાં યશ, કીર્તિ, પ્રતિષ્ઠા બધું મળે છે. સુખીઓ-એકલપેટા સુખીજનો-ની તો સામે ય કોઈ જોવા તૈયાર હોતું નથી.

આમ જ્યારે સુખી થવા કરતાં ગુણી થવાની વાતનું મહત્ત્વ વધુ છે ત્યારે ગુણી બનાવનાર પુણ્યના અનુબંધનું મહત્ત્વ વધુ સાબિત થાય છે અને તે અનુબંધ તૈયાર કરનારા આરાધકભાવોનું પણ વધુ મહત્ત્વ સાબિત થાય છે.

આરાધકભાવના ત્રણ પ્રકાર છે : જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ. આ ત્રણેય ઉત્તરોત્તર વધુ સુંદર છે. ત્રણે ય આરાધકભાવોની બાહ્ય નિશાની આંખનાં આંસુ છે. હા, એ આંસુ આવવાનાં ત્રણ કારણો સાવ જુદાં છે. ટૂંકમાં, જેની આંખે આંસુ જ ન હોય તેના હૈયે આરાધકભાવ ન હોય એમ જરૂર કહી શકાય.

જઘન્ય કક્ષાનો પહેલો આરાધકભાવ એટલે ભગવાન વહાલા લાગે. જેને ભગવાન વહાલા લાગે એને સ્વાભાવિક રીતે ભગવાનનો વિરહ સતાવ્યા કરે. ભગવાનનો સાક્ષાત્કાર ન થાય તે બદલ તેની આંખમાં વિરહનાં આંસુ અવારનવાર આવી જાય.

દેવચન્દ્રજી મહારાજે એક જગાએ કહ્યું છે કે લોકો મને પૂછે છે કે, " તમે ભગવાનની છબી (મૂર્તિ) સામે જ કેમ બેસી રહો છો ? એનું નામ કેમ લીધા કરો છો ? તમને બીજું કાંઈ કેમ સૂઝતું નથી ?"

મારો તેમને એક જવાબ છે, ''ભાઈ ! હું મારા વહાલાના વિરહથી ખૂબ કાયર બની જાઉં છું. હું વિરહકાયર છું. વહાલાના વિરહને નહિ સહતો માણસ બીજું કરે ય શું ? સેવા સિવાય; જપવા સિવાય; ધ્યાન ધરવા સિવાય ?''

રવીન્દ્રનાથ ટાગોરે પરમાત્માને આજીજીપૂર્વક વિનંતિ કરી છે કે, '''હે ત્રિભુવનપતિ ! મારામાં જો તેવી પાત્રતા તને ન જણાતી હોય તો તું મને તારો સાક્ષાત્કાર ભલે ન કરાવતો. પણ ઓ મારા વહાલા ! મારી ઉપર એટલી કૃપા તો જરૂર કર કે તારો સાક્ષાત્કાર મને નહિ થવા બદલ હું સતત મારી આંખોમાંથી અશ્રુધાર વહાવતો રહું !"

જેને ભગવાન વહાલા લાગે તેની આંખે વિરહનાં આંસુ સતત ટપક્યા કરે. જેવા એ યાદ આવે કે ભક્ત રડવા લાગે. રામકૃષ્ણ પરમહંસ 'મા' શબ્દ કોઈ નાનકડા બાળકના મોં માંથી નીકળતો સાંભળે તો ય તેમને 'મા' (કાલી દેવી) યાદ આવી જતી અને ઝટ આંખેથી આંસુ વહેવા લાગતાં. આવું જ ચૈતન્ય મહાપ્રભુને સંવેદન થતું. મીરા ગીરધરની યાદમાં અને સુલસા મહાવીરદેવની સ્મૃતિમાં ખોવાઈ જતી; રોઈ પડતી.

જે સ્ત્રીને પોતાનો પતિ અત્યન્ત વહાલો છે; એના વિરહકાળમાં એ સ્ત્રી જ્યારે ને ત્યારે રડી ન પડે તો બીજું કરે ય શું ? અરે ! પોતાના વહાલા પતિના સ્મરણમાં એ કેવી કલાકો સુધી ખોવાઈ જાય ? વહાલાને પામવા માટે એ શું શું ન કરે ?

અહીં એવી એક સત્યઘટના રજૂ કરું છું.

એ બાઈનું નામ હતું, રાખી. જામનગર જિલ્લાના હાલાર વિભાગના પડાણા ગામના જમનાદાસ સાથે તેનું લગ્ન થયું. લગ્ન થયાના આઠ જ દિવસમાં એના પતિને શેઠની સાથે દરિયાપારના દેશમાં જવાનું થયું. રાખીએ પતિને વહાલભરી વિદાય આપી. ઘણી ધીરજ રાખી. રાખીએ ત્રણ વર્ષ તો વિતાવી નાખ્યાં, પણ પછી તો રોજ ઘરેથી નીકળીને દરિયાકાંઠે જવા લાગી. જેટલાં વહાણ લાંગરે તેમાં પોતાના પતિના આગમનની તપાસ કરવા લાગી.

આમ પાંચ વર્ષ વીતી ગયાં. પછી સાસુના કહેવાથી રાખીએ દરિયાકિનારે જવાનું બંધ કર્યું. પણ તેણીએ કોઈ મોટા વહાણના નાખુદાને પોતાના પતિનું નામ આપી રાખ્યું.

થોડા જ દિવસમાં તે નાખુદાએ રાખીને ઘરે આવીને વાત કરી કે, " તમારા પતિ; તેમના માણસો સાથે થોડાક દિવસ પૂર્વે પરદેશથી નીકળી ગયા હતા. કુલ ચાલીસ માણસોને લઈને વહાણ સ્વદેશ ભણી આવી રહ્યું હતું. પણ પરદેશી ચાંચિયાઓએ તે વહાણ ઉપર હુમલો કરીને કબજે લીધું છે અને સોનપુર નગરથી ક્યાંક દૂરના ટાપુ ઉપર ચાલીસ માણસોને પૂરી દેવામાં આવ્યા છે. દરેક માણસદીઠ ચાર હજાર રૂપિયાની ચાંચિયાઓએ માંગણી કરી છે. એ ટાપુના નામની મને ખબર નથી."

રાખીએ તે નાખુદાનો ખૂબ ખૂબ આભાર માનીને કહ્યું, 'ભાઈ ! વહાલાની ભાળ મેળવવા માટે આટલી માહિતી તો મારે ઘણી બધી થઈ પડશે. તમે મારી ઉપર ખૂબ ઉપકાર કર્યો છે.'

પછી રાખીએ પોતાનાં બધાં ઘરેણા વેચીને ત્રણ હજાર રૂપિયા ભેગા કર્યા. સાસુને સાથે લઈને તે કોઈ વેપારીની પાસે ગઈ. ત્યાંથી વ્યાજે એક હજાર રૂપિયા લીધા. આમ ચાર હજાર રૂપિયા થઈ ગયા એટલે તેણીએ સાસુને કહ્યું, "સાસુજી ! હવે મારા પતિ મને ઝટ મળી જશે. મને તેમાં પાકી ખાતરી છે; કેમ કે ચાર હજાર રૂપિયા એકઠા થઈ ગયા છે. આપ મને આશીર્વાદ સહિત દરિયાપારના દેશોમાં જવાની રજા આપો, એટલે હું મારા વહાલાને ઝટ લઈ આવું."

તેને એકલી મોકલવામાં સાસુ મજબૂર બની. તે રાખીની સાથે ચાલી.

બે બાઈઓ વહાણ દ્વારા સોનપુર પહોંચી ગઈ. તેમના

જબરા સદ્નસીબે ત્યાં હાલાર દેશનો જ એક વેપારી મળી ગયો. તેનું નામ રસૂલ શેઠ હતું. સાસુએ માતૃભાષામાં તેને બધી વાત કરી. રાખી તો એના પગમાં જ પડી ગઈ. તેણીએ કહ્યું, " જો તમે મને ભાંગ્યુંતૂટ્યું પણ નાનકડું વહાણ આપશો તો અમે બે બાઈઓ આ દરિયાના બધા ટાપુઓમાં ઘૂમી વળીશું. તમે માત્ર વહાણ આપો. પછી અમે બધું પાર પાડીને જ રહીશું."

વહાલા પતિને પામવાનો રાખીનો ભરપૂર આત્મવિશ્વાસ જોઈને રસૂલ શેઠ આશ્ચર્યસ્તબ્ધ થઈ ગયો. પોતાના માદરે વતનની આ નિર્ભીક બાઈ હતી એ બદલ તેને ખૂબ ગૌરવ થયું. તેણે પોતાનો નોકર હાસીમ અને સુંદર વહાણ - બે આપ્યાં. હાસીમ હાલારી હતો એટલે રાખીની ભાષા જાણતો હતો અને તે ત્યાંના ચાંચિયાઓની ભાષા પણ જાણતો હતો; એટલે દુભાષિયા તરીકેની કામગીરી માટે તે ઉત્તમ પુરવાર થાય તેમ હતો.

ભારે શોધખોળ પછી એક ટાપુ ઉપરથી સમાચાર મેળવી શક્યા કે અમુક ચોક્કસ ટાપુમાં ચાલીસ માણસોને કેદ કરવામાં આવ્યા છે. કારમા ભૂખમરાથી તે બધા માણસો હાડપિંજર જેવા બની ગયા છે. ચાર હજાર રૂપિયા આપીને કોઈનો પણ કુટુંબીજન છોડાવવા આવેલ નથી.

રાખી અને તેની સાસુ, હાસીમની સાથે તે ટાપુ ઉપર પહોંચી ગયાં. વહાલાને પામવાની ધન્ય પળ નજીક આવી રહ્યાની કલ્પનાથી રાખી વારંવાર આનંદવિભોર બની જતી હતી.

જેવું વહાણ તે ટાપુએ લાંગર્યું કે ચાંચિયાના ચોકીદારોએ હાસીમને પડકાર્યો, પણ હાસીમ જરા ય અસ્વસ્થ ન થયો. તેણે સઘળી વાત કરી. ચોકીદારો નરમ પડ્યા. પોતાના માલિક પાસે જઈને બધી વાત કરતાં માલિકે બધાને પોતાની પાસે બોલાવ્યા.

રાખીની નાનકડી વય, રૂપાળું શરીર વગેરે જોઈને આવા ભયાનક એકાંતમાં ગર્જતા ટાપુ ઉપર આવવાની તે બાઈની હિંમત ઉપર ખુશ થઈ ગયો. હાસીમ દ્વારા રાખીએ તેને પોતાની બધી વાત જણાવી. રાખી પોતાના પ્રિયતમની શોધમાં, સાસુને સાથે લઈને ઘેરથી નીકળી પડી છે એ જાણીને ચાંચિયાની ભીતરમાં બેઠેલો 'રામ' જાગી ગયો. તેની ભયાનક મુખાકૃતિ એકદમ કોમળ બની ગઈ. તેણે તરત જ ચાલીસ માણસોને કોટડીમાંથી બહાર કઢાવીને લાઈનમાં ઊભા રખાવીને રાખીને કહ્યું કે, " બહેન ! આમાં તારો પતિ કોણ છે ?"

રાખીએ ખૂબ ધારી ધારીને જોયું પણ એકસરખા બની ગયેલા ચાલીસ હાડપિંજરોમાંથી તે પોતાના વહાલાને શોધી શકી નહિ.

ચાંચિયા-સરદારે હાસીમને કહ્યું કે, " રાખીના પતિનું નામ શું છે ?"

હાસીમે રાખીને તે વાત પૂછી. રાખીએ પાલવનો છેડો મોં ઉપર રાખીને, લજ્જાપૂર્વક કહ્યું, " જમનાદાસ."

સરદારે તરત જમનાદાસના નામની બૂમ પાડી. એક હાડપિંજર જેવી કાયા લાઈનમાંથી બહાર આવી. રાખીએ પોતાના વહાલાનું દર્શન કર્યું. તે દોડીને તેમના પગમાં પડી ગઈ. એક આંખે વહાલાની કથળેલી કાયા ઉપર દુઃખનાં આંસુ; બીજી આંખે સોભાગી મિલનના હર્ષનાં આંસુ વહેવા લાગ્યાં.

સહુ નિઃસ્તબ્ધ બનીને તે દૃશ્ય જોઈ રહ્યા. પવન પણ જાણે ક્ષણવાર તે દૃશ્ય જોતો સ્થિર થઈ ગયો ! રાખીની સાસુએ ચાર હજાર રૂપિયા સરદારની સામે મૂકી દીધા. પણ સરદારે તે રકમ લેવાની ના પાડી. ઉપરથી એણે હાસીમ દ્વારા રાખીને કહ્યું,

"રાખી ! તું મારી બેન છે. મારે એક રૂપિયો પણ જોઈતો નથી. તારા પ્રિયતમ પ્રત્યેનો તારો પ્રેમ જોઈને હું આશ્ચર્યમુગ્ધ બની ગયો છું. હવે તું મને કહે કે તારી બીજી કોઈ ઇચ્છા છે ખરી ? હું તે ઇચ્છા પણ પૂરી કરી દઈશ."

રાખીએ કહ્યું, " મારી ઇચ્છા એ છે કે આ બાકીના ઓગણચાલીસ માણસોને આપ અત્યારે જ છૂટા કરી દો. હું તેમને બધાંને તેમના વતનમાં પહોંચાડી દઈશ. તેમની માતાઓ અને પત્નીઓની આપને ખૂબ ખૂબ દુવા મળશે."

એક જ ક્ષણમાં સરદારે રાખીની ઇચ્છાનો અમલ કર્યો. રાખીને - બહેનને વહાલભરી વિદાય આપી.

એક સ્ત્રીને પોતાનો પતિ વહાલો હોય તો તેના વિરહમાં, તેની ખોજમાં, તેની સાથેના મિલનમાં તેના મનોભાવ કેવા હોય ? તે આ સત્ય ઘટનામાંથી આપણને જાણવા મળે છે. બસ...આવું જ વહાલપ, વહાલા બનેલા ભગવાનના ભક્તને હોય.

જેને ભગવાન વહાલા લાગી જાય એ આત્મા સંસારનાં બધાં દુઃખ સહી શકે છે. વસ્તુતઃ એને એ દુઃખોનું સ્મરણ જ થતું નથી.

મીરાંને તેની સખીએ પૂછ્યું કે, " તને ઝેર દેનારા તારા દિયર ઉપર કોઈ દિવસ તને ક્રોધ નથી આવતો ?" મીરાંએ કહ્યું, " મારા ગિરધરમાં હું એટલી લીન બની ગઈ છું કે મને બીજો કોઈ પદાર્થ જ સ્મરણમાં આવતો નથી. કોણ દિયર ? અને કેવી વાત ?"

સોક્રેટિસને જો ભગવાન વહાલા બન્યા હોત તો તેને અપાયેલું ઝેર અમૃત-બની જાત; પણ કાશ ! સોક્રેટિસ તો જ્ઞાની હતો; ભક્ત ન હતો. હા, મીરાં ભક્ત હતી; માટે જ તેણીને અપાયેલું ઝેર અમૃત બની ગયું હશે !

ઝેર પીને સૉક્રેટિસ મરી ગયો,
ઝેર પીને મીરા જીવી ગઈ.'
વહાલની વહાલપથી જ તો.

શું મીરાં કે શું મયણા, શું સુલસા કે શું ચંદના...જેને ભગવાન વહાલા બની ગયા તે બધા ય પોતાની ઉપર વરસતા કાળઝાળ દુઃખોને સાવ વીસરી ગયાં !

મીરાં સાસરિયાનાં દુઃખો ભૂલી ગઈ !

મયણા પિતાની ઊતરેલી ખફગી ભૂલી ગઈ !

સુલસા બત્રીસ દીકરાઓના એકીસાથે થયેલા મોતનું દુઃખ ભૂલી ગઈ !

અભિનંદન-પ્રભુના સ્તવનમાં આનંદઘનજીએ ગાઈ લીધું-
તરસ ન આવે હો, જીવનમરણ તણો;
સીઝે જો દરિસણ-કાજ.

હે દેવ ! જો તારો સાક્ષાત્કાર થતો હોય તો તે પામવા બદલ ભોગવવાં પડતાં જીવન-મરણ તમામ દુઃખોને હું કોઈ વિસાતમાં ગણતો નથી. મારે બધાં ય દુઃખ મંજૂર છે.

મગધપતિ શ્રેણિકને ભગવાન (મહાવીરદેવ) કેટલા વહાલા હતા ! કેવી એમની તરસ હતી કે, " મારો વહાલો આજે ક્યાં છે ?" તેની રોજ તપાસ રાખતા અને જે દિશામાં ઊભા રહીને તેમની સ્તવના કરતા. એમ કહેવાય છે કે મગધરાજના રોમરોમમાંથી " વીર ! વીર ! વીર !" નો અવાજ નીકળતો હતો ! મગધપતિ વહાલાના ધ્યાનમાં એટલા બધા તન્મય થઈ ગયા હતા કે એમના આગામી તીર્થંકર તરીકેના ભવમાં તે પણ વહાલા વીર જેટલી જ -સાત હાથની-કાયાવાળા બનશે, વહાલા વીર જેટલા જ-બોંતેર વર્ષના-આયુષ્યવાળા બનશે. વહાલા વીરે ખૂંદેલી ભારતવર્ષની

ધરતીના જ ભગવાન બનશે. અહાહા ! એવી તે કેવી વહાલામાં તન્મયતા હશે કે જેના પરિણામે આગામી ભવના દેહ ઉપર પણ તેની અસરો પહોંચી જાય !

વાત પણ સાચી છે કે 'વહાલા' જેવા જ થવાનું ભક્તને મન તો થાય જ. સાંભળવા મળ્યા મુજબ આ ધરતીના કહેવાતા બધા મસીહાઓમાં વિનોબાને સૌથી વહાલા અને સૌથી નિકટ મહાવીરદેવ હતા. આથી જ આસો વદ ચૌદસના દિવસે તેમને મોતનું તેડું આવી ગયું ત્યારે તેમણે ડૉક્ટરને કહ્યું હતું કે, " આજે તો મારે નથી જ મરવું. આવતી કાલે ભગવાન મહાવીરદેવનો નિર્વાણ દિન છે એટલે મારે કાલે જ મરવું છે." અને...ખરેખર તેમ જ થયું. આસો વદી અમાવાસ્યા-દિવાળીના વીર નિર્વાણદિને જ વિનોબા મૃત્યુ પામ્યા.

વહાલાના વહાલપની આવી વાતોનો ભેદ એના ભક્તો જ પામી શકે. આપણું તો તેમાં જરા ય ગજુ નહિ. વીર જેના વહાલા બન્યા તે ભક્તો અને ભક્તાણીઓ વીરે સાડા બાર વર્ષના સાધના કાળમાં જેટલા છટ્ઠ કે અટ્ઠમ વગેરેનો તપ કર્યો તેટલો જ તપ કરવાનો સંકલ્પ નથી કરતા શું ?

રાત અને દિ' પોતાના વહાલા સાથે વાતો કરનારા ભક્તોના હૈયે વહાલાને પામ્યાની ખુમારી પણ કેવી લાલચોળ હોય ? એ કેવો મસ્તાન હોય ? તેઓ કદી કોઈ ધનવાન, શ્રીમાન્ કે સત્તાવાન્ મોટા ચમરબંધીની પણ ખુશામત ન કરે તેમાં શી નવાઈ ?

પેલા કવિરત્ન ગંગ પાસે બાદશાહ અકબર પોતાની ખુશામત સાંભળવા માંગતા હતા એટલે કવિરાજને સમસ્યા પૂર્તિ આપી. "આશ કરો અકબર કી."

કવિરાજે પૂર્તિ કરીને આપી. " જિસકો હરિ પે વિશ્વાસ નહિ, સો હી આશ કરો અકબર કી. "

હા...આવી હરિની ખુમારીનું પરિણામ કવિરાજને ભોગવવું પડ્યું. તેમને હાથીના પગ તળે કચડાવી દેવાયા. પણ તેથી શું ? તેમની ખુમારી તો હાથી ઉપર સવારી કરતી જ રહી. તે થોડી પગ તળે થઈ ?

આનંદઘનજીએ વહાલાને કહ્યું, " ઉતરે ન કબહુ ખુમારી."

પોતાના ગુરુ કવિવર હરિદાસની વહાલા સાથેની પ્રણયલીલાને તાનસેને અકબરને આંખેઆંખ દેખાડી. એ અદ્‌ભૂત દૃશ્ય જોઈને અકબર પ્રગટ થઈને હરિદાસને ભેટી પડ્યો. પણ તેથી તો હરિદાસ નારાજ થઈ ગયા. હરિદાસે તાનસેનને કહ્યું, " ફરી આવી ભૂલ કદી કરતો નહિ."

પોતાના દરબારમાં બોલાવીને કવિ ભૂખણ પાસે પ્રભુભક્તિ ભરપૂર ભજનો અકબરે ગગડાવ્યાં તો ખરાં; પણ વિદાય વેળાએ કવિએ અકબરને કહ્યું, "અમારા જેવા પ્રભુભક્તોને આવો માનસિક ત્રાસ મહેરબાની કરીને આપ કદી નહિ આપો એવી આશા લઈને જાઉં છું. અમે અમારા વહાલા સિવાય કોઈની ખુશામત કરવાનું શીખ્યા નથી."

“જો પોતાને થયેલું કેન્સર મનને આદેશ આપવા દ્વારા રામકૃષ્ણ પરમહંસ ન મટાડે તો અમે તેમને પરમહંસ કહેવા તૈયાર નથી.” તેવું કહેનાર પંડિતજીને રામે કહ્યું, “પંડિતજી ! તમે બહુ કાચા પંડિત નીકળ્યા. મેં તો મારું મન પરમાત્માના ચરણે વિલીન કરી દીધું છે. તેને આ સડેલા દેહ ઉપર પાછું લાવવાની મૂર્ખાઈ હું કદી નહિ કરું.”

રાજા ભોજે ભગવંતના પરમભક્ત કવિ ધનપાલનું તિલકમંજરી કાવ્ય સાંભળ્યા બાદ પ્રસન્ન થઈને કવિને કહ્યું, “જો તમે આ કાવ્યમાં ‘આદિનાથ’ની જગ્યાએ ‘શંકર’નું નામ મૂકો,

'ભરત'ની જગાએ 'ભોજ'નું નામ મૂકો, 'વિનીતા' (નગરી)ની જગાએ 'ધારા'(નગરી)નું નામ મૂકો તો મોંમાગ્યું ઇનામ આપું."

આ સાંભળીને મોં ઉપર ઘોર તિરસ્કારનો ભાવ બતાડીને રાજા ભોજની માગણીને કાચી સેકંડમાં કવિરાજે ફગાવી દીધી. રાજા ભોજની સખ્ત શબ્દોમાં ઠેકડી કરી ! શિયાળાના તાપણામાં બીજી જ ક્ષણે તિલકમંજરી કાવ્યની હસ્તલિખિત પ્રતને ક્રોધથી લાલપીળા થઈને રાજા ભોજે ઝીંકી દીધી. પણ તેની જરાય પરવા કર્યા વિના કવિ ધનપાલ રાજસભા ત્યાગીને ચાલી ગયા ! કેવી હશે એ પ્રભુભક્તની ખુમારી ! કેવા વહાલા બન્યા હશે; એને ભગવાન !

અરે ! જેને ભગવાન વહાલા થઈ જાય તેને તો ભગવાન સાથે એક વાતમાં જબરો 'મીઠો' ઝઘડો થઈને જ રહે. એવો મીઠો ઝઘડો જો ન થાય, તો કહેવું પડે કે હજી ભગવાન વહાલા થવામાં થોડીક કચાશ રહી ગઈ છે !

આ કવિ ધનપાલની જ વાત કરું.

ભગવાન એવા છે કે તે પોતાના દાસને સદા માટે દાસ રાખવા માંગતા નથી. જેવા પોતે છે એવો ને એવો જ, એમાં જરાક પણ ઓછાશ નહિ, પોતાના દાસને ભગવાન બનાવવા માંગે છે. આ જગતમાં એવો શેઠ તો વિરલ જ મળે કે જે પોતાના નોકરને શેઠ બનતો જોવાની ઇચ્છા રાખે. ના....રે...ના ચાલીસ વર્ષની નોકરી કરી ચૂકેલા નોકરને આ કલિકાલનો શેઠ દસ જ પૈસાનો ભાગીદાર એવો 'શેઠ' પણ બનાવવા તૈયાર હોતો નથી, કેવા ભગવાન ? અને કેવા આ દુનિયાના શેઠ લોકો !

પણ હવે જ ખરી મજાની વાત આવે છે.

ભગવાનનો જે ખરો દાસ (ભગત) છે તે કંદી ભગવાન

બનવાનું ઇચ્છતો જ નથી. એને ભગવાન થવું જ નથી. આ વાત ધનપાલ કવિએ ઋષભ પંચાશિકામાં કહી છે. તેણે ભગવાનને કહ્યું છે કે, " હે ભગવાન ! હું તારી ખૂબ ભક્તિ કરીશ એટલે મને પાકી ખાતરી છે કે મને અનાદિકાળથી સંસારમાં ભટકાવતું જે અતિ ભયાનક મોહનીય કર્મ છે તેનો જડમૂળથી નાશ થઈ જશે. ખરેખર આ વાતથી તો હું ખૂબ આનંદમાં આવી જઈને તારી ભક્તિમાં વધુ જોર લગાવું છું. પણ હે પ્રભુ ! જ્યારે મને એ વાતની શાસ્ત્રો વાંચવાથી ખબર પડી કે એ મોહનીય કર્મનો નાશ થઈ ગયા બાદ હું ભગવાન બની જઈશ. ભગવાન બન્યા પછી મારે તને ઝૂકવાનું નહિ; તારા ચરણોમાં આળોટવાની જે મદમસ્ત મસ્તી છે તે માણવાની નહિ; તારાં ગીતો ગાવાનો મારો આનંદ તે વખતે લૂંટાઈ જવાનો...ના...જો 'ભગવાન' થયા બાદ મારી આ દાસત્વની મસ્તી ખોવાઈ જવાની હોય તો મારા માટે તો ભગવાન થવું અને મરવું એ વાત સમાન બની જાય છે. ઓ દેવ! મારે તારા જેવા -તારી સમાન- કદી બનવું નથી. હું તો સદા કાળ માટે એક જ ભાવના રાખું છું કે તું મારો ભગવાન અને હું તારો દાસ ! ભલે પછી તે માટે ભવોભવ આ સંસારમાં મારે જન્મ, મરણ કરવાં પડે; ઘડપણનાં દુ:ખો ભોગવવાં પડે. બધું મને મંજૂર છે. આ રહ્યા કવિવરના શબ્દો-

**होही मोहुच्छेओ तुह सेवाए धुव त्ति नंदामि ।**
**जं पुण तत्थ न वंदिअव्वो तेण झिज्झामि ॥**

પેલી મહાદેવી સીતાની પણ આવી જ મૂંઝવણભરી હાલત થઈ ગઈ હતી (અજૈન રામાયણના આધારે). જ્યારે દેવી સીતા રાવણની લંકામાં નજરકેદ કરાઈ હતી, તે વખતે તેની રક્ષા માટે લંકાની સેવિકાઓને ગોઠવવામાં આવી હતી. સેવિકાઓ રોજ

પોતાનો લંકાપતિ રાવણ સીતા પાસે કામ સુખ માટે ઝૂરતો દેખતી હતી. સીતાજીના અડોલ સત્ત્વને જોઈને તે સેવિકાઓ દૂર દૂરથી તેને અંતરના ભાવભર્યા વંદન કરતી હતી.

એક દિવસ બપોરના સમયે મહાદેવી " રામ, રામ" જપતી હતી ત્યાં એકાએક તેણે ચીસ પાડી અને બીજી જ પળે તે બેભાન થઈ ગઈ ! સેવિકાઓ એકદમ દોડી આવી. મહાદેવીને ભાનમાં લાવીને ચીસનું કારણ પૂછ્યું. સીતાજીએ કહ્યું, "આ સામે વૃક્ષ ઉપર જુઓ. ભમરી ભીની માટીના થર ઉપર થર જમાવીને તેમાં કાણાં પાડી ચૂકી છે. તેમાં ડંખ મારીને બેહોશ કરેલી લીલી ઈયળોને ભરાવીને દરેક કાણું બંધ કરી દીધું છે. હવે તેની ચોફેર ગુંજન કરી રહી છે. આ દૃશ્ય જોઈને મને કવિ જગતમાં પ્રસિદ્ધ બનેલો ઈલિકાભ્રમરી ન્યાય યાદ આવ્યો. તે ન્યાય જણાવે છે કે જે જેનું ધ્યાન ધરે - ભીતિથી કે - પ્રીતિથી તે તેના જેવો થાય. ભાનમાં આવેલી ઈયળો ભમરીના અવાજને સાંભળીને ભયભીત બનીને સતત તે ભમરીનું ધ્યાન ધરતી હશે એટલે તે બધી ઈયળો ભમરી બની જશે. હવે મારી વાત કરું. હું સતત "રામ રામ...રામ..." કરું છું. પ્રીતિથી તેનું ધ્યાન ધરું છું. તન્મય થઈ જાઉં છું. તો હવે સવાલ થાય છે કે શું રામનું ધ્યાન ધરતી હું રામ બની જઈશ ? અરેરે....મારે 'રામ' બનવું જ નથી. મારે તો સદા રામની દાસી સીતા જ બનવું છે. મને 'રામ' બનવામાં જરાય રસ નથી. એ રામ; હું ય રામ....ના....ના...બિલકુલ નહિ."

રામ પ્રત્યેના અતિશયિત ભક્તિભાવનાં દર્શન કરીને સેવિકાઓના શિર મહાદેવી તરફ સહજ રીતે ઝૂકી ગયાં.

ધનપાળને ભગવાન થવું નથી.

સીતાને રામ થવું નથી.

અને પેલા રામના પરમ ભક્ત લઘુબંધુ-ભરતની તો વાત જાણો. એણે ય હદ કરી નાંખી છે.

વનમાં કૈકેયીને સાથે લઈ જઈને; તેણીના જ મુખે રામચન્દ્રજીને પાછા અયોધ્યા પધારવાની વિનંતી કરાવી. પણ રામ ટસના મસ ન થતાં વીલે મુખે ભરત અયોધ્યા પાછા ફર્યા. રામચન્દ્રજી વતી રાજ કરવા લાગ્યા. એક દિવસ ભરતને ખબર પડી કે "મોટાભાઈએ ઝાડનાં છાલીયાં વસ્ત્રો ધારણ કર્યાં છે." તરત જ ભરતે પણ રજવાડી ઠાઠના વાઘા ત્યાગીને છાલીઆં વસ્ત્રો ધારણ કર્યાં. ભરતને ખબર પડી કે, "મોટાભાઈ ફળો ઉપર રહે છે." તરત ભરતે પણ તેમ જ કર્યું" ભરતને ખબર પડી કે, "મોટાભાઈ પર્ણકુટિર બનાવીને તેમાં રહે છે." ભરત, માતા કૌશલ્યા પાસે ગયા. પ્રણામાદિ કરીને કહ્યું, "હે મા ! જો તારે મને જીવતો રહેવા દેવો હોય તો મને અયોધ્યાના પરા સ્વરૂપ નન્દિગ્રામમાં રહેવાસ કરવાની રજા આપ. મોટાભાઈ ઝૂંપડે રહે અને હું રાજમહેલમાં રહું એ વાત મારા માટે બિલકુલ સંભવિત નથી."

ક-મને પણ માતા કૌશલ્યાએ રજા આપી. ભરત નંદિગ્રામ ગયા. ત્યાં ઝૂંપડું બનાવીને રહેવા લાગ્યા. રોજ માતા કૌશલ્યા આદિને પાયલાગણ કરવા માટે અને રોજનું કામકાજ કરવા માટે થોડોક સમય તેઓ અયોધ્યામાં આવી જતા.

પણ એક દિ' ઝૂંપડે સૂતેલા ભરત રાતના બે વાગે એકદમ જાગી ગયા. તેમના મનમાં 'લાઈટ' થઈ કે મોટાભાઈ ધરતી ઉપર સૂએ છે એટલે મારાથી- તેમની સમાન કક્ષામાં -ધરતી ઉપર કેવી રીતે સુવાય ? મારે તેમનાથી કાંઈક પણ નીચા સૂવું જોઈએ."

ભરતે શેષ રાત્રિ 'રામ'ના જપમાં વિતાવી. સવારે ધરતીમાં

લંબચોરસ ખાડો તૈયાર કરાવ્યો. તે ખાડામાં તેમણે શયન કરવાનું ચાલુ કર્યું.

કેવી કમાલ છે; આ ભગવાનના દાસોની ! તેઓ ભગવાનની સમાન બનવાનું પણ ઈચ્છતા નથી. તેમને તો સદા ભગવાનના નોકર, ચાકર, દાસ ફરજંદ રહેવામાં જ રસ છે.

જેને ભગવાન વહાલા લાગી જાય તેમની આવી બધી મનોદશાનો આપણે તો તાગ પણ પામી ન શકીએ.

મીરાં કહે છે, "પ્રેમગલી એટલી બધી સાંકડી છે કે તેમાં બે પ્રેમીઓને સમાઈ જવું એ ઘણું મુશ્કેલ કામ બની જાય છે. પણ ગમે તેમ હોય; એ સંકડાશનો આનંદ પણ અપૂર્વ અને અવર્ણનીય હોય છે. જે એને અનુભવે છે એને જ એ વાત સમજાય છે."

"પ્રેમગલી અતિ સાંકડી, તા મેં દો ન સમાય." મીરાંના ય જીવનમાં એવી કોક કાળી વાદળી મનના ગગનમાં ક્યારેક ધસી આવી હશે કે તે વખતે તેના મનમાંથી વિદાય થતાં યોગેશ્વર કૃષ્ણને કકળતા અંતરે કહેવું પડ્યું, "મત જા....જોગી....મત જા.", હે જોગી ! જો તારે જવું જ હોય તો મને જીવતી બાળી નાંખીને જા. "અગનચંદન કી ચિતા જલાવું, અપને તન કો જલા જા."

"જય વીયરાય !" પદો દ્વારા ભક્ત ભગવંતને કહે છે, "તું મોહરાજ સાથેના મારા સંગ્રામમાં, મારા જીવનનો સારથિ છે. જરૂર જય પામજે. હે દેવ ! પાછો ન પડીશ."

કોઈ ભક્ત કહે છે કે, "હું અને મારો વહાલો (હરિ) એટલા બધા નજીક રહીને ચાલતા હોઈએ છીએ કે જરા જરા વારમાં મારો હાથ-સંકોચીને રાખું તો ય-એને અથડાઈ જાય છે. શું કરું ? મારા વહાલાને હું એ રીતે દુઃખી કરું છું; પણ તેમાં સાવ નિરુપાય છું.

"હરિને હીંડતાં લાગે મારો હાથ."

જે પ્રિયતમ હોય તે નિકટતમ હોય જ. એના આશ્લેષની

વચ્ચે નાનકડો મચ્છર પણ પ્રવેશી ન શકે. ગીતાજીના અંતિમ અધ્યાયમાં શ્રીકૃષ્ણ અને અર્જુનના આશ્લેષની દિલધડક વાત કરી છે. બસ અહીં જ માનવજીવનની સફળતાની ઈતિશ્રી આવી જાય છે.

જે પ્રિયતમ તે નિકટતમ.

Thou art my dearest; thou art my nearest.

હવે લાખ રૂપિયાનો સવાલ એ છે કે ભગવાન શી રીતે વહાલા લાગતા હશે ?

એનો જવાબ એ છે કે જો સંસાર-તેના તમામ પદાર્થો-દવલા લાગી જાય તો ભગવાનને વહાલા લગાડવામાં જરા ય મુશ્કેલી નથી. સંસારના દેહ વગેરે પરપદાર્થોની આસક્તિ જ ભગવાન પ્રત્યે વહાલ પેદા કરી શકતા નથી. સબરસ અને હરિરસ બે સાથે સંભવી શકતા નથી.

કાં સત્સંગથી સંસાર દવલો લાગે કાં દગો, વિશ્વાસઘાત, જૂઠ, હિંસા, અન્યાય વગેરેની સંસારમાં અનુભૂતિ થતાં-અખાની જેમ-સંસાર દવલો લાગી જાય. જેવો સંસાર દવલો લાગે કે તરત તેના બીજા છેડે રહેલા ભગવાન વહાલા લાગી જાય.

ભગવાન વહાલા લાગવા એ પહેલા નંબરનો આરાધકભાવ. આ 'નામહરિ'ની અવસ્થા છે.

અહીં ભગવાનનું અજપાજપ સ્મરણ હોય છે.

અહીં ભગવાનની ભક્તિ હોય છે.

અહીં વિરહનાં આંસુ હોય છે.

અહીં આચારાંગ સૂત્રમાં જણાવેલાં ત્રણ સૂત્રોમાંનું **'एस अट्ठे, एस परमट्ठे, सेसे अनट्ठे'** માંના પહેલા સૂત્ર **एस अट्ठे**-આ ભગવાન જ અર્થ છે : સુંદર છે : આમાં જ મારું 'શિવં, સુન્દરમ' છે. એવી ચિંતનની જીવંતતા ઉત્પન્ન થાય છે.

જ્યારે આખું જગત્ આપણને ધિક્કારતું હતું, કાપતું, છેદતું-મારતું હતું ત્યારે ય ભગવાનને તો આપણે વહાલા હતા જ; પણ તો ય આપણો નિસ્તાર ન થયો.

નિસ્તારની શરત આ છે કે, ભગવાન આપણને વહાલા થાય.

શા માટે ભગવાન આપણને વહાલા ન થાય ?

શા માટે ભરતને રામ વહાલા ન થાય ?

શા માટે સીતાને રામ વહાલા ન થાય ?

કેમકે, ભગવાનને, અને રામને આપણે અને ભરત તથા સીતા વહાલા થયા હતા.

દરેક ભગવંતે આપણને દુઃખમુક્ત, દોષમુક્ત, રોગમુક્ત, દુર્ગતિમુક્ત કરવાની ભાવના તીવ્રતાથી ભાવી હતી.

સીતાને વનવાસની આજ્ઞા કર્યા બાદ પસ્તાયેલા રામ જાતે વનમાં સીતાની શોધમાં દોડી ગયા હતા. વૃક્ષોને, નદીઓને, ઝરણાંઓને, શિલાઓને પણ તેમણે સીતા અંગે સવાલો પૂછ્યા હતા.

રામના હૈયે ભરત વસી ગયા હતા; એથીસ્તો 'ભરત ક્ષેત્રે' શબ્દોચ્ચાર કરતાં રામની આંખમાં ભરદ્વાજ ઋષિના આશ્રમ પાસેના તળાવ ઉપર આંસુ ધસી આવ્યાં હતાં.

જો મોટાને નાનો વહાલો થાય તો તેના પ્રસાદરૂપે નાનાને મોટો વહાલો કેમ ન થાય ?

જન્મેલું બાળક લગાતાર મહિનાઓ સુધી ચૂમીઓ ભરતી, આલિંગન કરતી, રમાડતી, ખવડાવતી સ્ત્રી (માતા) સામે ટીકી ટીકીને કેવું જોયા કરતું હોય છે ? પછી એ મમ્મી એને વહાલી થઈ જાય તેમાં શી નવાઈ ? પપ્પાનો નંબર બીજો રહે તેમાં ય શી નવાઈ ?

## (૫) બીજો આરાધકભાવ :
## ભગવાનના વહાલાઓ વહાલા લાગે

**कामये दुःखतप्तानां प्राणिनामार्त्तिनाशनम् ।**
**न त्वहं कामये राज्यं, न स्वर्गं, नापुनर्भवम् ॥**

વિવિધ પ્રકારનાં દુઃખોમાં શેકાતા, બળતા, જળતા સર્વ જીવો સદા માટે દુઃખમુક્ત થઈ જાય એવી એક જ મારી ઇચ્છા છે.

ના...હું રાજ્યનાં વૈભવી સુખોને પામવા ઇચ્છતો નથી; સ્વર્ગને ય ઇચ્છતો નથી, મોક્ષની પણ મને કામના નથી.

**यस्य चित्तं द्रवीभूतं कृपया सर्वजन्तुषु ।**
**किं तेन ज्ञानेन, ध्यानेन, जटाभस्मविलेपनैः ॥**

જીવમાત્ર પ્રત્યે જેનું હૃદય અત્યન્ત કરુણાથી દ્રવી ગયું છે તે આત્માને હવે કયું જ્ઞાન ભણવાની જરૂર છે ? તેને ધ્યાનની પણ શી જરૂર છે ? તેને જટાધારી બનવાની કે ભભૂતિ ચોળવાની પણ શી જરૂર છે ?

**ये केचित् सुखिनो लोके ते सर्वेऽन्यसुखेच्छया ।**
**ये केचित् दुःखिनो लोके ते सर्वे स्वसुखेच्छया ॥**

જેમણે બીજાના સુખની ચિન્તા કરી છે તેઓ જ આ ધરતી ઉપર સાચા અર્થમાં સુખી છે. પોતાના સુખની સ્વાર્થી ચિન્તા કરતા જીવો તો પ્રાયઃ દુઃખી જ જોવા મળશે.

**धर्मस्य तत्त्वं सुस्पष्टं मैत्रीभावविकासनम् ॥**

ધર્મનું પ્રાણતત્ત્વ એકદમ સ્પષ્ટ છે : એ છે ; જીવમાત્ર સાથે મૈત્રીભાવનો ભાવભીનો સંબંધ !

"કોણ પોતાનું ? કોણ પરાયું ? કોણ માત ને તાત !
ઘટઘટમાં એક રામ રમે ત્યાં પરની ક્યાં વાત ?"

પહેલો આરાધકભાવ 'ભક્તિ' સ્વરૂપ છે.

બીજો આરાધકભાવ 'મૈત્રી' સ્વરૂપ છે.

પહેલા આરાધકભાવના સ્વામીની આંખે વિરહનાં આંસુ છે. બીજા આરાધકભાવના સ્વામીની આંખે દુ:ખીઓનાં દુ:ખને જોઈને આંસુ છે.

બીજો આરાધકભાવ એટલે ભગવાનના વહાલાઓ વહાલા લાગે.

જેને ભગવાન વહાલા લાગે એને જો ભગવાન ખૂબ જ વહાલા લાગે તો એનું પરિણામ એ આવીને જ રહે કે તે જીવને ભગવાનના જે વહાલાઓ છે તે પણ તેને વહાલા લાગે.

ભગવાનના વહાલા છે; વિશ્વમાત્રના સર્વ જીવો, ભક્ત જણાતા કે શત્રુ દેખાતા; જૈન કે અજૈન, ભવી કે અભવી : તમામ.

એ સર્વ જીવો જેને વહાલા લાગે તેણે બીજા નંબરનો આરાધકભાવ સાધ્યો ગણાય. તેનો પહેલો આરાધક ભાવ સાચો ગણાય.

આચારાંગ સૂત્રનું બીજું સૂત્ર- **'एस परमट्ठे'** અહીં જીવંત બની જાય છે. ભગવાન જ ખૂબ મહાન છે. (**एस अट्ठे**- ભગવાન મહાન્ છે.) એ ભાવને જે જીવ સ્પર્શે એને માત્ર ભગવાન વહાલા ન લાગે; પણ તેના વહાલાઓ પણ વહાલા લાગે.

કોઈ પુરુષ, એક કન્યાનો પતિ બન્યો. હવે તે કન્યાને તેનો પતિ વહાલો લાગે. પણ જો તે પતિ ખૂબ વહાલો લાગે તો તો તે કન્યાને તે પતિના વહાલા - મા, બાપ, ભાઈ, બેન, તમામ - પણ વહાલા લાગીને જ રહે. હવે તે બધા તે કન્યાના સાસુ, સસરા,

દિયર કે જેઠ, નણંદ વગેરે બને. પિયરનાં માબાપની સેવાને ગૌણ કરીને તે વહુ સાસુ-સસરાની સેવામાં પહેલી લાગી જાય; કેમકે તે તેના વહાલા(પતિ)ના વહાલા છે. '

જૈનોના તીર્થંકરનો જન્મ જ સર્વ જીવો પ્રત્યેની કરુણાભાવના [સર્વ જીવ કરું શાસનરસી]માંથી થયો છે.

એક પણ જીવને તું હણ નહિ. તારી જેમ તે તમામને સુખ પ્રિય છે; દુઃખ અપ્રિય છે : જીવન પ્રિય છે; મરણ અપ્રિય છે. તો કોઈના સુખ કે જીવન છીનવી લેવાનો કે દુઃખ કે મોત બઝાડી દેવાનો તને લગીરે અધિકાર નથી.''

આ છે; તીર્થંકરદેવની ભાવના. આની ઉપર જ તેઓએ ખડી કરી છે; અહિંસા આદિ પાંચ મહાવ્રતોની ઈમારત.

કોઈ પણ જીવની મનથી પણ હિંસા ન કરવાનું; કોઈ પણ જીવને સહેજ પણ તાપ-સંતાપ નહિ આપવાનું તે પરમપિતાએ જગતને પ્રબોધ્યું છે. આ વાત પંચસૂત્રના બીજા-અપરોપતાપ-સૂત્રમાં કરી છે.

ગજબની વાત એ છે કે જ્યાં અન્યદર્શનીઓની નજર પણ પહોંચી નથી એ પૃથ્વી, પાણી, અગ્નિ અને વાયુમાં પણ જીવ-તત્ત્વની હસ્તી તીર્થંકરદેવોએ જાણી છે; આપણને જણાવી છે. તે જીવોને પણ પ્રેમ આપવાની, ત્રાસ કે મોત નહિ આપવાની વાત કરી છે.

જો આખી જીવ-દુનિયાને ભેગી કરવામાં આવે અને ''વિશ્વધર્મ બનવાને લાયક કયો ધર્મ છે ?'' આ સવાલનો જવાબ માંગવામાં આવે-વોટિંગ કરવામાં આવે-તો જૈનધર્મને જ જંગી બહુમતીના મત મળે કેમકે ભૂતમાત્ર [પૃથ્વી, પાણી વગેરે]ની દયા તેણે જ વિચારી છે.

જે પ્રેમ આપે તેનો જીવ જૈનધર્મ વિશ્વના સૂક્ષ્મતમ જીવોને પણ ચાહવાની વાત કરતો હોય તો સકળ જીવસૃષ્ટિ જૈનધર્મ તરફ જ ઝૂકે તેમાં શી નવાઈ ?

પારધિએ ઘાયલ કરેલો હંસ લથડીઆં ખાતો, વૃક્ષ તળે બેઠેલા ગૌતમ બુદ્ધના ખોળે જઈને પડ્યો. પારધિએ આવીને હંસ પોતાનો છે, એવો દાવો કરીને તેની માગણી કરી. બુદ્ધે કહ્યું, "હંસ મારા શરણે આવ્યો છે; માટે મારો છે. છતાં આપણે તેની જ પાસે ન્યાય માંગીએ." આમ કહીને બુદ્ધે હંસને થોડેક દૂર મૂક્યો. પારધિ અને બુદ્ધ દૂર જઈને ઊભાં. આપમેળે હંસ બુદ્ધની પાસે ચાલી આવ્યો. પારધિ ઢીલો પડી ગયો. ગૌતમ બુદ્ધને હંસ સોંપીને ચાલી ગયો.

પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ અને શેષ તમામ જીવસૃષ્ટિ-પશુ, પંખી, માણસ, દેવ અને નારક-તમામ-ની દયા કરવી એ ભગવાનની વહાલી વસ્તુ છે.

દેવચન્દ્રજીએ કહ્યું છે કે, "બધા જીવો સિદ્ધ ભગવાનના સાધર્મિક [સમાન-ધર્મ] જ્ઞાન, દર્શન અને ચારિત્રવાળા છે. ભગવાનના સાધર્મિકોને-વહાલાઓને-શી રીતે શેકાય, ભુંજાય, કપાય, મરાય ? બંધાય, સંતાપાય, તરસ્યા-ભૂખ્યા રખાય ?

જેમને પાંચ ઈન્દ્રિયોનાં ભોગસુખ વહાલાં લાગે છે તે આત્માઓ ભગવાનના વહાલાઓને ઓછે-વત્તે અંશે દુઃખી કરે છે. મારી નાખવા સુધી તૈયાર થઈ જાય છે. આથી જ ભગવાનના ભક્તે એક જગાએ કહ્યું છે કે, "હે ભગવંત, મેં અનેક બદમાસીઓ કરીને તારી છ પ્રકારના જીવોની લીલીછમ વાડીનો કચ્ચરઘાણ બોલાવ્યો છે. હજી પણ એ જ ધંધા કરતો રહું છું.

"છલ મેં કરી છ કાયની, તુજ વાડી વિનાશી." સિદ્ધસેન દિવાકરસૂરિજીએ કહ્યું છે કે, "હે ભગવાન ! પૃથ્વી, પાણી આદિ છ પ્રકારના જીવોનું તેં અમને દર્શન કરાવ્યું; તે દરેક જીવોનું એકથી લગાવીને પાંચ ઈન્દ્રિયો સુધીનું વિભાગીકરણ જે કરીને આપ્યું

એટલાથી જ અમને તો તારી સર્વજ્ઞતા ઉપર પૂર્ણ વિશ્વાસ બેસી ગયો છે. તારી સર્વજ્ઞતાને વિશેષતઃ જાણવા માટે બીજી કોઈ કસોટીની અમારે જરૂર રહી નથી. અમારે તો આટલી જ વાત મોટા ઉત્સવ રૂપ બની ગઈ છે.

**य एव षड्जीवनिकायविस्तरः परैरनालीढपथस्त्वदीयः ।**
**अनेन सर्वज्ञपरीक्षणक्षमाः त्वयि प्रसादोदयसोत्सवाः स्थिताः ॥**

જગત્‌ના સૂક્ષ્મમાં સૂક્ષ્મ જીવને પણ ચાંહવાની વાત તારક તીર્થંકરદેવ સિવાય કોઈએ કરી નથી. કોઈ ઈસ્લામના જ હિતની વાત કરે છે; કોઈ ભારતના જ હિતની વાત કરે છે પણ સમગ્ર બ્રહ્માંડ(ચૌદ રાજલોક)ના સર્વ જીવોના હિતની કોણ વાત કરે છે ? એવો સવાલ જો કોઈ મને પૂછે તો તટસ્થભાવે જણાવું કે માત્ર મહાવીર.

Who shall talk on behalf of the earth ?

Mahavir : Only Mahavir.

ના...... પક્ષપાતભર્યા વલણથી આ વાત નથી. જ્યાં પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુમાં જીવત્વનું જ જેને જ્ઞાન નથી તેઓ શી રીતે એ બધા જીવોને ચાહવાની વાત કરી શકે ?

ભગવાન કહે છે કે તું હર પળે, હર બાબતમાં, હરેક ક્ષેત્રમાં તારા જ સુખદુઃખનો વિચાર ન કર. તું બીજાનો જ વિચાર કર. તારે જે સુખ જોઈતું હોય તે તું બીજાને આપ. તારે દુઃખ જો કાઢવું હોય તો તું બીજાનું તે દુઃખ કાઢ. તું તારી ઉપર કશું ન કર. બીજાની ઉપર જ તે કર. એના પરિણામે તે વસ્તુ તને તો જરૂર (પ્રાયઃ) મળી જશે. તું પ્રેમ આપીશ તો તને પેલા ફ્રાન્સીસની જેમ વરુ તરફથી પ્રેમ જ મળશે. પણ જો તું ધિક્કાર દઈશ તો તને બધા તરફથી ધિક્કાર જ મળશે.

વહાલા ભગવાન કહે છે કે જે મારા વહાલાઓને ચાહતો નથી તે મારા ગમે તેટલા ભજન-કીર્તન કરે તો ય તે ખરેખર તો મને જ ચાહતો નથી. મને જેણે વહાલો કર્યો તેને મારા વહાલાઓ અવશ્ય વહાલા હોય.

આ વાત એકદમ તર્કગમ્ય છે. જીવમાત્રમાં જીવત્વ પણ છે. એટલે કે કર્મયુક્ત હોવાથી બધા જીવ, આપણા જેવા જ જીવ છે. અને કર્મના આવરણની અંદર આપણામાં અને બીજા તમામમાં ભગવાન (શિવ) છુપાએલો છે. માટે આપણે બધા શિવસ્વરૂપ પણ છીએ.

હવે જો આપણે બધા કર્મયુક્ત હોવાથી જીવ છીએ તો કયા જીવ ઉપર ક્રોધ વગેરે કરવાનો રહ્યો ? કર્મનો ગુલામ હું ય કેટલી બધી ભૂલ કરું; બીજા જીવો પણ કેટલી બધી ભૂલો કરે ? એમાં તેમની ઉપર ક્રોધાદિ શી રીતે કરાય ? બધા કાચના ઘરમાં રહીએ છીએ; પછી કોના કાચના ઘર ઉપર પથ્થર મારવાનો ? લાલ આંખ કરવાની ? સહુ કર્મના ગુલામ ! સહુ કર્મની મહેરબાની ઉપર રોટલો રળનાર ! એની જરાક ખફગીમાં ધરતી ઉપર પછડાઈ પડનાર ! કેટલા બધા સમાન ! આમાં કોઈની ઉપર કશો ય દ્વેષ કરવાને અવકાશ જ ક્યાં છે ?

આ સ્થિતિમાં તો બધાએ એકબીજાને પ્રેમ જ કરવો જોઈએ. ચાહવા જ જોઈએ. આ સિવાયની બીજી કોઈ વાત થઈ શકે તેમ નથી.

હેવ જો સહુમાં પડેલું શિવત્વ-ભગવત્ સ્વરૂપ-આપણા ધ્યાનમાં આવી જાય તો તો બહુ મજા થઈ જાય. બધા જીવોમાં આપણને ભગવાન ભગવાન, ભગવાન જ દેખાય.

પૌહારિ બાબાને કૂતરામાં ભગવાન દેખાયા.

રામકૃષ્ણ પરમહંસને, માથુરબાબુએ ગુરુની શીલ-પરીક્ષા કરવા માટે મોકલેલી વેશ્યાઓમાં મા (જગદંબા) દેખાણી. પોતાને ત્રાસ દેનારી વેશ્યા અને ઝનૂની હિન્દુઓમાં કબીરને ભગવાન દેખાયા. આવી અનુભૂતિમાં તો જીવો પ્રેમ કરવા લાયક ન જણાતાં પૂજા કરવા લાયક જ દેખાય.

આથી જ જૈનો 'નમો સિદ્ધાણં' પદ બોલીને વર્તમાનના સકળ જીવોની ભીતરમાં રહેલા ભગવાનને નમસ્કાર કરે છે.

મૂર્તિમાં ભગવાન જોવો એ બહુ કઠિન કામ છે; કેમકે તેમાં વસ્તુતઃ ભગવાનનો આરોપ થયેલો છે. ભગવાન કલ્પવામાં આવ્યા છે. જ્યારે જીવમાં ભગવાનનું દર્શન શરૂ કરવું એ બહુ સહેલું કામ છે; કેમકે જીવમાં ભગવાન [શિવ] ખરેખર છે જ.

ભગવાનને કોઈ શત્રુ હતો જ નહિ; પણ જે કેટલાક જીવોએ શત્રુ તરીકેનું વર્તન કર્યું તેમની ઉપર પણ ભગવાનને કેટલું બધું વહાલ હતું ?

ઝેરની પીચકારીઓ છોડતાં રહીને ભગવાન મહાવીરદેવને ખતમ કરી નાંખવા માટે ખૂંખાર બની ગએલા ચંડકૌશિક સાપને ભગવાને આઠમા દેવલોકની દુનિયાનો સ્વામી બનાવી દીધો ! નરકમાં ધકેલવાની વાત તો ભગવાન વિચારી પણ ન શક્યા.

પોતાની ઉપર તેજોલેશ્યાની આગ છોડીને બાળી મારવાનો યત્ન કરતા ગોશાલકને તેનાં પાપોનું યોગ્ય સમય થતાં - ગૌતમ ગણધર આદિ સાધુઓને મોકલીને - ભાન કરાવીને પરમાત્માએ પશ્ચાત્તાપથી રડતો કરી મૂક્યો. તેને સમ્યગ્દર્શનનું દાન કરીને બારમા દેવલોક ભેગો કરી દીધો !

અરે ! પેલો સંગમ અભવ્ય જીવ હતો. તેને પ્રભુ કશું જ આપી શકે તેમ ન હતા તો તે બદલ તેમની આંખે આંસુ આવી ગયાં ! સંગમે તો પ્રભુને ભારે કષ્ટ આપીને કર્મોનો નાશ કરવામાં

મદદ કરી, પણ એવા એ ઉપકારી ઉપર પોતે કાંઈ જ ઉપકાર કરી શકતા નથી તે બદલ; તથા એણે જે કાળાં કર્મો બાંધ્યાં તેનાં આવનાર અતિ ભયાનક દુઃખોને નજરમાં લાવવાના કારણે પ્રભુની કરુણા દ્રવી ઊઠી ! તે બોલી ઊઠ્યા "અરેરે..... એનું શું થશે ?"

શક્ય હોય તો દુઃખી જીવોનાં દુઃખ દૂર કરવા માટે જે કાંઈ શક્ય હોય તે કરી છૂટવું જોઈએ. ગાંધીજીએ સૂટપેન્ટ ત્યાગ્યા'તા, માઘ કવિએ સર્વસ્વ ત્યાગી દીધું હતું. પ્રભુએ પોતાના અંગે રહેલું એક માત્ર વસ્ત્ર, ગરીબ બ્રાહ્મણને આપી દઈને સર્વસ્વનો ત્યાગ કર્યો હતો.

વર્તમાનકાળમાં સુખી લોકોએ પણ બીજાઓનાં દુઃખ; દૂર કરવા માટે પોતાનું સંર્વસ્વ ત્યાગવું જોઈએ; પણ જો તે ન બની શકે તો છેવટે પોતાનું જીવન તદ્દન સાદું તો બનાવી જ દેવું જોઈએ. તમામ ફેશનો અને વ્યસનોનો તો એક ધડાકે ત્યાગ કરી દેવો જોઈએ. એથી જે બચત થાય તેનો ઉપયોગ દુઃખી અને પાપી જીવોનાં દુઃખ અને પાપ દૂર કરવામાં જ કરી દેવો જોઈએ.

ભગવાન મહાવીરદેવના તો પગે ય આપણાથી ન બેસાય. એમણે તો રેવતી, સુલસા, અંબડ પરિવ્રાજક, સત્યકી, કાકા સુપાર્શ્વ, શ્રેણિક, ઉદાયી, આનંદ શ્રાવક અને મહાશતક શ્રાવક વગેરે-એમ બાર બાર આત્માને તીર્થંકરની પદવીનું દાન કરી દીધું.

જગતમાં ભગવાનના શત્રુ તરીકે ગણાયેલા ગોશાલક, ચંડકૌશિક, શૂલપાણિ વગેરે કેટલાયને સમ્યગ્દર્શન, વિરતિ કે સ્વર્ગાદિનું દાન કર્યું. જ્યારે પેલા સંગમકને અશ્રુનું દાન કર્યું.

ભગવાન એટલે ભગવાન ! એની વાત આપણાથી ન થાય. પણ આજના સુખી અને ધનાઢ્ય લોકોએ ગરીબોને અન્ન, વસ્ત્રાદિનું દાન કરવું જોઈએ, તે માટે છેવટે ફેશન-વ્યસંનોનો તો

સર્વથા ત્યાગ કરી દેવો જોઈએ. કાળઝાળ ગરીબીની સામે ફેશન અને વ્યસનનું જીવન ખુલ્લેઆમ, બેફામપણે જીવવું એના જેવી ગરીબોની ક્રૂર અને ઘાતકી મશ્કરી બીજી કોઈ ન હોઈ શકે.

અને જો કોઈ ધનવાન માણસથી ઉપરમાંનું કશું જ ન થઈ શકે તો છેવટે તેણે આટલું તો કરવું જ જોઈએ. જો તે આટલું ય કરશે તો તેનામાં ય બીજા નંબરનો આરાધકભાવ આવેલો ગણાશે.

જે ભોગસુખોને તે ભોગવતો હોય તે વખતે તેણે મનમાં તે ગરીબો, ભિખારીઓ, ઝૂંપડપટ્ટીવાળાઓ, નિરાધારો, બિમારો વગેરેને નજરમાં લાવવા અને આટલું વિચારવું કે, "મારે તો બધી લીલાલહેર છે પણ એ બધાનું શું થતું હશે ? હું તો એરકન્ડિશન રૂમમાં બેઠો છું. પણ આ વૈશાખ માસની આગ ઝરતી ગરમીમાં માત્ર પાતળા કંતાનના ઓછાયા નીચે રહેલા એ લોકોનું શું થતું હશે ?"

દરેક ભોગમાં, "એમનું શું થતું હશે ?" એ વિચાર આપણા હૃદયને અન્ય જીવો તરફ કૂણું રાખે છે. કઠોર બનવા દેતું નથી. ભગવાનના વહાલાઓ તરફની આટલી પણ સહાનુભૂતિ એ શ્રીમંતોને દુર્ગતિ તરફ ધકેલાતાં અટકાવી દે છે.

ભગવાન મહાવીરદેવે મગધપતિ શ્રેણિક અને પટ્ટરાણી ચેલ્લણાને કહ્યું, "મારા ઉત્કૃષ્ટ ચૌદ હજાર સાધુ ! તેમાં ય ઉત્કૃષ્ટ ધન્નો અણગાર છે." આ સાંભળીને તરત જ રાજારાણી વનમાં ધ્યાનસ્થ રહેલા ધન્નાજીને વંદના કરવા ગયા. મહા માસની કડકડતી ઠંડી હતી ! સૂસવાટાબંધ પવન વાઈ રહ્યો હતો. નદીનાં નીર બરફ થઈ ગયાં હતાં. એવા સમયે એક જ વસ્ત્ર પહેરેલા ખુલ્લા શરીરે ધન્નાજી વગડામાં ધ્યાનસ્થ હતા. એમનું મુખ પ્રસન્નભાવોથી હસુ હસુ થઈ રહ્યું હતું. ઉછળતા ભાવે વંદના કરીને રાજા-રાણી મહેલમાં આવ્યાં.

રાતના સમયે ચાર બ્લેંકેટો ઓઢીને સૂતેલી મહારાણી ચેલ્લણાનો એક અડધો હાથ બ્લેંકેટની બહાર રહેતાં ઠંડીથી થીજી ગયો. એકાએક ઝબકીને જાગેલાં ચેલ્લાણાને તે થીજેલા હાથની વેદના અકારી થઈ પડી. તે વખતે તેને ધન્ના અણગાર યાદ આવી ગયા. તે બોલી ઊઠી, "હાય ! એમનું (આ ઠંડીમાં) શું થતું હશે ?'

ભગવાનના વહાલાઓ જેમને વહાલા લાગી ગયા તેની આંખે - એમની દુઃખમય અવસ્થાની કલ્પનાથી - આંસુ હોય ! તેમને વાતે વાતે આ પ્રશ્ન સતાવતો હોય.

"દુઃખીઓ નજરમાં આવે તો, "એમનું શું થતું હશે ?"

"પાપીઓ નજરમાં આવે તો, "એમનું શું થશે ?"

લંકાનો વિજય મેળવીને સીતાજીને હેમખેમ પામીને અયોધ્યામાં રામ પાછા ફર્યા ત્યારે પશ્ચાત્તાપથી બળતી-જળતી કૈકેયી રામચન્દ્રજીના પગમાં પડીને માફી માંગવા લાગી ત્યારે રામ તેને ઠપકો આપી શક્યા નહિ. ઉપરથી "મા....મા......આ શું કરો છો ? આપનો કોઈ દોષ નથી. આપે તો મારી ઉપર ઘણોબધો ઉપકાર કર્યો છે. આપની કૃપા થઈ તો મને ઘણું ઘણું જાણવા મળ્યું છે."

કૈકેયીના હૃદયને કઠોર શબ્દોથી વીંધી નાંખવામાં રામ અત્યન્ત કાયર હતા. રામ જો તેમ કરે તો મા કૈકેયીને કેટલો બધો ત્રાસ થાય ? તેની કલ્પનાથી રામ ધ્રૂજી ઊઠતા હતા ! હવે એ શી રીતે બીજાને દુઃખી કરે ? બીજાને દુઃખી કરીને પોતે જ દુઃખી બની જતા હોય તો ?

આવું જ શેઠ સુદર્શનના સંબંધમાં બન્યું. પોતાની ઉપર બળાત્કારનો જૂઠો આરોપ મૂકી ચૂકેલી રાણી અભયાના વિષયમાં

જો બધી સાચી વાતનો રાજા પાસે સુદર્શન ઘટસ્ફોટ કરે તો અભયાને સખ્ત સજા થઈ જાય. આથી જ સુદર્શન મૌન રહ્યા. અભયાને દુઃખી કરવા તે ધરાર લાચાર હતા.

કુલીને માર પડતો જોઈને ચેખોવ ધ્રૂસકે રડતા હતા. જાણે કે ખરેખર પોતાના જ બરડે કોઈ હંટરો ફટકારી રહ્યું હોય. ચેખોવે આત્મૌપમ્ય ભાવને જાણે આત્મસાત્ કર્યો હતો.

પોતાને સખ્ત મારીને ભાગી છૂટેલા ચોરોને પકડવાની કારવાહી કરવા તૈયાર થયેલા ભક્તોને રમણ મહર્ષિએ રોક્યા હતા. તેમણે તે ચોરોને પોતાના ભાઈ કહીને કહ્યું હતું કે, ''આપણી જ જીભ; આપણા જ દાંત. હવે જો દાંત ભેગા થઈને જીભને કચડી નાંખે તો શું હથોડી મારીને કંઈ દાંત તોડી નંખાય ?''

કાદવમાં ફસાયેલા ડુક્કરનાં તરફડીઆનું દુઃખ અબ્રાહમ લિંકને જોયું. એ દુઃખી થઈ ગયા. પોતાના દુઃખને દૂર કરવા માટે પણ ડુક્કરને દુઃખમુક્ત કરવાનું અનિવાર્ય હતું. કપડાં બગાડીને પણ એમણે ડુક્કરને કાદવમાંથી બહાર કાઢ્યું.

અન્નિકાપુત્ર આચાર્ય ત્રિશૂળથી વીંધાઈ ગયા. એમને એનું અસહ્ય દુઃખ જરા ય વસમું ન લાગ્યું પણ પોતાના લોહી-માંસના ટુકડા નદીના પાણીમાં પડીને પાણીના જીવોને ત્રાસ આપી રહ્યા હતા તે કારણસર તે ખૂબ ઉદ્વિગ્ન બની ગયા !

પોતાના શરીરની ચામડી ઉતારી નાંખવા માટે રાજાએ મોકલેલા મારાઓને મુનિવર ખંધકે કહ્યું, ''મારું ભલે મોત આવે, પણ તમારા કાર્યમાં તકલીફ ન પડે તે માટે તમે જેમ કહો તેમ ઊભો રહેવા હું તૈયાર છું !''

ઝેર બની ગયેલું તુંબડીનું શાક જો રેતીમાં વિસર્જિત કરાય તો કેટલી બધી કીડીઓ તેને ચોંટીને મરી જાય ! આ ગણિત માંડીને

ધ્રૂજી ગયેલા ધર્મરુચિ અણગારે પોતે જ તે શાક પેટમાં પધરાવી દઈને મોતને વહાલું કરી દીધું !

સાવ બુઢ્ઢો આદમી ! દમથી હાંફતો ! એકેકી ઈંટ ઊંચકીને તેને અન્ય સ્થળે મૂકતો જોઈને શ્રીકૃષ્ણને દયા આવી ગઈ ! હાથી ઉપરથી ઊતરીને જાતે એક ઈંટનું સ્થળાન્તર કરી આપતાં સાથેની સેનાના હજારો માણસોએ-દરેકે-એકેકી ઈંટ ઉપાડી. પેલા બુઝર્ગનું કામ થોડી જ ક્ષણોમાં પતી ગયું !

ભરયૌવનમાં વિધવા બનેલી સ્ત્રીના કરુણ કલ્પાન્તથી ધ્રૂજી ઊઠેલા રાજકુમાર અનંગસેને રાજવૈભવનો ત્યાગ કર્યો. તે વિધવા સ્ત્રીનું ચિત્ત-પરિવર્તન કરવામાં દિવસો સુધી કષ્ટ વેઠ્યું. પણ ના... એમાં પૂરી સફળતા મળવાથી રાજકુમાર અનંગસેનને કષ્ટ, કષ્ટરૂપ ન રહ્યું.

જે બીજાના દુઃખે દુઃખી છે; સુખે સુખી છે તે સજ્જન છે.

બીજાના સુખે (ઉત્કર્ષે) દુઃખી થતો; દુઃખે સુખી થતો માણસ મહાદુર્જન છે.

ભૂલથી મુસ્લિમ કુટુંબમાં જન્મી ગયેલો હશે, રસૂલ ! મોટો થયા બાદ પહેલી વાર જ્યારે પિતાએ બકરી ઈદના દિવસે બકરો હલાલ કરવાનું કામ સોંપ્યું ત્યારે છરાની ધારને ચકમક કરતાં રસૂલે બાજુમાં બાંધેલા બકરાની જે ભયની ભયાનક ધ્રૂજારી જોઈ તેથી તેણે તેને હલાલ કરવાનું માંડી વાળ્યું. આથી ગુસ્સે ભરાયેલા પિતાએ તેને ઘરમાંથી કાઢી મૂક્યો. રસૂલે ઘરત્યાગની સાથે તેવા હિંસક ધર્મનો પણ ત્યાગ કરી દીધો !

પિતાની આજ્ઞાથી રામતીર્થ લાકડાં કાપવા ગયો. પણ વૃક્ષની ડાળી ઉપર ઘા કરતાં જ તે અટકી ગયો ! તેને વનસ્પતિમાં જીવ દેખાયો ! ઘરે પાછા ફરીને પોતાના પગ ઉપર કુહાડો ઝીંકીને વેદનાનો અનુભવ કરવાની તૈયારી કરી ત્યારે પિતાએ તેને વાર્યો.

મહમદ પયગંબરે બહુ જ સાચું કહ્યું છે કે, "કોઈ અનાથ બાળકના દેખતાં તમારા બાળક સાથે તમે પ્યાર કરશો નહિ."

જીવનની ઢળતી સન્ધ્યાના સમયે જૈનધર્મને પામેલા ગૂર્જરેશ્વર કુમારપાળ પોતાના ગુરુ આ. હેમચન્દ્રસૂરિજીના સત્સંગથી કેટલા બધા જીવદયાપ્રતિપાલક બની ગયા હતા !

(૧) પૌષધમાં ચામડી ઉપર એકદમ ચોંટેલા મંકોડાને ખસેડવામાં તેના દેહને નુકસાન થવાની શક્યતા જાણીને ગૂર્જરેશ્વરે એ બધી ચામડી જ ઉતરડી નાંખી. મંકોડો એ ચામડી સાથે સલામત બની ગયો !

(૨) કાશ્મીરનાં સેંકડો તળાવોમાં ખૂબ ફાલ્યોફૂલેલો મત્સ્યોદ્યોગ, કાશ્મીરના નરેશ સાથે મૈત્રીસંબંધ બાંધીને અને હિંસાના વિપાકો દર્શાવતી નારક ચિત્રાવલિનું કાશ્મીર-નરેશને દર્શન કરાવીને ક્રોડો માછલાંની હિંસા કાયમ માટે બંધ કરાવી હતી!

(૩) ગૂર્જરેશ્વરના અગિયાર લાખ ઘોડા હતા. દરેકની પલાણ સાથે પૂંજણી બાંધી હતી. જેના વડે પલાણ પૂંજીને જ ઘોડેસ્વાર તેની ઉપર બેસી શકતો. તમામ ઘોડાને ગાળેલું પાણી પીવડાવવાની વ્યવસ્થા હતી.

(૪) કંટકેશ્વરી દેવીએ માંગેલું માંસ કુમારપાળે ન આપતાં તેણીએ કોપાયમાન થઈને ત્રિશૂલ છાતીએ અડાડીને ગૂર્જરેશ્વરને કોઢ લગાડી દીધો હતો; તો ય ગૂર્જરેશ્વરે મચક આપી ન હતી.

(૫) જૂ મારનારનું ધન લૂંટી લેવાયું હતું.

(૬) 'મારી' શબ્દ હાથે કરીને મશ્કરીમાં બોલનાર સગા બનેવી અર્ણોરાજ ઉપર યુદ્ધ લઈ જઈને તેને સખ્ત સબક શિખવાડ્યો હતો.

સૂક્ષ્મ અહિંસાનું પ્રતિપાદન માત્ર જૈનધર્મમાં છે, એ વાત

અજૈન લોકોને પણ એકમતે સ્વીકારવી પડે છે. આથી જ વિનોબાએ 'જૈનધર્મ મેરી દૃષ્ટિ મેં' નામની લઘુપુસ્તિકામાં જણાવ્યું છે કે, સમગ્ર વિશ્વમાં અબોલ પ્રાણીઓ અને અનાથ ગરીબો ઉપર ક્રૂર હિંસાનું જે તાંડવ ચાલ્યું છે તેને શાન્ત કરવાની તાકાત એક માત્ર જૈનધર્મના અનુયાયીઓમાં-જૈનાચાર્યોમાં - છે. જો તેઓ આ મિશનમાં નિષ્ફળ જશે તો અબોલ અને અનાથોની હિંસાની ચિચિઆરીઓથી ઊભરાઈ ગયેલા ગગનને બીજું તો કોઈ જ શાન્ત કરી શકે તેમ નથી.

વિનોબાની વાત તદ્દન સાચી છે. સાપના સૂપ, તીડનું અથાણું, પતંગીઆની ચટણી, વઘારેલા કરચલાનું છીણ, અજગરનું સામૂહિક ભોજન.... અરે ! કેટલી લાંબી નોંધ આપવી ? જીવસૃષ્ટિનું કોઈ પ્રાણી માનવજાતના સ્વાદના સપાટામાંથી બાકી છૂટ્યું નથી. પાપિષ્ટ લોકોના સારા આરોગ્ય માટે તૈયાર થતી દવાઓની પાછળ કરાતાં પ્રાણીઓ ઉપર ક્રૂરતાભરી રિબામણવાળા પ્રયોગો-જેમાં દર વર્ષે ચાર કરોડ સાઈઠ લાખ પ્રાણીઓને પાણીમાં શેકવા દ્વારા, ઈલેક્ટ્રિક કરંટો દ્વારા, કેન્સર વગેરે રોગો ઉત્પન્ન કરવા દ્વારા, ઉછાળીને પછાડવા દ્વારા, સખ્ત રીતે અંગોને બાંધી રાખવા દ્વારા, રિબાવીને મારી નાખવાં દ્વારા ખતમ કરાય છે.

આ બધું જોઈને જર્મન વૈજ્ઞાનિક મેકિન્સે કહ્યું હતું કે પ્રાણીઓના નિસાસાની હાયમાંથી તૈયાર થએલી દવાઓથી માનવજાતનું આરોગ્ય કદી સુધરે નહિ.

કતલખાનાંઓ, મરઘાં-બતકાં ઉછેર કેન્દ્રો, ક્રોસબ્રીડીંગ દ્વારા કતલખાનાં માટે કરાતું મોટાં માંસલ પ્રાણીઓનું ઉત્પાદન, હૂંડીયામણ માટે કરાતી લાખો ટન માંસની નિકાસ, મોજશોખનાં પ્રસાધનો પાછળ કરાતી જાલીમ હિંસાઓ; કૂકડા, કૂતરા, વરુ વગેરે

પ્રાણીઓની કરાતી ભારે યાતનામય સ્પર્ધાઓ વગેરેથી આ ધરતી ધમધમી ઊઠી છે. એનો જીવલેણ ફટકો કુદરત પણ આખી માનવજાતને આપી રહી છે. હજી વધુ ભયંકર ફટકા આપશે પણ ખરી.

યુદ્ધકીય ખૂનામરકી પણ કાંઈ ઓછી નથી. આખા વિશ્વમાં હાલ પચાસ હજાર એટમબોમ્બ તૈયાર પડ્યા છે. (કોક આત્માનો કોઈ ધર્મ તેમને ફૂટવા દેતો નથી) ઢગલાબંધ વોર-મિસાઈલ્સ તૈયાર થઈ ચૂક્યા છે. માત્ર દસ મિનિટમાં વિશ્વયુદ્ધ પૂરું થઈ જશે. આગામી યુદ્ધમાં પહેલી પાંચ જ મિનિટમાં ત્રણ અબજ માણસો મૃત્યુ પામી જવાની આગાહી થઈ છે.

આવું કાંઈ પણ ન બને તે માટે એટમ-બોમ્બની સામે આતમ-બોમ્બ તૈયાર કરવા પડશે. વોર-મિસાઈલ્સની સામે પીસ-મિસાઈલ્સ ગોઠવવાં પડશે.

બે વિદેશી મહાસત્તાઓએ શેષ બધી સત્તા અને મહાસત્તાઓને સાફ કરી દેવા માટે યુદ્ધો કરાવવાની, માનવસર્જિત ભૂખમરાઓ સર્જવાની, દુકાળો પેદા કરવાની, અતિવૃષ્ટિ કરવાની, દેશદ્રોહીઓ પેદા કરવાની વગેરે ઘણી ઘણી ભેદી નીતિઓ અપનાવી છે; જેનું ગણિત ભૂલ વિના બરોબર આગળ વધી રહ્યું છે. ઈરાન, ઈરાક વગેરે તમામ મુસ્લિમ રાષ્ટ્રો એ મહાસત્તાઓના સર્વનાશી રોલર નીચે આવી ગયા છે, ખતમ થઈ જવા તરફ ધસી રહ્યા છે. ભારત વગેરે દેશો-એની ક્યાંક ક્યાંક પણ રહેલી ધર્મપરાયણતાને કારણે થોડાક ઊગરી ગયા છે.

મહાસત્તાઓની ભયંકર ભીંસને લીધે ભારત જેવો ધન-સમૃદ્ધ દેશ ભિખારી બન્યો છે. બળવાન પ્રજા નિર્માલ્ય બની છે. તીક્ષ્ણ બુદ્ધિ ખતમ થઈ છે. સાવ કુણ્ઠિત બની છે. ઉત્સાહથી ધગધગતી

પ્રજા નિરુત્સાહી અને નિષ્ક્રીય બની છે. આ મહાપ્રજાની ખુમારીની ખુવારી થઈ છે. આથી ચારેબાજુ કારમી ગરીબી, બેકારી, બિમારી, મોંઘવારી અને ગુલામી (પરાવલંબન) જોવા મળે છે. દિવસે દિવસે આ બધામાં પુષ્કળ વધારો થતો જાય છે.

માઘકવિના સમયમાં ભિખારીઓનાં ટોળેટોળાં ભેગાં થયાનો પ્રસંગ, નરસિંહ મહેતાનો કેદારો ગીરવે મૂકવાનો પ્રસંગ, કાશીનરેશનો ભૂખ્યા માણસનો પ્રસંગ તો કોઈ વિસાતમાં ન ગણાય એવા કલહંડીના દસ દસ હજાર કુટુંબોના સતત ભૂખમરાથી માંડીને ઈથોપીઆના પચાસ લાખ માણસોના ભૂખમરાના પ્રસંગ છે. ભૂખને કારણે ભૂલકાંઓને ભૂંજીને ખાઈ જતી માતાઓનો છાપે ચમકેલો પ્રસંગ છે. માનવોની વિષ્ઠામાંથી અનાજના દાણા શોધતાં કલકત્તાનાં ભિખારી બાળકોનો પ્રસંગ છે ! બંધ-ઉપર કામ કરતા મજૂરો સાથે રાતવાસો કરીને બે રૂપિયા લાવવાની દીકરીઓને પ્રેરણા કરતાં એક જ ગામનાં ચાલીસ કુટુંબોનો હૃદયવિદારી પ્રસંગ છે.

જો આવી બધી બાબતોમાં આપણી કોઈ કરુણા નહિ હોય તો એ ગરીબોનું તો જે થવું હશે તે થશે પણ આપણી કરુણા-ભાવનાનું કેવું કરપીણ મોત થશે ? આથી આપણી હાલત-લાંબા ગાળા સુધી - પરલોકમાં કેટલી ભયાનક થશે ?

ભારતની તે સમયની ભયંકર ગરીબી, અજ્ઞાનતા અને પરાવલંબિતાની સ્થિતિથી દ્રવી ઊઠેલા રામકૃષ્ણ પરમહંસે સ્વામી વિવેકાનંદે માંગેલો દીર્ઘકાલીન નિર્વિકલ્પ સમાધિનો પરમાનંદ ઠુકરાવી દીધો હતો ! તેમણે વિવેકાનંદજીને કહ્યું હતું કે, "તારો જન્મ આવા એકલપેટા થવા માટે નથી. તું ભારતનાં અસંખ્ય દુઃખીઓના ઉદ્ધાર માટે જન્મ્યો છે. હું તે જ ઇચ્છું છું."

વિપ્રને વસ્ત્રદાન કરવા દ્વારા ભગવાન મહાવીરદેવે અને

કોઈ ગરીબ જૈને વહોરાવેલું ખાદીનું જાડું વસ્ત્ર પહેરવા દ્વારા કલિકાલસર્વજ્ઞ હેમચન્દ્રસૂરિજીએ જૈનોને ચેતવ્યા છે; અને 'કરુણા'ને સદા જીવંત રાખવા માટે પ્રેરણા કરી છે.

હરિભદ્રસૂરિજીએ દરેક ગ્રન્થની રચનાના અંતે, પોતાની ગ્રન્થરચનાથી ઉત્પન્ન થયેલા પુણ્યબળે જગતના જીવોના સુખની; આરોગ્યની, હિતની ચિન્તા કરી છે.

હવે જો જૈનો સ્વાર્થી બનશે તો ધરતી રસાતાળ થશે.

ભગવાનના વહાલાઓ જેને વહાલા લાગે તેણે નામહરિ નહિ બનતાં (હરિના નામના જપમાં કે તેનાં ભજનકીર્તનોમાં નહિ રહેતાં) કામહરિ બનવું જોઈએ. જગતના જીવોનાં દુઃખ, દારિદ્ર, દોષો અને પાપોને દૂર કરવાના કામમાં જ લાગી જવું જોઇએ. આ હરિનું કામ છે. આવી જ હરિની ઇચ્છા છે. સબૂર ! બીજાનાં દુઃખાદિને દૂર કરવાનું કામ જરા ય સહેલું નથી. એ માટે ધનવાન લોકોને પ્રેરણા કરીને ધન મેળવવું; કાર્યકર માણસ મેળવવા એ ઘણું કઠિન કામ છે. જેમની પાસે પ્રચંડ પુણ્યાઈ હોય તેવા માણસો જ આ કામ કરી શકે. પુણ્યહીન માણસો જો આવી કોઈ પ્રેરણા પણ કરવા જાય તો તેમને ઠપકો સાંભળવો પડે કે ગાળો ખાવી પડે. આવી પ્રચંડ પુણ્યાઈના સ્વામીઓ વિરલ હોય છે માટે જ તેમણે નામહરિ ન કરતાં કામહરિ કરવું જોઇએ.

જૈનશાસ્ત્રમાં જણાવ્યું છે કે જ્યાં સુધી જગતની ભલાઈનું કામ કરતો શિષ્ય તૈયાર ન થાય ત્યાં સુધી અત્યન્ત વૃદ્ધ બનેલા જૈનાચાર્યે એકાન્તમાં જઈને ધ્યાન કરવાની સાધનામાં બેસવું નહિ. તેના માટે તો જગતનું ભલું કરવાનું કામ, જૈન-સંઘના હિતની ચિન્તા કરવી એ જ એ જૈનાચાર્યનો નવકારમન્ત્રનો જપ, અનશનનો તપ કે અરિહંતનું ધ્યાન. હા... એવો સમર્થ ઉત્તરાધિકારી પ્રાપ્ત થઈ જાય તો તે જૈનાચાર્ય જિનકલ્પ વગેરેની કઠોર સાધનાના પંથે જરૂર જઈ શકે.

કેટલાક શક્તિસંપન્ન આત્માઓ પણ જરાક ઉંમર થતાં એકાન્તમાં જઈને સાધનાની વાતો કરવા લાગે છે ત્યારે મને તો મનમાં હસવું આવે છે. એ લોકોને શું જૈનશાસ્ત્રોમાં જણાવેલી ઉપર્યુક્ત બાબતનો ખ્યાલ નહિ હોય ?

શું જગતના ભલા માટે કે જૈનસંઘના હિત માટે મથ્યા કરવું, તેમાં જ રૂચ્યાપચ્યા રહેવું એ પોતે જ એક વિશિષ્ટ કોટિની સાધના નથી શું ? વળી જો તે આત્માઓની શક્તિ આ રસ્તે જ વળવાને સર્જાએલી હોય તો તેમણે તે રસ્તે જ તેને વાળવી ન જોઈએ ? શા માટે બીજા રસ્તે શક્તિને વાળવાનો યત્ન કરીને બે ય બાજુથી લાડુ ગુમાવવાનો ધંધો કરવો જોઈએ ?

કેટલાક ગૃહસ્થ આરાધકોને પણ સાધના કરવાની વાત કરવાની ટેવ પડી હોય છે. કામહરિમાં સમર્થ સાધુઓને પણ તે લોકો નામહરિની સાધનામાં બેસી જવાનો મહિમા સમજાવતા હોય છે. આવું કામ કરતાં તે ગૃહસ્થો જૈનસંઘનું અને વિશ્વના જીવોનું કેટલું મોટું અહિત કરતા હશે ?

પણ કાશ ! આ જગતના લોકોને- ખાસ કરીને 'મોટા' લોકોને સલાહ આપવાની ટેવ પડી ગઈ હોય છે. જે માણસ જે કરતો હોય તેના કરતાં કાંક બીજું જ કરવાની સલાહ દેવાની તેમને કુટેવ પડી હોય છે. કોઈ માણસ રોજ પેટ સાફ લાવવા માટે ત્રિફળાનું સેવન કરતો હોય તો તેને પેલા 'મોટા' લોકો હરડેનું સેવન કરવાનું સમજાવશે; અને હરડેવાળાને ત્રિફળાનું સેવન કરવા જણાવશે. પણ આ વડીલ લોકો, બીજા જે કરતા હોય તે 'બરોબર' છે એવું તો કદી કહેશે નહિ. એવું કહે તો તેઓનું વડીલપણું ખતમ થઈ જતું હશે શું ? વસ્તુતઃ જેનો જ્યાં રસ હોય; જેનો જે દિશામાં સહજ રીતે વિકાસ થતો હોય તેને તે તરફ જ વહેવા દેવો જોઈએ.

કામહરિ કરી શકતી વિરલ શક્તિઓને અને પુણ્યાઈને કમસે કમ કારમી દુઃખમયતા, પાપમયતા, હિંસકતા, નાસ્તિકતા, દુરાચારિતાની સ્થિતિમાં તો નામહરિ તરફ કદી વાળવી ન જોઈએ.

હા, કામહરિ કરનારો પરાર્થવ્યસની જીવ અહંકાર, આસક્ત, પક્ષવાદ, વ્યક્તિવાદ, ભ્રષ્ટાચાર આદિ દોષોથી એકદમ પર હોવો જ જોઈએ.

જો તે જીવ તેમાં ક્યાંક ખરડાયો તો અનેકોનું હિત કરવા જતાં તેનું તો દુર્ગતિમાં ગમન નક્કી થઈ જશે. આવી શક્યતા ઘણી વધુ છે પણ ખરી; એટલે જ પોતાને કોઈ પણ પ્રકારની રાગ-દ્વેષની સંક્લિષ્ટ પરિણતિઓ પેદા ન થાય તેની કામહરિવાળાએ સજ્જડ કાળજી લેવી જોઈએ. પોતાનું ખોઈને પારકાનું હિત કરવાની વાત જૈની શૈલીને કોઈ પણ સંયોગમાં-અપવાદ માર્ગે પણ-માન્ય નથી. જ્યાં રાગદ્વેષની તીવ્ર પરિણતિ છે, ત્યાં ધર્મ જ નથી. ત્યાં ધર્મ દેખાય તો તેને ધર્મનો આભાસ સમજવો. કોઈનું હિત થયું દેખાય તો તેને ય આભાસિક હિત સમજવું.

રાગદ્વેષની પરિણતિવાળા પેલા ગરીબોનું સદાવ્રત ચલાવતા સંન્યાસી કેન્સરના મોતે મર્યા. અને એ જ ગામનો કુંભાર કશી પારકી પંચાતમાં પડ્યા વિના આખું જીવન ભજન ગાતો રહ્યો તો પૂર્ણ સમાધિથી મર્યો.

આ ઉપરથી સમજાશે કે 'સ્વ'ની આરાધના કરતાં પરાર્થની આરાધનાનું કાર્ય ઘણું વિકટ છે. એમાં મારો ભક્ત, મારો પક્ષ, મારું નામ, મારી પ્રતિષ્ઠા, પેલો મારો દુશ્મન, બતાડી દઈશ, ઉડાવી દઈશ... વગેરે પ્રકારની રાગાદિની પરિણતિઓને જાગ્રત થવાની સો ટકાની શક્યતા છે.

પણ આ ભયથી ડરી જઈને કામહરિની શક્તિ

ધરાવનારાઓએ પોતાના 'કામહરિ'નો ત્યાગ કદી કરવો નહિ.

કબજિઆતના ભયથી કંઈ ભોજન કરવાનું બંધ કરાતું નથી. જૂ પડવાના ભયથી કંઈ વસ્ત્રો પહેરવાનું બંધ કરાતું નથી.

હરિનું કામ- પરાર્થકરણ-પુણ્યાઈના સ્વામીએ બરોબર કરવાનું અને પોતાને કોઈ પણ પ્રકારની રાગ-દ્વેષની પરિણતિ જાગી ન પડે તેની પૂરતી કાળજી રાખીને તે ભય પાર કરી દેવાનો. આવી સિદ્ધિ પામવા માટે તે આત્માઓએ પોતાના દ્વારા થતાં તમામ કાર્યોને ઈશ્વરની સાથે જોડી દેવાં જોઈએ. "આ બધું પ્રભુ-કૃપાથી થઈ રહ્યું છે. મારો વહાલો જ મને અહીં નિમિત્ત બનાવી રહ્યો છે. તેની જ સર્વત્ર પ્રેરણા છે." આવા ભાવોને હાર્દિક રીતે ખીલવવા જોઈએ. આમ જો કામહરિમાં નામહરિ જોડાઈ જશે તો અહંકાર અને આસક્તિ ખતમ થઈ જશે. એ દોષો ઊભા જ નહિ થઈ શકે. બસ.... પછી કામહરિના સાધકને રાગ-દ્વેષની પરિણતિ જાગવાનો, અને એ દ્વારા પોતાનું જીવન બરબાદ કરવાનો સંભવ જ નહિ રહે.

ચાલો ત્યારે, આપણી પુણ્યાઈને વહાલાના કામમાં જોડીને આપણે કામહરિ બનીએ. જો આપણને આચારાંગ-સૂત્રનું પદ - "एस परमट्ठे" "મને ભગવાન ખૂબ વહાલા છે." હૈયાંસોસરું ઊતરી ગયું હોય તો આપણને વહાલાના વહાલાઓ વહાલા લાગવાના જ છે. એમનાં દુઃખોને કે દોષોને જોઈને આંખે આંસુ-અવારનવાર વહેવાનાં જ છે. એમનું શું થતું હશે ? શું થશે ? એ સવાલ વારંવાર લમણે ઝીંકાવાનો જ છે.

## (૬) ત્રીજો આરાધકભાવ : ભગવાનની વહાલી (શુદ્ધિ) વહાલી લાગે

**अप्पाणमेव जुज्झाहि किं ते जुज्झेण बज्झओ ।**
**अप्पणामेवमप्पाणं जिणित्ता सुहमेहए ॥**
**जो सहस्सं सहस्साणं संगामे दुज्जए जिणे ।**
**एगो जिणेज्ज अप्पाणं एस से परमो जओ ॥** ઉત્તરા. સૂત્ર.

હે આત્મન્ ! હવે તું બહારના ઝઘડાઓ કરવાની લમણાફોડ મૂકી દે. તું તારી અંદર જ યુદ્ધ કર. તારા આત્મા વડે તારા આત્મા સાથે જ તું લડ; અને તેમાં વિજયવંતો બનીને સાચા અર્થમાં સુખી થા.

એક યોદ્ધો દસ લાખ માણસો ઉપર વિજય મેળવે; અને એક સાધક પોતાના આત્મા ઉપર (દોષો ઉપર) વિજય મેળવે ત્યારે તેમાં બીજો વિજય શ્રેષ્ઠ કોટિનો છે. એના જેવો જગતમાં બીજો કોઈ વિજય નથી.

**जह जह दोसा निरुंभिज्झइ, जह जह विसएहिं होई वेरग्गं।**
**तह तह विन्नायव्वं, आसन्नं से अ परमपयं ॥**

હે જીવ ! જેમ જેમ તારા કામ, ક્રોધાદિ દોષો ઉપર તારો કાબૂ આવતો જાય, જેમ જેમ તને વિષયભોગો તરફ નફરત થતી જાય તેમ તેમ તું સમજજે કે તું તારા મોક્ષની વધુ ને વધુ નજીક થઈ રહ્યો છે.

**मिथ्यादृष्टिसहस्त्राभ्यो वरमेको जिनाश्रयी ।**
**जिनाश्रयिसहस्त्रेभ्यो वरमेको गुणव्रती ॥**
**गुणव्रतिसहस्त्रेभ्यो वरमेको महाव्रती ।**
**महाव्रतिसहस्त्रेभ्यो वरमेको जिनेश्वरः ॥** શ્રાદ્ધવિધિ ટીકા.

એક હજાર મંદમિથ્યાત્વીની ભૂમિકામાં રહેલા દયા, દાનાદિની

પ્રવૃત્તિ કરનારા જીવો કરતાં એક જ સમ્યગ્દષ્ટિની શુદ્ધિ વધુ હોય છે. એક હજાર સમ્યગ્દષ્ટિ આત્માઓના જિનપૂજાદિ સુંદર ધર્મો કરતાં એક જ દેશવિરતિધર શ્રાવકની શુદ્ધિ ચડી જાય છે. એક હજાર શ્રાવક-શ્રાવિકાઓના સામાયિક, પૌષધ વગેરે ધર્મો કરતાં એક સાચા સાધુની એક જ દિવસની નવકારશીની શુદ્ધિ ચડિયાતી બને છે, અને તે બધાં કરતાં તારક તીર્થંકરદેવની શુદ્ધિની ગુણવત્તાનું તો કોઈ માપ નીકળી શકે તેમ નથી.

**जिनै र्नानुमतं किञ्चिन्निषिद्धं वा न सर्वथा ।**
**कार्यें भाव्यमदम्भेनेत्याज्ञा पारमेश्वरी ।।**

તારક તીર્થંકરદેવોએ કોઈ પણ વસ્તુનું એકાન્તે (hard and fast) વિધાન કર્યું નથી કે એકાન્તે નિષેધ કર્યો નથી. હા, એ આજ્ઞા એકાન્તે કરી છે કે અપવાદ માર્ગનું સેવન કરવું પડે ત્યારે પણ 'હે જીવ! તારે તે વખતે લેશ પણ રાગ કે દ્વેષની અશુદ્ધ પરિણતિને જાગવા દેવી નહિ.''

ત્રીજો આરાધકભાવ એટલે ભગવાનને વહાલામાં વહાલી જે વસ્તુ-શુદ્ધિ- તે ખૂબ વહાલી લાગે.

પહેલો આરાધકભાવ ભક્તિસ્વરૂપ છે.

બીજો આરાધકભાવ મૈત્રીસ્વરૂપ છે.

ત્રીજો આરાધકભાવ શુદ્ધિસ્વરૂપ છે.

પહેલા બે આરાધક-ભાવોની જેમ અહીં પણ આંખે આંસુ તો હોય જ. જેને શુદ્ધિ ખૂબ વહાલી બની છે તે આત્મા જ્યારે ક્યારે પણ રાગાદિભાવોની અશુદ્ધિનો શિકાર બની જાય ત્યારે તરત તેનું અંતર રડી ઊઠે. આંખો આંસુથી છલકાઈ જાય.

બીજા નંબરના આરાધકભાવના સ્વામીના હૈયે જેમ સતત એક વાત ઘૂંટાતી રહે છે, ''એમનું શું થતું હશે ?''

તેમ ત્રીજા નંબરના આરાધકભાવના સ્વામીના હૈયે, અશુદ્ધિનો જરાક પણ સળવળાટ થતાં; તે નહિ ખમાતાં સવાલ ઊભો થઈ જાય કે "મારું શું થશે ?"

શુદ્ધિને પોતાની વહાલી બનાવતો આરાધક બને ત્યાં સુધી અશુદ્ધિને સ્પર્શે જ નહિ, પરન્તુ જો તેમાં ચૂકે તો તેને આ સવાલ થયા વિના રહે નહિ, "હવે મારું પરભવમાં શું થશે ?" જેને આવો સવાલ સતત સતાવે છે તે આત્મા અશુદ્ધિનો કારક હોય તો પણ ત્રીજા નંબરના આરાધકભાવનો સ્વામી છે.

દેવાધિદેવ પરમાત્મા મહાવીરે સાડા બાર વર્ષ સુધી પોતાના આત્મામાં અનંતકાળથી પડેલી તગડી-બનેલી-રાગાદિભાવોની અશુદ્ધિને ખતમ કરી નાંખવા માટે કપરો પુરુષાર્થ કર્યો હતો. પુષ્કળ દુઃખ વેઠ્યા બાદ તે કૃપાળુએ તે અશુદ્ધિનો સર્વથા નાશ કરીને વૈશાખ સુદ દસમના દિવસે જેને પામવા પોતે ખૂબ ઝઝૂમ્યા હતા તે - વીતરાગ અવસ્થાની પૂર્ણ શુદ્ધિ ને હાંસલ કરી હતી. ભગવાનની સૌથી વહાલી ચીજ આ આત્મશુદ્ધિ હતી. એમને રાગાદિની અશુદ્ધ પરિણતિ તરફ જાણે કે ખૂબ ધિક્કાર હતો. અનંતકાલીન સંસારના દુઃખમય, પાપમય, સ્વાર્થમય, રાગમય અને અજ્ઞાનમય પરિભ્રમણમાં મૂળ કારણ તરીકે જેમણે આ અશુદ્ધિને જાણી છે તેમને તેના તરફ ધિક્કાર હોય તેમાં શી નવાઈ? આખા ય બાહ્ય સંસારનું મૂળ આ અશુદ્ધ પરિણતિના આંતર-સંસારમાં પડેલું છે. જેને બાહ્ય સંસાર જુલમગાર લાગી જાય તેને તેનું મૂળ આ આંતર-સંસાર જુલમગાર લાગવો જ જોઈએ. જેવું આ સંવેદન પેદા થાય કે તરત તે આત્મા આ આરાધકભાવનો સ્વામી બની જાય.

આચારાંગ સૂત્રનાં પેલાં ત્રણ સૂત્રો :

एस अट्ठे- અનુભવાય એટલે પહેલો આરાધકભાવ આવે.

एस परमट्ठे-અનુભવાય એટલે બીજો આરાધકભાવ આવે.

सेसे अनट्ठे-અનુભવ થાય એટલે ત્રીજો આરાધકભાવ જામે.

ભગવાનને 'અશુદ્ધિ' સર્વ અનર્થોનું એક માત્ર કારણ જણાઈ હતી. તેથી જ તેમણે તેને ખતમ કરી. એટલું જ નહિ પણ જગતને ત્રીસ વર્ષના ઉપદેશદાનકાળમાં જે કાંઈ બોધ આપ્યો તેનો સાર બે જ વાક્યોમાં આપી દીધો.

(૧) હે જીવો ! તમે બીજાનાં દુઃખો દૂર કરવા તરફ નજર રાખો.

(૨) હે જીવો ! તમે તમારા દોષો દૂર કરવા તરફ નજર રાખો.

ના...એવું ઊંધું કદી ન કરતા કે દુઃખ તમારાં દૂર કરવાનો યત્ન કરો અને દોષ બીજાના...ના...તે બરોબર નથી.

બીજાનાં દુઃખો દૂર કરવાનો યત્ન એ બીજા નંબરનો આરાધકભાવ છે. પોતાના દોષો દૂર કરવાની બાબતમાં સજાગતા એ ત્રીજા નંબરનો આરાધકભાવ છે.

ભગવાનને શુદ્ધિ એટલી વહાલી છે કે ભગવંતે જેટલા ઉત્સર્ગમાર્ગો કહ્યા છે તે તમામ અપવાદમાર્ગો કહ્યા છે. પરન્તુ જે વ્રતમાં અપવાદ સેવવા જતાં રાગાદિની અશુદ્ધ પરિણતિ જાગ્રત થાય તેમ છે, તેમાં તેમણે અપવાદ રૂપે રજા આપી નથી. આ છે; બ્રહ્મચર્યવ્રત. અબ્રહ્મનું સેવન કરતાં રાગાદિની પરિણતિ થયા વિના રહેતી નથી. આથી જ તેમાં અપવાદ રાખેલ નથી. જ્યારે રાગાદિની પરિણતિ સેવ્યા વિના હિંસાદિનું સેવન શક્ય બની શકે છે માટે તેમાં અપવાદમાર્ગ જણાવેલ છે.

ભગવાન કહે છે કે જરૂર પડે તો તું અપવાદ માર્ગનું સેવન કર પણ તે સેવન કરતાં તને રાગ કરવાની તો હું રજા નહિ જ આપું. સાધુને

ફળ લેવાનો મારો નિષેધ છે. ફળો જ મળે તેવા ગામમાં રહેવાનો પ્રસંગ આવી પડે તો છ માસ સુધી ઉપવાસ કરવાની વાત મેં કરી છે. પણ છતાં રોગાદિનાં કારણો ઉપસ્થિત થાય ત્યારે જ તે ફળનું સેવન, અપવાદ માર્ગે કરવાની મારી રજા છે પણ તે વખતે ફળનો રસ પી શકાય; છતાં એ રસમાં રાગ તો નહિ જ થઈ શકે. તેમાં તો મારી રજા નથી જ નથી. છતાં જો રસથી રસ પીધો તો તે મારો બતાડેલો અપવાદ-માર્ગ નહિ બને; તે તો ઉન્માર્ગ જ બની જશે. માર્ગના સેવનમાં કર્મબંધ નહિવત્ છે. ઉન્માર્ગના સેવનમાં પુષ્કળ કર્મબંધ છે.

લીલીછમ વનસ્પતિને અડવામાં ય પાપ છે; છતાં શૌચની તીવ્ર શંકા થઈ હોય તો અપવાદમાર્ગે તેની ઉપર બેસવાની મારી રજા છે; પણ તે વખતે આત્મશુદ્ધિ હણાઈ ન જાય તે માટે કલ્પના કરવી કે, હું ધર્માસ્તિકાયની ઉપર બેઠો છું.

ગમે તેમ કરીને પણ આત્માને રાગાદિ પરિણતિથી અશુદ્ધ થવા દેવો નહિ એવી એક જ-એકાન્તે- ભગવાનની આજ્ઞા છે. કેમ કે શુદ્ધિ એ ભગવાનની સૌથી વહાલી વસ્તુ છે.

જેમ જેમ શુદ્ધિ વધતી જાય તેમ તેમ તેના by product તરીકે પુણ્યાઈ પુષ્કળ વધતી જાય. પૂર્વે જણાવેલા શ્લોક મુજબ માનવતાના દયા-દાનાદિ ધર્મો, સમ્યગ્દૃષ્ટિના જિનપૂજાદિ ધર્મો, શ્રાવકના સામાયિકાદિ ધર્મો, સાધુના મહાવ્રત પાલનાદિ ધર્મો ઉત્તરોત્તર એકદમ ચડિયાતા છે. એમની શુદ્ધિ કે પુણ્યાઈ ઉત્તરોત્તર વધુ ને વધુ ઉત્કૃષ્ટ બનતી જાય છે. નીચેની ઢગલાબંધ શુદ્ધિ કે પુણ્યાઈથી જે પરદુઃખનાશ કે સ્વદોષનાશ ન થઈ શકે તે બધું ઉપરની કક્ષાની નાનકડી શુદ્ધિ કે પુણ્યાઈથી થઈ જાય. આથી જ સ્વ-પર કલ્યાણના કામી આત્માઓએ નીચેની કક્ષાના જીવો ઉપર, હેરાન થઈ જઈને શુદ્ધિ લાવવાના પ્રયત્નો કરવા કરતાં ઉપર

ઉપરની કક્ષાના જીવોને જ ધ્યાનમાં લેવા જોઈએ. આમાં ઓછી મહેનતે ઘણું પરિણામ હાંસલ થઈ શકે છે. સ્વપર-કલ્યાણકામી મુનિઓને આ નીતિ અપનાવવામાં માઈક વગેરે સાધનોના ઉપયોગ દ્વારા મર્યાદા ઉલ્લંઘવાનો પ્રશ્ન પણ આવતો નથી; કેમકે ઉપરની કક્ષાઓના જીવો સંખ્યામાં ઘટતા જતા હોય છે.

સર્વવિરતિધર લાખો મુનિઓની શુદ્ધિ કરતાં પણ તારક તીર્થંકરદેવની શુદ્ધિ અનંતગુણ પ્રબળ હોય છે. એમની પુણ્યાઈનો ઉત્કર્ષ કલ્પી ન શકાય તેટલો મહાન હોય છે. પોતાના જીવનમાં સાધના કરીને જ્યારે તેમણે જ શુદ્ધિ અને તેના by product તરીકે પુણ્યાઈને સ્વ-પર કલ્યાણકારિતા માટેનું પ્રબળ સાધન જાહેર કર્યું છે ત્યારે આપણી પણ હવે એ જ ફરજ થઈ પડે છે કે આપણા હૈયે પણ જો સ્વ-પર કલ્યાણની સાચી ભાવના હોય તો આપણે એ જ શુદ્ધિને હાંસલ કરવાના પ્રયત્નમાં પૂરા લાગી જવું જોઈએ.

કોઈ અંગ્રેજે કહ્યું છે કે એક જ માણસની ઉત્કૃષ્ટ શુદ્ધિ (અને પુણ્યાઈ) આખા જગતનું હિત કરવામાં, યુદ્ધોને શાન્ત કરવામાં; જીવોને દુઃખ મુક્ત કરવામાં ઘણો મોટો ભાગ ભજવી શકે છે.

One man's purification can save the world.

તારક તીર્થંકરદેવ તરફ દૃષ્ટિપાત કરતાં આ વિચાર એકદમ યથાર્થ બની જતો દેખાય છે.

જો આ જ વાસ્તવિકતા હોય તો આપણે પણ બીજું બધું કરવા કરતાં અથવા બીજાં સારાં કામો કરવાની સાથે સાથે આત્મશુદ્ધિ તરફ જ લક્ષ કેન્દ્રિત કરવું જોઈએ. શુદ્ધિને સતત વધારતા રહેવી જોઈએ.

Raise the hight of purity.

એટમબોમ્બની કાતીલ વિસ્ફોટકતામાં જેનું સૌથી મોટું પ્રદાન છે તે યુરેનિયમ નામની ધાતુ છે. તેમાં રહેલું U 291 નામનું

સૂક્ષ્મતમ તત્ત્વ છે. આ જ તત્ત્વ જગતમાં બહુ મોટો વિસ્ફોટ સર્જે છે.

શુદ્ધિ એ આપણા આત્માનું U 291 છે. તેના દ્વારા જ આપણે ઊંધે રવાડે ચડેલા જગતને સીધા રસ્તે રાતોરાત લાવી શકીએ. બધી હારની બાજી જીતમાં ફેરવી શકીએ. સઘળાં હ્રાસ પામેલાં પ્રાચીન પરંપરાગત આર્ષ-મૂલ્યોની જોતજોતામાં પુનઃપ્રતિષ્ઠા કરી શકીએ. ઘણા બધાને દુઃખમુક્ત અને દોષમુક્ત કરી શકીએ.

એટલે હવે ‘‘લાઠી અને ભેંસ’’નું સૂત્ર દૂર કરીને ‘પલાંઠી (સાધક દશા) એની ભેંસ’ નું સૂત્ર પ્રસારિત કરવું જોઈએ. જગતમાં અશુદ્ધિ હવે એવી પરાકાષ્ઠાએ પહોંચી છે કે તે હવે ત્યાંથી આગળ વધી શકે તેમ નથી. તેને ત્યાંથી પાછા વળ્યે જ છૂટકો છે. એક **extreme**માંથી જ કેટલીક વાર સુખદ અને સાનુકૂળ બીજી **extreme** સર્જાતી હોય છે. ગયો એ, બળવાનોનો, ધનવાનોનો અને છેલ્લો ચાલેલો બુદ્ધિમાનોનો (બુદ્ધિજીવોઓનો) સમય. હવે તો આવી રહ્યો લાગે છે; શુદ્ધિમાનો(પવિત્રો)નો સમય. ધરતી હવે એમના કબજે જશે તેવી મારી ધારણા છે.

એક આત્મામાં અહિંસા-ધર્મની પ્રતિષ્ઠા થાય તો તે પતંજલિએ કહ્યું છે કે તેના સાન્નિધ્યમાં આવતા જીવો અહિંસક બની જાય. બળદેવમુનિ, ધર્મદત્તમુનિ, રમણ મહર્ષિ, સિંહ ગુફાવાસી મુનિ વગેરે આ સત્યના જીવંત દૃષ્ટાન્તો છે.

એક આત્મામાં બ્રહ્મચર્ય-ધર્મની પ્રતિષ્ઠા થાય તો તે આત્માને વીર્ય (ઉલ્લાસ)નો તો લાભ થાય પરન્તુ તેનાથી જીવંત બનેલા વાતાવરણમાં જે કામી માણસો આવી જાય તેમના કામનો પ્રાયઃ ખાત્મો બોલાઈ જાય. ચાર સિંહોને પણ ચાર કૂતરાની જેમ રમાડવાની શક્તિ પેલા હૈદ્રાબાદના સંન્યાસીમાં કેટલી બધી જીવંત બની ગઈ હતી !

"મા ! તેરે કુ કુછ લેકે હી જાના પડેગા" નૈષ્ઠિક બ્રહ્મચારી બિભૂતાનંદજીના શબ્દોએ કામુક બનેલી સ્ત્રીની કામવાસનાને કેવી થિજાવી દીધી હતી ! વજ્રસ્વામીજીના પ્રચંડ બ્રહ્મતેજ સામે રૂકિમણીની કામુકતાએ કેવી ધોબીપછાડ ખાધી હતી !

એક જ આત્મા શુદ્ધ થાય એટલે તે અનેક આત્માઓને શુદ્ધ કરે. એને શુદ્ધિ પામવામાં કદાચ ઘણું કષ્ટ સહવું પડે પણ તેવું કષ્ટ બીજા બધાને સહ્યા વિના જ શુદ્ધિ મળી જાય.

પ્રગટી ગયેલો એક દીવો, બુઝાએલા લાખો દીવાઓને પ્રગટાવી દે: પ્રજવાળી દે. ના...એનું પોતાનું - પેલા ઘઉંના ઢગલાની જેમ - કશું ય ઓછું ન થાય.

દીવો કહે છે; આવો; મને અડો; અને તમે પ્રગટો.

પ્રગટવામાં મને ઘણી મહેનત પડી છે; પણ તમારે તો મને માત્ર સ્પર્શ કરવાનો છે.

આત્મશુદ્ધિ જેવી આ જગતમાં બીજી કોઈ તાકાત નથી. એ શુદ્ધિ સાથે આડલાભરૂપે પુણ્યાઈ પણ ઉત્પન્ન થતી હોય છે. શુદ્ધિ પોતે લઈ લેવાની. પુણ્યાઈ સર્વની દુઃખમુક્તિના કાર્યમાં ફાળવી નાંખવાની તીવ્ર ભાવના ભાવવાની. પેલા અનેક ગ્રન્થોના લેખક હરિભદ્રસૂરિજીની જેમ.

મને વારંવાર ક્રોધાન્ધ બનતી દ્રૌપદીને કહેવાએલા ધર્મરાજ યુધિષ્ઠિરના વિખ્યાત શબ્દોનું વચન ખ્યાલમાં આવે છે : "દ્રૌપદી ! ધર્મ તો મારો સ્વભાવ છે. હું તેનાથી કદી વિચલિત નહિ થાઉં.'

ચાતક પંખી વરસાદી પાણી જ પીએ. ગમે તેટલી તરસ લાગે તો ય ગંગા-નદીનાં પવિત્ર કહેવાતાં જળ પણ તે ન પીએ. પછી ભલે મોત આવો. આવું કેમ કે આ તેનો સ્વભાવ છે.

શુદ્ધિ એ આપણા આત્માનો સ્વભાવ છે.

ચાતક પંખીની જેમ આપણે પણ સ્વભાવમાં રમણ બનવું જોઈએ.

સિંહનું કે સતી સ્ત્રીનું નકલી સ્વરૂપ લઈને પણ જો પેલો ભવાયો તે સ્વરૂપના સ્વભાવને પરિપૂર્ણ વફાદાર રહ્યો. એમાં પ્રાણનો ત્યાગ પણ કર્યો. તો આત્માના અસલી સ્વરૂપમાં જે શુદ્ધિ છે તેને આપણે કેવા વફાદાર રહેવું ઘટે ?

હાથણીનો કળશ પોતાના માથે ઢોળાતાં સાવકી માનાં ત્રાસથી ભિખારી બનેલા રાજકુમારે એક દિ' પોતાના મૂળભૂત સ્વરૂપનું ભાન કર્યું અને તેથી બધી નબળાઈઓ ત્યાગીને રાજકુમાર તરીકેની ખુમારીથી ધમધમી ઊઠ્યો અને તમામ મંત્રી આદિને પોતાને વશ કરી લીધા. આવું આપણા સંબંધમાં કેમ ન બને ? જો શુદ્ધિ જ આપણું સ્વરૂપ હોય તો આપણે તેવી જ ખુમારીથી ધગધગતા બની જઈને તમામ અશુદ્ધિઓને શા માટે ભગાડી મૂકવી ન જોઈએ ?

આપણે સદા આપણી જાતને બ્રહ્મ સ્વરૂપ, સચ્ચિદાનંદ સ્વરૂપ જ જોઈએ; અને એ જ રીતે અનુભવીએ. આપણે બિન્ધાસ્ત બોલીએ.

**'अहं ब्रह्माऽस्मि'**

''હર હાલ મેં મૈં સચ્ચિદાનંદ ચિદાનંદ, ચિદાનંદ હી હૂં.''

ફરી ફરીને આપણે આપણી જાતનું સ્વરૂપભાન કરીએ. તે માટે ફરી ફરીને આપણે આપણને પૂછીએ કે, ''હું કોણ છું ?'' **कोऽहम्।**

છેવટે નક્કી કરીએ કે, ''હું તે છું'' અને છેલ્લે નક્કી કરીએ કે, ''હું બ્રહ્મસ્વરૂપ છું.''

**सोऽहम्**

**अहं ब्रह्माऽस्मि ।**

પેલા બકરાના ટોળે ફસાએલા સિંહના બચ્ચાએ પોતાનો સજાતીય સિંહ જોયો અને તેમાંથી તેને મંથન જાગ્યું કે ''હું કોણ

છું ? બકરું કે સિંહ ?'....છેલ્લે તેને ભાન થયું, "હું સિંહ છું." એમ આપણને ભાન થવું જ ઘટે.

"अहं ब्रह्माडस्मि"

આવી સ્વરૂપ રમણતાની અનુભૂતિની પ્રત્યેક ક્ષણ અકલ્પનીય અશુદ્ધિનો નાશ કરી નાંખે છે. અકલ્પનીય પુણ્યનો બંધ-અનુબંધ ઊભો કરી દે છે.

મહાભારતમાં આવતો કમળ પ્રાપ્તિ અંગેનો પ્રસંગ કે જેમાં કુન્તી અને દ્રૌપદી ધ્યાનસ્થ બનીને શુદ્ધિનું પ્રચંડ ઉત્પાદન કરવા લાગ્યા ત્યારે તેની સાથે જે પુણ્યાઈ ઉત્પન્ન કરી તેણે તેમને આપત્તિમાંથી મુક્ત કરી દીધા !

આવો જ બીજો પ્રસંગ મહાભારતમાં કૃત્યા રાક્ષસીના સંબંધમાં આવે છે.

તો હવે ઘણા બધા પ્રસંગોથી સર્યું. જ્યારે પરદેશી લોકો પણ ભોગાતિરેકના અન્તે કહેવા લાગ્યા છે કે ભોગ વાસનાઓની અશુદ્ધિથી અમે હવે ત્રાસી ગયા છીએ. સર્યું હવે આ વાસનાઓથી!

Enough of this material world.

ત્યારે; જો આરાધકો આરાધનામાં તીવ્રતા લાવે; જો ઉપર ઉપરની કક્ષાઓમાં આરાધકો જતાં જાય; ઉપર ઉપરના આરાધક ભાવોના સ્વામી બનતા જાય; જો તેઓ સર્વવિરતિ ધર્મને સ્વીકારે અને તેમાં ય તીવ્રતા (ભારે ઉલ્લાસ) પેદા કરતા જાય તો તેવા થોડાક પણ આરાધક ભાવવાળા સર્વવિરતિધર મહાત્માઓની શુદ્ધિ અને પુણ્યાઈથી દુ:ખો અને દોષોની ધીકતી ધરા ઉપર જળતી બળતી, ધ્રૂજતી તમામ જીવ રાશિ મહદંશે દુ:ખમુક્ત બને; દોષમુક્ત બને. આખા વિશ્વમાં સાચા અર્થમાં શાન્તિ, પ્રસન્નતા, આબાદી અને સમૃદ્ધિ વ્યાપક બને.

જેણે દુઃખમુક્તિ અને દોષમુક્તિ દ્વારા સ્વ-પર કલ્યાણ વ્યાપકથી પણ વ્યાપક પ્રમાણમાં કરવું હોય તેણે આરાધકભાવ પૂર્વકની ઉલ્લાસમય આરાધનાઓના માર્ગે ચડવું જોઈએ. તેનાથી ઉન્નત થતી શુદ્ધિ અને પુણ્યાઈથી જ સ્વ-પર શ્રેય સંભવિત છે. જો તે શુદ્ધિ અને પુણ્યાઈ ગુણવત્તામાં ઊણી ઊતરી અને સર્વહિત ન કરી શકી તો હવે બીજે, તે માટે ફાંફાં મારવાની કોઈ જરૂર નથી. તેનાથી કશું ઝાઝું સ્વપરહિત થવાનું નથી.

આ છે; શુદ્ધિ-પુષ્ટિના સમ્રાટ તારક તીર્થંકરદેવોના તમામ ઉપદેશામૃતનો સાર.

જિનાજ્ઞાવિરુદ્ધ કાંઈ લખાયું હોય તેનું 'મિચ્છામિ દુક્કડં માંગુ છું.

(તા. ૧૮-૫-૮૯ નડીઆદ ૨૦૪૫, વૈ.સુ. ૧૩સ.)

## તપોવન નં. ૨
## ક્રાન્તિકારી પરિવર્તન
## સાથેનું સાબરમતી પાસે [ ૫ કિ.મી. ] આવેલું

# જીવન જાગૃતિ ટ્રસ્ટ સંચાલિત
# તપોવન - સંસ્કારપીઠ

ગામ-અમીયાપુર, પોસ્ટ સુઘડ, વાયા-ચાંદખેડા,
તા.જી. ગાંધીનગર પિન ૩૮૨ ૪૨૫

સાબરમતીથી પાંચ કિલોમીટરે ગાંધીનગર જવાના હાઈવે રોડ ઉપર આ તપોવન પ્રમાણમાં નાનું રહેશે; કેમકે આ તપોવનમાં બાળકોની બધાં ક્ષેત્રોમાં ગુણવત્તા વધારવાનો અમારો સંકલ્પ છે. નવસારી તપોવનની ઉપર્યુક્ત સઘળી બાબતો ગાંધીનગર તપોવનમાં આમેજ થશે તદુપરાંત કોમ્પ્યુટર-કોર્સ, ટેકનોલૉજી, એકાઉન્ટન્સી વગેરે વિષયો ઉમેરાશે. જેથી બાળકને કૉલેજમાં દાખલ થવાની જરૂર રહેશે નહિ. તપોવનની ખાસ ડિગ્રી તેનો વિકાસ કરશે.

**સ્નાતક સંકુલ :** આ ઉપરાંત જે બાળકો એંસી ટકાથી વધુ માર્કસ મેળવનારા છે તેમાંથી ધો. ૫ થી ૧૨ નાં બાળકોમાંથી ચૂંટીને ૩૦-૩૦ બાળકોને સ્નાતક યોજનામાં લેવાશે. આ યોજના ત્રણ વર્ષનો કોર્સ ધરાવશે. ૩૦ બાળકોને સ્વતંત્ર રહેણાક, ઉત્કૃષ્ટ તાલીમ, ભારતદર્શન વગેરે આપવાનાં હોવાથી તેમનું સ્વતંત્ર સંકુલ તૈયાર થશે. દર ત્રણ વર્ષે ૩૦-૩૦ બાળકોને સ્નાતક બનાવાશે.

સ્નાતકો ૧૨મા ધો. સુધીનો અભ્યાસ તપોવનની શાળામાં કરશે. તેમાં હિન્દી, અંગ્રેજી અને સંસ્કૃતને સુદૃઢ બનાવશે, જેથી તે સ્નાતકો વિશ્વ-પ્રવાસ કરી શકે. જૈન ધર્મનું તત્ત્વજ્ઞાન અને અંગ્રેજીનો અભ્યાસ તેમને અગ્રતાક્રમે અપાશે. વિશ્વમાં પ્રવાસ કરીને આ સ્કૉલરો જૈનધર્મના તત્ત્વજ્ઞાનની મહાનતાઓ ધારાવાહી અંગ્રેજીમાં બતાડી શકશે.

આ ઉપરાંત તેઓમાં ભગતસિંહ, ચન્દ્રશેખર આઝાદ કે વીર સાવરકર જેવી રાષ્ટ્રદાઝ પેદા કરાશે. તેઓ સ્વામી વિવેકાનંદ કે શ્રી વીરચંદ રાઘવજી શાહ જેવા સંસ્કૃતિના વાહકો બનશે. ગૂર્જરેશ્વર કુમારપાળ કે વસ્તુપાળ, તેજપાલ જેવા ધર્મના મશાલચી બનશે.

એવો એક મોટો કાર્યકરગણ તૈયાર કરાશે કે જે આ રીતે રાષ્ટ્ર, ધર્મ અને સંસ્કૃતિના વિવિધ સ્તરોના ચાવી રૂપ સ્થાને બેસીને તેમના પાયા સુદૃઢ કરશે.

દર ત્રણ વર્ષે આવા ૩૦-૩૦ યુવાનો તપોવનમાંથી બહાર પડશે.

વહાલાં બંધુઓ અને બહેનો ! આ ધરતી ઉપર મંડાનારા આ તપોવન-યજ્ઞને તમારા હૃદયમાં સ્થાન આપો. **તમે માત્ર આર્થિક ઔદાર્ય દાખવો, બાકીનું બધું અમે સંભાળી લઈશું.** અમે લોહી - પાણી એક કરીશું, પૂજ્યપાદ ગુરુદેવોના અમને ખૂબ ખૂબ આશિષ છે. એટલે સફળતા મળવા સંબંધમાં અમને કોઈ શંકા નથી.

## તપોવનની આંખે ઊડીને વળગે તેવી વિશેષતાઓ

■ ધો. ૫ થી ૧૨ (ગુજરાતી માધ્યમ) પહેલા વર્ષે ધો. ૫ થી ૮ વાર્ષિક રૂ. દસ હજાર. ફી (આર્થિક રીતે નબળા બાળકોને કન્સેશનની જોગવાઈ). ■ ૬૫ ટકાથી ઓછા માર્કસવાળાને પ્રવેશ નહિ. ■ ૮૦ ટકા માર્કસવાળાને સ્નાતક યોજનાનો ઉત્કૃષ્ટ લાભ. ■ સ્નાતકોને ત્રણ વર્ષ દરમ્યાન વિશિષ્ટ તાલીમ-ઉત્કૃષ્ટ અંગ્રેજી. ■ ધો. ૧૦ અને ૧૨ ની બોર્ડની પરીક્ષા સિવાય ક્યાંય કોઈ પરીક્ષા નહિ. [માત્ર વીકલી ટેસ્ટ] ■ રાષ્ટ્ર સંસ્કૃતિ અને ધર્મ પ્રત્યે દાઝ પેદા કરતાં પુસ્તકોનો ફરજિયાત અભ્યાસક્રમ. ■ સરકારી સ્વાયત્તતા મળે તો તે વિષયના નિષ્ણાત પેન્શનર શિક્ષકો દ્વારા અભ્યાસ. ■ આરોગ્ય માટે ગાયનું શુદ્ધ દૂધ, ઉત્કૃષ્ટ ભોજન, પુષ્કળ રમતોથી શારીરિક શ્રમ. ■ પાયાના ધાર્મિક આચારોનું ચુસ્તપણે પાલન. ■ 'જનરલ-નૉલેજ'ની પ્રાપ્તિ માટેના બહુમુખી કાર્યક્રમો. તે તે વિષયોનાં વક્તવ્યો અને પ્રવાસ.

દાનવીરો ! આપનો ઉદારતાભર્યો આર્થિક સહકાર અમને મળશે તો આશાભરી ઊગતી નવી પેઢીને વ્યસનોના અને વિકૃતિઓના ઘોડાપૂરમાં તણાતી બચાવી લઈશું.

## કમલ પ્રકાશન ટ્રસ્ટ તરફથી બહાર પડતાં પુસ્તકોનાં પ્રાપ્તિસ્થાનો :

**વર્ધમાન સંસ્કૃતિ ધામ**
પ્રભાવતિબેન છગનલાલ સરકાર
સંસ્કૃતિ ભવન, ૬-ધન મેન્શન
અવંતીકાબાઈ ગોખલે સ્ટ્રીટ
ઓપેરા હાઉસ મુંબઈ-૪
ફોન : ૩૮૮૭૬૩૭

**તપોવન સંસ્કારધામ**
પો.ધારાગીરી
તા.નવસારી. (ગુજરાત)
પીન કોડ. ૩૯૬૪૨૪

### ઓફીસ

**કમલ પ્રકાશન ટ્રસ્ટ**
જીવતલાલ પ્રતાપસી સંસ્કૃતિ ભવન
૨૭૭૭, નિશાપોળ
ઝવેરીવાડ, રીલીફ રોડ,
અમદાવાદ-૩૮૦ ૦૦૧
ફોન નંબર : ૩૫૫૮૨૩, ૩૫૬૦૩૩

**અખિલ ભારતીય સંસ્કૃતિ રક્ષક દળ**
ચંદનબેન કેશવલાલ સંસ્કૃતિ ભવન
ગોપીપુરા, સુભાષ ચોક, સુરત.

**અમરશી લક્ષ્મીચંદ કોઠારી**
એસ.ટી. બસ સ્ટેન્ડ પાસે,
શંખેશ્વર, વાયા હારીજ

**જૈન પ્રકાશન મંદિર**
દોશીવાડાની પોળ, કાળુપુર
અમદાવાદ.

વિ[illegible]ઓનાં ભયંકર વાવાઝોડામાંથી
તમારા બાળકોને ઉગારતું

# તપોવન સંસ્કારધામ

**મુંબઈ, અમદાવાદના હાઈવે રોડ ઉપર,**
**નવસારી પાસે, કબીરપોર**
**મુંબઈથી ૨૬૩ કિ. મી., અમદાવાદથી ૨૮૧ કિ.મી**
**નવસારી સ્ટેશનથી (રિક્ષામાં) ૭ કિ.મી**

## દાન યોજના

| | | |
|---|---|---|
| રૂ. | ૭૦૦ | બપોરનો એક દિવસનો નાસ્તો |
| રૂ. | ૨,૦૦૦ | ઉકાળેલા પાણીની એક તિથિ. શેઠ નાનજી ચનાજી (મેરાઉવાળા) |
| રૂ. | ૨,૧૦૦ | બાળકોના જીવનને સર્વ ક્ષેત્રે ઝડપથી વિકસાવવા માટે પ્રભાવનારૂપે એક પ્રભાવક નિધિમાં એક કાયમી તિથિ. |
| રૂ. | ૨,૦૦૦ | એક દિવસનું બાળકોને મિષ્ટાન |
| રૂ. | ૬,૦૦૦ | ભોજનશાળામાં હોલમાં ફોટો... |
| રૂ. | ૧૧,૦૦૦ | સંસ્કાર રક્ષાનિધિ (કાયમી ફંડરૂપે) |
| રૂ. | ૭૦,૦૦૦ | એક બાળકને (વ્યાજમાં) કાયમી ભણવાનો લાભ. |
| રૂ. | ૫૧,૦૦૦ | ગુરુકુળનો એક હોલ. |
| રૂ. | ૧,૦૦,૦૦૦ | ધર્મચક્ર ઉદ્યાનમાં 'જીવનદાતા' તરીકે નામ. |

☛ **આ તમામ રકમો સર્વસાધારણ ખાતે લેવામાં આવશે. જેથી તપોવનના અન્ય કાર્યોમાં પણ વધતી રકમનો ઉપયોગ થઈ શકે.** વધુ રકમની સ્કીમ જાણવા માટે કાર્યકરોને મળો. ઉપરની રકમોમાં વધઘટ થઈ શકે છે. ☛ **'વર્ધમાન સંસ્કૃતિ ધામ'** એ નામનો ચેક કે ડ્રાફ્ટ તપોવન (પો.કબીલપોર, તા. નવસારી, જિ.વલસાડ, ગુજરાત) સરનામે મોકલવો.

**દાનની રકમને કરમુક્તિ (૮૦ G પ્રમાણે) મળે છે.**

બીજા તપોવનની આંખે ઊડીને વળગે તેવી વિશેષતાઓ

*. ધો. ૫ થી ૧૨ (ગુજરાતી માધ્યમ) પહેલા વર્ષે ધો. ૫ થી ૭ વાર્ષિક રૂ. દસ હજાર ફી (આર્થિક રીતે નબળાં બાળકોને કન્સેસનની જોગવાઈ) * ૬૫ ટકાથી ઓછા માર્કસવાળાને પ્રવેશ નહિ. * ધો. ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા સિવાય ક્યાંય કોઈ પરીક્ષા નહિ [માત્ર વીકલી ટેસ્ટ] * રાષ્ટ્ર, સંસ્કૃતિ અને ધર્મ પ્રત્યે દાઝ પેદા કરતાં પુસ્તકોનો ફરજિયાત અભ્યાસક્રમ આરોગ્ય માટે ગાયનું શુદ્ધ દૂધ, ઉત્કૃષ્ટ ભોજન, પુષ્કળ નૉલેજ'ની પ્રાપ્તિ માટેના બહુમુખી કાર્યક્રમો તે તે વિષયોનાં વક્તવ્યો અને પ્રવાસ.

પત્રવ્યવહારનું સરનામું : સંસ્કૃતિભવન, ૨૭૭૭, નિશાપોળ, રિલીફ રોડ, અમદાવાદ-૧. દાનની રકમ જીવન જાગૃતિ ટ્રસ્ટના નામે ચેક કે ડ્રાફ્ટથી આ સરનામે મોકલી શકાશે. કલમ ૮૦ - જી. હેઠળ કરમુક્તિનો લાભ મળશે.

## સાબરમતી પાસે ઉભું થઈ રહેલું બીજું તપોવન

(૧) ધો. ૫, ૬ અને ૭ નો જૂન' ૯૪થી આરંભ

(૨) દરેક ધો.માં પચાસ બાળકો.

(૩) પ્રવેશ ફી : વાર્ષિક દસ હજાર રૂપિયા [બાળકની વિશિષ્ટ તેજસ્વિતા હશે તો જ આ રકમ ઘટાડી શકાશે.] ફી બે હપ્તે આપવાની રહેશે.

(૪) છેલ્લી પરીક્ષામાં ઓછામાં ઓછા ૬૫ ટકા માર્કસ.

(૫) Entrance Exam [45 મિનિટની]માં ઉત્તિર્ણ થાય તેને જ પ્રવેશ.

(૬) ગુજરાતી માધ્યમની આ શાળા છતાં બાળકોના અંગ્રેજીના વિષયમાં ખૂબ વિશેષ લક્ષ.

(૭) દસ રૂ. ભરીને પ્રવેશ ફોર્મ તથા નીતિ-નિયમાવલી નીચેના સરનામેથી આજે જ મેળવો. ફોર્મ ભરીને પરત કરો. પછી જ્યારે Entrance Exam આપવા માટે તમને બોલાવવામાં આવે ત્યારે તમને જણાવાય તે સ્થળે તરત હાજર થવું.

સરનામું :

જી. પ્ર. સંસ્કૃતિ ભવન,
૨૭૭૭, નિશાપોળ ઝવે
અમદાવાદ-૧ ફોન ૩૫૫૮૨૩, ૩૫૬૦૩૩